
આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૧૫/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૨ ● અંક : ૧૧
સળંગ અંક : ૯૮૭
જાન્યુઆરી-૨૦૨૩












શૈક્ષણિક વર્ષ ૨૨- ૨૩નું ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન એસવીએસ કક્ષાનું જે. એન. બાલિકા વિદ્યાલયના યજમાન પદ હેઠળ તારીખ ૧૨/૧૨/૨૦૨૨ના રોજ શાળામાં યોજાઈ ગયું. આ વિજ્ઞાન મેળામાં અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી રોહિતભાઈ ચૌધરી, સાયન્સ સિટીના જનરલ મેનેજર ડૉ. વ્રજેશ પરીખ, વિજ્ઞાન કર્મી શ્રી ધનંજયભાઈ રાવલ, તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી શૈલેષભાઈ બાવા જેવા મહાનુભાવો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વિભાગ-૪ અને વિભાગ-૫માં શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી ગુણવંતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ એસવીએસ કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે



**National children science congress All district level prestation by J.N. Balika Vidyalaya's students Ku. Tanvi And Ku. Arya. A.H.Saraswati Vidyalaya's students vishnu thakor & Jainil also participated in same program at science city Ahmedabad.**




email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૨

સળંગ અંક : ૯૮૭ | જાન્યુઆરી-૨૦૨૩



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


| | |
|---|---|
| પ્રેમનો ભાગ | ઋતુ શાહ / ૪ |
| સંપાદકીય : | જ્યોતીન્દ્ર દવે/ ૫ |
| વાર્તાનું શાસ્ત્ર-૨ | ડૉ. ઈશ્વર પરમાર / ૬ |
| પાઠ્યપુસ્તકોના પાઠના પ્રશ્નો | રતિલાલ બોરીસાગર / ૧૧ |
| સત્યનો અનાદર મોંઘો પડે છે | હરેશ ધોળકિયા / ૧૯ |
| પરમવીર ચક્ર-ભારતીય સૈન્યનું સર્વોચ્ચ સન્માન | અમિતા પાલખીવાલા / ૨૧ |
| શિક્ષકની ચેતના | ડૉ. અરુણ કક્કડ / ૨૬ |
| કસ્તૂરી : પ્રસાદી | હેતલબેન ડી. શાસ્ત્રી / ૩૬ |
| નૈતિકતા - શીખવવાની નહીં, આચરણની પ્રક્રિયા | વિઠ્ઠલ વઘાસિયા / ૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |


***પ્રાર્થના કેવળ આટલી જ...***

**અનેકો સાથેની આનંદભરી રંગરમતમાં હું તને એકને, કોઈ દિવસ ખોઉ નહિ એટલે બસ ! હે અનંતના સ્વામી ! તારી પાસે મારી માત્ર એ એક જ પ્રાર્થના છે.**

**- રવીન્દ્રનાથ**


કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# પ્રેમનો ભાગ

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ એક્વા કૉમ્પ્લેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાનમાં ત્રણ છોકરીઓ ભણવા આવે. ત્રણેય બહેનો. સૌથી નાની રૂચા, વચેટ શિલ્પા, અને સૌથી મોટી નીતા.

એકાદ વર્ષ પહેલાંની વાત. તેમના ઘરમાં ભાઈ આવ્યો. નીતા પેંડા લઈને વિદ્યાદાનના વેન્ચર પર આવી. તેણે ઋતુને પેંડા આપ્યા. ઋતુએ પ્રયોજન પૂછ્યું તો જવાબ મળ્યો કે મારે ભાઈ આવ્યો છે. ઋતુને નવાઈ લાગી. અગિયારમા ધોરણમાં ભણતી છોકરીને ભાઈ આવે તે સહજ ના લાગે. ઋતુને એનાથી વધારે નવાઈ એ વાતે લાગી કે ભાઈ આવ્યો હોવા છતાં ત્રણેય બહેનો ઉદાસ હતી. ખાસ કરીને સૌથી નાની બહેન રૂચા બિલકુલ મૂડમાં નહોતી. ભાઈ જન્મે તો બહેનો રાજી રાજી થઈ જાય. અહીં સ્થિતિ સાવ ઉલ્ટી હતી.

રૂચાનું તે દિવસે ભણવામાં બિલકુલ ધ્યાન નહોતું. શિક્ષક તેને ભણાવતા હતા, પરંતુ તે પોતાની એક નોટમાં લીટીઓ કરતી હતી અને કશુંક ચિતરતી હતી. ઋતુએ આ જોયું. તેણે એક-બે વખત ધ્યાન પણ દોર્યું. જોકે, તેની ખાસ અસર રૂચા પર ન પડી.

ભણવાનો સમય પૂરો થયો એટલે ઋતુએ રૂચાને પોતાની પાસે બોલાવી. નોટ માગીને કહ્યું કે તું નોટમાં શું કરતી હતી ? રૂચાએ કોઈ જવાબ આપ્યો નહીં. ઋતુએ તેની નોટ જોઈ. એક પાના પર રૂચાએ લીટીઓ કરી હતી અને ફૂલ-ઝાડ, પહાડો અને સૂરજ વગેરે દોર્યાં હતાં. એ પાના પર તેણે એક બાળકનું ચિત્ર દોરીને તેના પર ચોકડી મારી હતી.

ઋતુ આખી વાત સમજી ગયાં. પોતાના ઘરમાં ભાઈ આવ્યો તે રૂચાને ગમ્યું નહોતું. ચિત્ર દ્વારા પણ તેણે પોતાનો અણગમો વ્યક્ત કર્યો હતો. ઋતુએ રૂચાને પોતાની પાસે બોલાવી. પ્રેમ, શાંતિ અને ધીરજથી તેની સાથે વાતો કરી.

વાત એવી હતી કે ઘરમાં ભાઈ આવ્યો એટલે માતા-પિતા તેના પર જ ખૂબ ધ્યાન આપતાં હતાં. ભાઈ આવવાનો હતો ત્યારે પણ તેની જ વાતો થતી હતી. ભાઈના આવ્યા પછી ઘરની ત્રણ દીકરીઓ પર કોઈ ધ્યાન આપતું નહોતું. એમાંય આ તો ત્રણ દીકરીઓ પર આવેલો દીકરો. તેનું મહત્વ સવિશેષ જ હોય. પિતા નોકરી પર જતા ત્યારે ફોન કરીને પહેલાં રૂચાની ખબર અંતર પૂછતા. હવે, દીકરાની પૂછવા લાગ્યા.

સાતેક વર્ષની રૂચાના બાળમાનસ પર એવી છાપ પડી કે હવે અમારું કોઈ જ મહત્વ નથી. જે મહત્વ છે તે ભાઈનું છે. જે મહત્વ છે તે દીકરાનું છે. આવી માન્યતાને કારણે રૂચાને ભાઈ ગમતો નહોતો. ઋતુએ તેને સમજાવી. એમ પણ કહ્યું કે તું જ્યારે નાની હશે ત્યારે તને પણ આટલો જ પ્રેમ મળતો હશે. દરેક માતા પિતા માટે તેમનાં સંતાનો એક સમાન હોય છે. કોઈ ભેદભાવ કે પક્ષપાત હોતો નથી. માત્ર એક દિવસમાં આ સમજણની વાત પૂરી ન થઈ. ઋતુએ અલગ અલગ સમયે જુદી જુદી રીતે રૂચા અને તેની બહેનોને આ વાત સમજાવવાનું ચાલુ રાખ્યું. ઋતુ તેમના માતા-પિતાને પણ મળી અને ધ્યાન દોર્યું કે તમારી દીકરીઓ પર, હવે તમે તેમનું ઓછું ધ્યાન રાખો છો તેવી છાપ ન પડે તે જોજો.

વિદ્યાદાન માત્ર એક વેન્ચર પર શિક્ષણ આપતી સંસ્થા નથી. એ તો બાળકોના દય અને તેમનાં માતા-પિતાના માનસ સુધી જઈને પણ પોતાનું કાર્ય કરે છે.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## નવા વર્ષના નવા પડકારો

નૂતન વર્ષ ૨૦૨૩ના વર્ષની સૌને શુભેચ્છા.

ઈસુનું ૨૦૨૨નું વર્ષ સમગ્ર શિક્ષણ જગત માટે પડકાર રૂપ રહ્યું. પાછળના બે વર્ષના શૈક્ષણિક વિરામ પછી ૨૦૨૨ની શરૂઆતથી શિક્ષણ જગત ધબકતું થયું. બે વર્ષના સામૂહિક પ્રમોશનથી જૂન ૨૦૨૨ના નવા શૈક્ષણિક સત્રની શરૂઆત અનેક પ્રશ્નોથી થઈ. અક્ષરજ્ઞાન અને અંક જ્ઞાન વગરનાં બાળકોને ધો. ૨ ૩ નો અભ્યાસક્રમ કેમ શીખવવો તે મોટો પડકાર હતો. લાંબા વિરામ પછી બાળકોને શાળાના વાતાવરણ સાથે જોડવા તે પણ એક સમસ્યા હતી. ઓનલાઈન એજ્યુકેશન અને ઓફલાઈન એજ્યુકેશન ફંગોળાતું રહ્યું. આ તમામ પ્રશ્નો, મૂંઝવણ અને સમસ્યાઓ વચ્ચે શિક્ષણ જગતે આગવો રસ્તો કાઢ્યો અને બાળકોને અભ્યાસ કરતા કર્યા તે એક મોટી સિદ્ધિ છે. આપણે સૌ New Normal થયા તે બદલ અભિનંદન.

વર્ષ ૨૦૨૨ના અંતમાં ફરી વિશ્વભરમાં કોરોનાએ માથું ઊંચું કર્યું છે તે ચિંતાનો વિષય છે. સમગ્ર વિશ્વમાં જુદાજુદા પ્રકારે આવતી મહામારી માટે આપણે જ જવાબદાર છીએ.

સૃષ્ટિમાં તમામ પ્રાણીઓનું અવલોકન કરતાં તેમના નિત્યક્રમો તપાસતાં દરેકમાં એક જ સમાન વસ્તુ જોવા મળે છે કે તેઓ કુદરતને અનુસરે છે અને સ્વાસ્થ્ય ભોગવે છે. કુદરતને અનુસરવાથી કુદરત તેને ઉદાર હાથે સ્વાસ્થ્ય બક્ષે છે. પરંતુ **કુદરતની આ મહાન બક્ષિસનો જો કોઈએ લાભ ન ઉઠાવ્યો હોય તો તે એક માત્ર 'માનવી' જ છે.** માનવી તો ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જન છે. આ કારણે તેની પાસે સંપૂર્ણ સ્વાસ્થ્ય હોવું અપેક્ષિત છે. છતાંય એ હકીકત છે કે માનવી જ અગણિત રોગોથી પીડાઈ રહ્યો છે. આપણી અપ્રાકૃત રહેણીકરણીને કારણે નવા નવા રોગો અને વાયરસ આવતા જાય છે. વર્ષ ૨૦૨૩ની શરૂઆતમાં જ નવા વાયરસે દસ્તક દીધા છે. જે ચિંતાનો વિષય છે.

આપણે સચેત રહેવું પડશે. નવા નવા વાયરસ અને રોગચાળા વચ્ચે જીવતા શીખવું પડશે. આ પડકાર છે, ચિંતા કરે ચાલશે નહીં પણ તૈયાર રહેવું પડશે.

સૌ વિદ્યાર્થી મિત્રો, વાલીઓ અને શિક્ષકગણ નવા વર્ષના નવા પડકારો વચ્ચે શિક્ષણ ખોરવાઈ ન જાય તે માટે પ્રતિબદ્ધ થાય તે જ નવા વર્ષનો સંદેશ. સૌને નૂતનવર્ષની શુભેચ્છા.

**આરોગ્ય વિચાર**

*'ખાવું તો તોળી તોળી, પીવું તો ઘોળી ઘોળી,*
*સૂવું તો રોળી રોળી, એ જ ઓસડ ને એજ ગોળી.'*

*'તમે બાળકને શાળામાં નાસ્તો આપતા હો તો એકાદ ફળ જરૂર આપો. વળી એકાદું કઠોળ અથવા સલાડ હોય તો સારું. બ્રેડ, પનીર અને પેપ્સી કોક ન આપો. તૈયાર પડીકા અને વેફર તેમજ ટીન ફૂડ ક્યારેય ન આપો.'*

# વાર્તાનું શાસ્ત્ર

**લે. ગિજુભાઈ બધેકા (૧૮૮૫-૧૯૩૯)**

**સંક્ષેપક : ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫
મો. ૯૪૨૭૨૮૪૭૪૨
Email : morpinchhdwk@gmail.com

## ૨. વાર્તાની પસંદગી

બાળકોને કેવી વાર્તા કહેવી એ અતિ મહત્ત્વનો પ્રશ્ન છે... વળી વાર્તાઓ પોતે પણ ભિન્ન ભિન્ન પ્રકારની છે... જેમ વાર્તાના પ્રકાર છે તેમ લોકરુચિના પણ પ્રકાર છે; ત્યાં કેવી વાર્તાઓ કહેવી અને કેવી વાર્તાઓ ન કહેવી એ પ્રશ્નનો ઉકેલ કરવો આવશ્યક તેમજ મુશ્કેલ છે. એક વાત તો દીવા જેવી ઉઘાડી છે કે બધી વાર્તાઓ કહેવા યોગ્ય નથી હોતી. અનેકવિધ વાર્તાઓમાંથી કઈ વાર્તાઓ લેવી અને કઈ વાર્તાઓ ન લેવી એનો નિર્ણય કરવાનું કામ ઘણી કુશળતાથી કરવાનું છે.

અહીં આપણે એક બાબતનો વિચાર કરવાનો છે. આપણે બાળકોને વાર્તા કહેવા માગીએ છીએ પણ તે પ્રથમતઃ શુદ્ધ અને નિર્દોષ આનંદ આપવા માટે જ. બેશક,વાર્તાઓ બાળકના જીવનને અનેક રીતે ઘડે છે એ વાત આપણા લક્ષ બહાર જવી ન જોઈએ.વાર્તા શુદ્ધ આનંદ આપે છે તેથી જ તેનામાં બાળકના જીવનને ઘડવાની શક્તિ રહેલી છે. જે વસ્તુ સુંદર છે, મધુર છે, પ્રિય છે, તેની અસર આપણા ઉપર સ્વાભાવિક છે.

સ્વતઃ સુંદર વાર્તાઓ આ રીતે આપણા ઉપર અનેક જાતની અસર જરૂર કરે છે. આમ છે તેથી જ નિર્દોષ આનંદ આપવાનું સાધન કોઈ રીતે અનિષ્ટ ન હોય તેનો વિચાર આપણે કરવો જ જોઈએ. વાર્તામાત્રથી આનંદ આપી શકાય; કારણ કે વાર્તાનો આનંદવિભાગ કળાનો વિષય છે, અને જ્યાં વાર્તાનો કલાવિભાગ યથાર્થ હોય ત્યાં બાળકને જરૂર આનંદ મળવાનો જ. પણ બધી કલાપૂર્ણ વાર્તાઓ હિતાવહ નથી હોતી. આથી જ આપણે વાર્તાઓની પસંદગીની ખટપટ ભાંજગડમાં પડવું પડે છે.

બાળકો માટે વાર્તાઓની પસંદગીના નિયમો બાંધીએ તે પહેલાં આપણે બાળકને, તેની વૃતિને તેમજ તેની દુનિયાને જાણવી જોઈએ. વાર્તાની પસંદગીની દૃષ્ટિએ વિચાર કરીએ તો બાલ્યાવસ્થાની વાર્તાઓ, કુમારાવસ્થાની વાર્તાઓ, યુવાવસ્થાની વાર્તાઓ, પ્રૌઢાવસ્થાની વાર્તાઓ અને વૃદ્ધાવસ્થાની વાર્તાઓ તેમજ સ્ત્રીઓને ગમતી વાર્તાઓ અને પુરુષોને ગમતી વાર્તાઓમાં આપણે ભેદ પાડવો જોઈએ; અને એ ભેદને ધ્યાનમાં રાખીને આપણે બાળકોને કહેવાની વાર્તાઓની પસંદગી કરવી જોઈએ.

વાર્તાઓના ઢગલામાંથી પહેલવહેલાં આપણે અર્થ વિનાની નાની કવિતાઓ ને પછીથી જોડકણાંથી ભરપુર વાર્તાઓ લઈએ. અર્થ વિનાના જોડકણાં બાલજીવનમાં કેવી ચમત્કૃતિ ઉત્પન્ન કરે છે તેનો ખ્યાલ તો જેમને બાલજીવન અને બાળવાર્તાનો સીધો અનુભવ છે તેને જ આવી શકે છે.

*"ચાંદા રે ચાંદા ઘીગોળ માંડા*
*દહીં કે દૂધડી,માખણ ફૂદડી,*
*મારી બેનના મોઢામાં હબૂક પોળી."*
*"કહાણી કહું કૈયા ને સાંભળ મારા છૈયા,*
*એક વાતની વાત ને સવાયાની સાત."*

... આ વાર્તાઓ બાલદુનિયાની છે, બાળક તો પોતાની આસપાસની દુનિયા નવી આંખે નિહાળવા લાગે છે તેથી તેને આવા પ્રકારની વાર્તાઓમાં ભારે રસ આવે છે. આકાશ, પૃથ્વી,પવન, સૂર્ય,ચંદ્ર,પક્ષીઓ, પશુઓ અને ફૂલો બાળકને મન નવાઈની ચીજો છે. આ ચીજોની ગૂંથણી જે વાર્તાઓમાં આવે છે તે વાર્તાઓ સાંભળતાં બાળક તલ્લીન બની જાય છે. બેશક, આ વાર્તાઓ આખે આખી ને તેના સંપૂર્ણ અર્થમાં બાળક સમજે છે માટે તે સાંભળવા પ્રેરાય છે એવું કંઈ નથી. આપણે સમજી શકતાં નથી તેવી જાતના અનુભવો આ દુનિયાનો નવો મહેમાન ક્ષણે ક્ષણે પ્રત્યેક ઇન્દ્રિયગમ્ય વસ્તુ પરત્વે કરે છે; ને જે જે શબ્દોમાં કે શબ્દસમૂહોમાં એ અનુભવોને ભાષા મળે છે ત્યાં ત્યાં બાળકને ચમત્કૃતિ ભાસે છે. આવે પ્રસંગે બાળક

પોતાની ભાષા ઘડવાનો સુંદર લાભ લે છે એ પણ તેના આવી વાર્તાના રસનું કારણ છે. આવી વાર્તાઓને આપણે બાળવાર્તા તરીકે ઓળખીશું. આવી વાર્તાઓમાં ઢંગધડો હોતો નથી, કે તેમાંથી અર્થ થોડો જ નીકળે છે, તેની આપણે ચિંતા કરવાને કારણ નથી. એ વાર્તાઓમાં બાળકની દુનિયાનું પ્રતિબિંબ છે અને બાળક તેમાં રસ લે છે, એટલું જ અત્યારે તો બસ છે.

આ પછીને શ્રેણીમાં વધારે કલ્પિત વાર્તાઓ, અને વાર્તાઓના નામને શોભાવે તેવી વાર્તાઓને સ્થાન મળે છે. કલ્પિત વાર્તાઓમાં ઘણી ઘણી જાતની વાર્તાઓનો સમાવેશ થઈ જાય છે. ઐતિહાસિક અને વૈજ્ઞાનિક વાર્તાઓ સિવાયની બધી વાર્તાઓ કલ્પિત છે.

વળી કલ્પિત વાર્તાઓના બે પ્રકાર છે. જેને આપણે પ્રાણીઓની, કુદરતના બનાવોની, દેવો અને દેવીઓ વગેરેની વાર્તાઓ તરીકે ઓળખીએ છીએ તે કલ્પિત વાર્તાઓનો એક પ્રકાર છે; જ્યારે જે વાર્તાઓમાં મનુષ્યો પાત્ર તરીકે હોય છે તે વાર્તાઓ બીજા પ્રકારમાં આવે છે. સાધારણ રીતે ઐતિહાસિક દંતકથાઓ, ભક્તોની વાતો,વારતહેવારની વાતો, શૂરાઓની વાતો અને ઐતિહાસિક વાતોના પહેલા વર્ગને અંગ્રેજી શબ્દથી ઓળખીએ તો તેને Imaginative Fiction અને બીજા વર્ગને Realistic Fiction નું નામ મળે.

પહેલા વર્ગની કલ્પિત વાર્તાઓમાં હકીકતનું યથાર્થપણું હોતું જ નથી. આ વર્ગની વાતોમાં હકીકત કલ્પિત એટલે કે અસ્તિત્વમાં ન હોય એવી,માત્ર કલ્પનામાંથી જ નીકળેલી હોય છે. પહેલા વર્ગની વાર્તાઓ હકીકતમાં ખોટી હોય છે. પરંતુ ખોટી કે કલ્પિત હકીકત દ્વારા તેમાં સાચા વિચારો ને સાચા આદર્શો હોય છે. આ વર્ગમાં આવતી પરીઓ વગેરે પણ તેમના દ્વારા વ્યક્ત થયેલ ભાવનાઓ અને આદર્શો યથાર્થ હોય છે.

બીજા વર્ગની વાર્તાઓમાં મનુષ્યો પાત્રરૂપે હોય છે. જોકે આ બનાવો કલ્પનાથી ઉપજાવી કાઢેલા હોય છે, છતાં આ બનાવો દુનિયામાં બનતા બનાવો માંહેના જ હોય છે, અને આ બનાવો દ્વારા આવી વાર્તાઓ મનુષ્યોના અનુભવોને વ્યક્ત કરે છે – મનુષ્યના મંથનો, આદર્શો, આચારો તથા ભાવનાઓને પ્રગટ કરે છે.

આ બંને પ્રકારોની વાર્તાઓ બળકોને ગમે છે. ઉક્ત બંને પ્રકારની વાર્તા બાળકોને કહેવામાં કશી હરકત નથી. માત્ર એક જ વિચાર ધ્યાનમાં રહેવો જોઈએ કે આ વાર્તાઓ સ્વતઃ સારી છે અને બીજી રીતે વાંધાભરેલી નથી. આ વાર્તાઓ ખોટી કલ્પિત છે છતાં બાળકના મનને તે એટલી બધી જીવંત ભાસે છે કે બાળક તેનાથી ઘડાય છે. ટૂંકમાં, તેના જીવનમાં પ્રાણનું સિંચન કરે છે.

આવી જાતની વાર્તાઓનો પરીકથાઓનો બાલવિકાસમાં અને તેના ચારિત્ર્યગઠનમાં ઘણો ફાળો છે. કોઈ પણ જાતના નૈતિક ઉપદેશ વિના કે વાર્તાના રહસ્ય તરફ લક્ષ અપાવવાના શિક્ષકના લેશ પણ પ્રયત્ન વિના બાળક પોતાની જાતે જ વાર્તાઓની હકીકતમાંથી ક્યા ગુણો ઉમદા અને ખાનદાની ભરેલા છે, કઈ કઈ બાબતો દુષ્ટ અને નિંદ્ય છે એ સમજી જાય છે.

જે વાર્તાઓ સુંદર છે, જેમાં સાચા વિચારો,આદર્શો અને ભાવના છે , જે વાર્તાઓ કોઈ પણ ઉચ્ચ વસ્તુનો સીધો બોધ નથી કરતી પણ પોતાના દયમાં રહસ્યને ઢાંકીને ઊભેલી છે તે વાર્તાઓ, પછી તે કલ્પિત હોય કે અર્ધસાચી હોય કે ઐતિહાસિક કે દંતકથા રૂપે હોય, તો પણ તેમને કહેવામાં વાંધો નથી.

જેમ બાગમાં જેટલાં ઝાડ હોય છે તેટલા બધાં બાગનાં લાભ માટે કામનાં નથી હોતાં તેમ વાર્તાના સમૂહમાંની બધી વાર્તાઓ બાળકોના કામની નથી હોતી. કેટલીક વાર્તાઓ તો ઘાસ જેવી હોય છે કે જેમને બાગમાંથી નીંદી નાખવી જ જોઈએ – પછી તે પરીની વાત હોય કે ઈતિહાસની વાત હોય, પછી તે વાર્તામાં કલાની અપૂર્વતા હોય કે ભાષાનું ભારેમાં ભારે લાલિત્ય હોય; એવી વાર્તાઓ તો બાળકો પાસે ન જ ધરવી જોઈએ.

પહેલાં તો આપણે અનીતિભરી વાર્તાઓને દેશવટો આપી દઈએ. કઈ વાર્તાઓને અનીતિપ્રેરક ગણવી અને કઈ ન ગણવી તેના નિયમો ઘડવાની કશી જરૂર હોય જ નહીં; એ વાત આપણે સારી પેઠે સમજીએ છીએ.

છતાં આપણી આજની દૃષ્ટિમાં અને ભૂતકાળની દૃષ્ટિમાં, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની દૃષ્ટિમાં

અનીતિપ્રેરક વાર્તાની વ્યાખ્યા સંબંધે દૃષ્ટિકોણ બદલવાનો જ. નીતિના વિષયમાં આજે આપણને જે અત્યંત વિઘાતક લાગે, જે અનિષ્ટ લાગે, તેનું પ્રતિપાદન કરનારી વાર્તાઓ આજે આપણે ન જ કહીએ. જે વાર્તાઓ માણસને નૈતિક બળમાંથી નીચે પાડે તે વાર્તાઓને પણ આપણે છોડી દઈએ.

લગ્નજીવન,પરિણિત જીવન અને વરવહુનાં જીવનની વાતોથી બાળકોને અલગ રાખીએ. એવી જ રીતે આપણે ઠગાઈની વાતોને ધૂતકારી કાઢીએ. એક વખત ઠગાઈ બહાદુરી ગણાતી, એક વખત શિરજોરીથી લૂંટ કરવી બહારવટું એ બહાદુરી ગણાતી. આજનું આપણું માનસ ઠગાઈને બદલે નિર્મળતા માગે છે, બહારવટાને બદલે સુસંપ માગે છે; આ કારણથી આવી વાર્તાઓને આજે સ્થાન નથી.

અનીતિ ભરેલી વાર્તાઓને રજા આપ્યા પછી નીતિ ભરેલી, નીતિના ગુણ ગાતી, નીતિના શિક્ષણ માટે જ ખાસ યોજાયેલી એવી વાર્તાઓનું શું કરવું એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ સંબંધે ‘વાર્તાનું કથન અને નીતિશિક્ષણ’ની વાત કરતી વખતે વિશેષ નિર્દેશ મળશે.

‘એક અડપલો છોકરો જીવો જેનું નામ’ વાળી કવિતામાં નીતિની વાર્તા છે. છોકરાંનો સ્વભાવ જ પૃચ્છક અને શોધક છે. એ સ્વભાવને બાળક અનુસરે છે ત્યારે તેને નીતિના પંડિતો અડપલાં કહે છે. એટલી બાળસ્વભાવના અજ્ઞાનની ભૂલ તો કદાચ માફ કરીએ; પણ ડોસાની ડાબલીમાં શું હશે તે જાણવા માટે, એટલે કે અંદર રહેલ વસ્તુનો ભેદ કળવા માટે, જ્યારે જીવો ડાબલીનું ઢાંકણું ઉઘાડે છે અને તેમાંથી બિચારાની આંખમાં તપખીર ઊડે છે, ત્યારે તે ઊગતી આશાના અને કોમળ બાળકના દુઃખ તરફ સહાનુભૂતિ દર્શાવવાને બદલે કર્કશ નીતિકાર એમ જ કહે છે કે ‘ઠીક જ થયું! એવા અડપલા છોકરાના તો એવા જ હાલ થવા જોઈએ’ — ત્યારે તો આપણને નીતિની વાર્તા ઉપર છેક તિરસ્કાર જ છૂટે.

બાળકની, પોતાના નાક ઉપર ચશ્મા ચડાવી ફરવાની ગમ્મત જોવા જે ભાગ્યશાળી થયા હોય છે તે જ આ સમજી શકે છે. જીવો બિચારો બાપાજીથી બીતો બીતો છાનોમાનો નાકે ચશ્માં ચડાવી નિર્દોષ ગમ્મત લેવા જાય છે ત્યાં તો દયાહીન, લાગણીશૂન્ય નીતિમીમાંસક તેની મજા તો ક્યાં લે, પણ તેનું હડહડતું અપમાન કર, ‘એ તો એ જ લાગનો છે’ એમ કહી તેના ઉપર છેડાઈ પડે છે!

બાળકમાં ખરાબ સ્વભાવ છે તેમાં બાળક જવાબદાર છે. એ સ્વભાવનું કારણ આપણે જ છીએ. એ સ્વભાવ, આપણે આપણા સ્વભાવ અથવા બાળક ઉપર નીતિના આચારોના દબાણ દ્વારા અથવા બાળકના લઈ લીધેલા સ્વાતંત્ર્યના ફળરૂપે એને ભેટ કરેલો છે. છતાં, એવા સ્વભાવને દૂર કરવા માટે ઉપદેશ ભરેલી વાર્તાઓ વાપરવાનું અને તે વડે સ્વભાવ સુધારવાનું થતું સાહસ જોઈ હસવું આવે છે.

ઉપરના પરિચ્છેદ મુજબની ભૂમિકા બાંધ્યા પછી લેખકશ્રી ગિજુભાઈએ અન્ય લેખકની બાળકની વાતોમાં ‘રોતીસૂરત છોકરી’ ‘હસમુખી આનંદી’, ‘બે બહેનોની સરખામણી’ અને આનંદી સ્વભાવ રાખવાના ફાયદાને લંબાણથી લખાયેલ એક વાર્તા ટાંકેલ છે. આ વાર્તાના અંતે વાર્તા સાંભળતાં બાળકોને સંબોધન કરતાં એ વાર્તાના લેખક દ્વારા નીચે મુજબ લખાયું છે :

‘ઓ મારા વહાલાં છોકરાઓ! બોલો હવે તમોને શું ગમે છે? આનંદી જેવા હસમુખા સ્વભાવવાળા થવું ગમે છે કે વહાલી જેવા રોતીસૂરત થવું ગમે છે? જો રોતીસૂરત થવું ગમતું ન હોય તો ખાસ કારણ વિના કદી પણ રોશો મા, પણ હંમેશાં આનંદમાં રહેવાય તેમ કરજો. ’

ગિજુભાઈના મતાનુસાર — ખરું જોતાં રોતીસૂરતને ડૉક્ટર પાસે કે કોઈ માનસશાસ્ત્રી પાસે મોકલવી જોઈએ. લેખકે એને ભારે અન્યાય કર્યો છે. રોતલ સ્વભાવ શારીરિક કે માનસિક રોગનું પરિણામ છે એવી જેમને ખબર છે તેઓ રોતલ બાળક પ્રત્યે સહાનુભૂતિ રાખે છે; આવી રીતે બદબોઈ નિંદા કરતા નથી. જો રોતીસૂરતને સુધારવા માટે આવી વાર્તાનો પ્રયોગ ઉપયુક્ત છે તો પછી આંધળાને અંધાપામાંથી અને લંગડાને અપંગપણામાંથી મુક્ત કરવા તેમની એ ખામીને નિંદે તેવી વાર્તાઓ તેમને શા માટે ન કહેવી?’

બીભત્સરસ ભરેલી વાર્તાઓ ન જ કહેવાવી જોઈએ;

એવી વાર્તાઓ શેરીઓમાં કે મહોલ્લામાં ખરાબ છોકરાઓ ચલાવે છે.નવીનતાને લીધે કે  વિષયમાં સમજણ નહીં પડતી હોય તેને લીધે બાળકો એવી ગંદી વાર્તાઓ સાંભળવા પ્રેરાય છે ને તેથી આત્માની સ્વચ્છતા ઉપર ડાઘા પડી જાય છે. એ ડાઘા ભૂંસવાનું કામ આખી જિંદગી સુધી કરીએ તો પણ પછી એક પણ ડાઘો ખસતો નથી.

જેમાં અશ્લીલતા હોય તેવી વાર્તાઓને આપણે કદી પસંદ ન જ કરીએ એ દેખીતું છે ; પણ ગ્રામ્યતા પ્રાકૃતતા ભરેલી વાર્તાઓની પસંદગી કરવી કે નહીં તે પ્રશ્ન વિચારવા જેવો છે. ગ્રામ્યતા ભરેલી વાર્તાઓને હાંકી કાઢવાની હું હિમાયત ન જ કરું. પણ એટલું જ ધ્યાન રાખવા આગ્રહ કરવાની જરૂર છે કે જે ગ્રામ્યવાર્તાઓ બીજી રીતે નિર્દોષ હોય તો કહી સંભળાવવામાં હરકત નથી. ગ્રામ્યવાર્તાઓ દ્વારા આપણે ઉચ્ચ વિનોદની વાર્તાઓ દાખલ કરવાના પ્રયત્નના વિચારથી જ ગ્રામ્યવાર્તાઓ કહી સંભળાવીએ.

નીતિભરેલી અને ગ્રામ્યવાર્તાઓ કહીએ; પણ નીતિભરેલી વાર્તાઓ વાર્તા ખાતર જ કહીએ; એમાં કળા હોય તો જ કહીએ; એમાં સ્વાભાવિકતા હોય તો જ કહીએ અને ગ્રામ્યવાર્તાઓ પણ ગ્રામ્યતાના રોગમાંથી લોકોને મુક્ત કરવા, તેમજ એ વાર્તાઓમાંથી લોકોને વિનોદ ઉપર લઈ જવા માટે જ કહીએ.

અત્યારે આપણાં બાળકોને ભૂત-પ્રેતની વાર્તાઓ ન જ કહેવી જોઈએ. વાર્તાકથનનો ઉદ્દેશ બાળકોને આનંદ આપવાનો છે. ભૂતપ્રેતાદિની વાતો એવી છે કે જેના શ્રવણથી બાળકોમાં ભયનો સંચાર થાય છે, અને તેથી વાર્તાકથનનો ઉદ્દેશ માર્યો જાય છે. આટલું જ નુકસાન નથી; બાળકો આવી વાતો સાંભળીને કલ્પિત ભયનાં ભોગ બને છે, એ નુકસાન વધારે ગંભીર અને ભયંકર છે.

આથી આપણે બાળકને બીક લાગે એવી વાર્તા ન જ કહીએ. ભય ભરેલી વાર્તા કહેવાથી બાળકની અંદર રહેલ ભયને મારવાને બદલે તેને પોષણ આપવામાં આવે છે. એવી વાર્તા સાંભળવાથી બાળકની તંદુરસ્તી અને મગજ બગડે છે. બીજા ભયથી જે નુકસાન સ્વભાવિક છે તે જ નુકસાન બાળકને વાર્તાના કથનથી થતા ભયથી છે.

નાનપણમાં ભય ભરેલી વાતો સાંભળવાથી બાળક છેક બીકણ થઈ જાય છે. બીકણ થઈ ગયા પછી તેની કલ્પનામાં જ્યાં ને ત્યાં ભય લાગ્યા કરે છે. ભૂતપ્રેતની વાતો બાળકના બુદ્ધિપ્રદેશમાં કલ્પના જ હોવાથી બાળક ગમે ત્યાં ભૂતપ્રેતને કલ્પી શકે છે. આવે વખતે ગોડાર્ડ કહે છે તેમ બાળકો ઝાડો-પેશાબ કરી બેસે છે, કે તેનું કાળજું ધડકવા લાગે છે, કે તેનું મોં સૂકાઈ જાય છે અથવા આખે શરીરે પરસેવો પરસેવો થઈ જાય છે ને ગળામાંથી વાણી નીકળતી નથી.

ડરની વૃતિનો આપણાં બાળકોમાંથી સદંતર નાશ થવો જોઈએ. એમાંય જે વસ્તુથી ડરવા જેવું કશું જ નથી, તે વસ્તુથી તો બાળકો કદી ન ડરે તેવો પ્રબંધ કરવો જોઈએ.

જેમ ભૂતપ્રેતાદિની વાતોનો આપણે વિરોધ કરવાનો છે તેમ જ કામણટૂપણ કે એવી જંત્રમંત્રની વાતોનો પણ આપણે પ્રતિકાર કરવો જોઈએ. આવી વાતો બાળકમાં ભય તો પ્રેરે જ છે, પણ ઉપરાંત તેને વહેમીલું બનાવે છે. જેમ અત્યારે વિજ્ઞાનના ફેલાવાથી આપણે કેટલીક જૂઠી માન્યતાઓથી મુક્ત થયા છીએ, અથવા તેના ભયમાંથી બચી ગયા છીએ.

વાર્તાઓમાં કલ્પિત ભલે હોય; પણ કલ્પનામાં પણ વિવેક, મર્યાદા, નીતિમયતા, સારાસારપણું તો જોઈએ જ. દુષ્ટ માણસોનો વિજય થાય અને ભલા માણસને દુ:ખ વેઠવું પડે, આળસુને વિના શ્રમે વૈભવ મળે ને ઉદ્યમી જીવનભર દરિદ્ર રહે, પ્રામાણિક માણસ મૃત્યુ સુધી હેરાન હેરાન થઈ જાય અને અપ્રામાણિક માણસને કોઈ પણ જાતની શિક્ષા ન થાય, એવી વિચારસરણી જેમાં હોય તેવી વાતો આપણે બાળકોનાં સાહિત્યમાંથી કાઢી નાખવી જોઈએ.

ટૂંકમાં, જે વાર્તા દુષ્ટતા વગેરે માણસની હલકી વૃતિના વિજય ઉપર ભાર મૂકે તે વાર્તા ન જોઈએ. વાર્તામાં અનીતિનો ખુલ્લી રીતે  ઉત્કર્ષ ન થવો જોઈએ. વાર્તાની રચના એવી હોવી જોઈએ કે જેમાં આપણે સદ્‌વૃતિનો પક્ષપાત અને અસદ વસ્તુનો ખુલ્લેખુલ્લો વિરોધ હોય. આ વાતો છેક બાલ્યકાળની અર્થ વિનાની વાતો (Nursery Tales અથવા Nonsense Tales) છે તેને લાગુ ન જ પડે એ દેખીતું છે.

વાર્તાના કથનથી ભાષાજ્ઞાનની વૃદ્ધિ થાય છે પણ ભાષા અને ઘરગથ્થુ બોલી વચ્ચે તફાવત છે. ગમે તેવી ભાષામાં વાર્તા કહીએ તો વાર્તાની અસર ઓછી થાય છે ને વાર્તાનો ઉદ્દેશ માર્યો જાય છે. સુંદર,સુઘટિત, સુવ્યવસ્થિત અને શુધ્ધ ભાષામાં જ વાર્તા કહેવાવી જોઈએ. જેઓને ભાષાનું બરાબર જ્ઞાન નથી તેવાઓના હાથમાં વાર્તાના શરીરને અને આત્માને હાનિ પહોંચે છે. વાર્તાની ભાષામાં સાહિત્યની દૃષ્ટિની અપેક્ષા છે જ; પણ એ અપેક્ષા એટલી બધી ન હોવી જોઈએ કે ગામડાની સ્ત્રી બદલાઈને કેવળ શહેરની રમણી બની જાય! ગામડાની સ્ત્રીનું નૈસર્ગિક સૌંદર્ય અને તેની નિર્વ્યાજતા રહે અને છતાં તે શહેરના સંસ્કારોને ઝીલી શકે તો જ ગામડાની સ્ત્રીને શહેરના સંસ્કારોનો લાભ છે. એમજ વાર્તાને ભાષાના સંસ્કાર લગાડવામાં તેના પ્રાણને ક્ષતિ પહોંચવી ન જોઈએ.

આપણે સુંદરમાં સુંદર ભાષામાં બોલીને ખરાબમાં ખરાબ વાર્તા કહીએ તેનાં કરતાં અશુદ્ધ અને ઓછી વ્યવસ્થિત ભાષામાં પણ સુંદરમાં સુંદર વસ્તુ ભરેલી વાર્તા કહીએ એ સારું છે.

છેવટે એટલું જ જણાવવાનું કે વાર્તાનું શ્રવણ એ એક જાતનો માનસિક ખોરાક છે. જે કાળજી શરીરના ખોરાક માટે આપણે રાખીએ, તે કાળજી મનના ખોરાક માટે આપણે રાખવી જોઈએ. બધી જાતનો ખોરાક હિતાવહ નથી, તેમ બધી જાતની વાર્તાઓ પણ હિતાવહ નથી. માટે જ આપણે વાર્તાની પસંદગીના નિયમો મૂકવા પડે છે.

આપણે પ્રત્યેક વાર્તાને પસંદ કરતી વખતે આપણી જાતને નીચેના ત્રણ પ્રશ્નો પૂછીએ :

(૧) આ વાર્તા બાળકને આનંદ આપશે ?

(૨) આ વાર્તા ભાષાની દૃષ્ટિએ યોગ્ય છે ?

(૩) આ વાર્તા હિતાવહ છે ? એટલે કે પ્રસ્તુત વાર્તાના શ્રવણથી બાળકના જીવનને નિર્દોષ અને તંદુરસ્ત માર્ગ મળશે ?

આ ત્રણ જાતની પરીક્ષામાં જે પસાર થાય તે જ વાર્તા સ્વીકારવાની ઢબ રાખવામાં આવે તો વાર્તાની પસંદગીમાં થોડી જ ભૂલ ખાવાનું રહે.

## પાઠ્યપુસ્તકોના પાઠના પ્રશ્નો

ઉપકારક ને ઉપયોગી એવી પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ સંશોધનની સાથે હાથમાં હાથ રાખીને ચાલતી પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિને અનુવાદ સાથે ગાઢ સહીપણું જોવા મળે છે. સંપાદનપ્રવૃત્તિનું તેજ, મૂળમાં તેની તાકાત તો જ અનુભવાય જો એના મૂળમાં ઉત્કૃષ્ટ કોટિની સાહિત્યિક સૂઝ-સમજ, સમસંવેદન-સ દયતા રહેલાં હોય. વિવેચકનો વિવેક ને સંશોધકની ચીવટ - બેય એમાં અનિવાર્ય. સંપાદનપ્રવૃત્તિ માત્ર શાસ્ત્ર નથી તેમ માત્ર કળાયે નથી. તે વિવેચનની જેમ શાસ્ત્રસખી તેમ કલાસખી છે. જે ભાષાસાહિત્ય વિકાસોન્મુખ છે જ સર્વાંગીણ પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ છે, એ ભાષાસાહિત્યને સંપાદનની ગરજ રહેવાની. સારાં સંપાદનો ભાષા-સાહિત્યની સર્વોચ્ચ સિદ્ધિઓના સુંદર નમૂનાઓ સાહિત્યસમાજ આગળ મૂકી, સાહિત્યના સર્જન-ભાવનને માટે સાનુકૂળ ને પ્રોત્સાહક વાતાવરણ સર્જવામાં ઉપકારક થાય છે. સારાં સંપાદનો સાહિત્યરસિકોનાં સમય, શક્તિ આદિના દુર્વ્યય બચાવી તેમનામાં નરવી સાહિત્યિક રુચિ-સુરુચિ કે સાહિત્યવિવેક ઘડવામાં પણ ઉપયોગી થાય છે. જે ભાષા-સાહિત્યમાં ઉત્તમ સંપાદનો વધુ એ ભાષા-સાહિત્યમાં સર્જન-ભાવન-વિવેચન-સંશોધનાદિનું ખમીર પણ વધુ એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. ઉત્તમ સંપાદનકળા ઉત્તમ સ દયતાની સંકેતક બની રહે છે. ઉત્તમ સંપાદકો સાહિત્યના રસક્ષેત્રના શ્રદ્ધેય માર્ગદર્શકો અને કલાસુંદરી સાહિત્યસુંદરી સાથે આપણો સુમેળ રચી આપનારા સુજ્ઞ પુરોહિતો બની રહે છે. આપણે ઇચ્છીએ કે ગુજરાતી ભાષાસાહિત્યમાંયે ઉત્તમ સર્જકો ભાવકો-વિવેચકો-સંશોધકોની સાથે ઉત્તમ સંપાદકોયે વધો. ભોક્તા વિણ જો કળા નથી, સંપાદક વિના કળાની શ્રેષ્ઠતા-સમર્થતા નથી એમ પણ કહી શકાય.

આપણે ઇચ્છીએ કે ગુજરાતી ભાષા સાહિત્યને એના પરમ સ્નેહી સંપાદકો જમાને જમાને સતત મળતા જ રહો, જેમના ભાષા સાહિત્ય માટેની શુદ્ધિનું જ નહીં, સમૃદ્ધિનુંયે નમૂનેદાર કાર્ય ચાલતું ને વિકસતું રહે.

# પાઠ્યપુસ્તકોના પાઠના પ્રશ્નો

રતિલાલ બોરીસાગર

સંચયલક્ષી સંપાદનોની જેમ પાઠ્યપુસ્તકોમાં પણ કૃતિપાઠ યથાતકથ જળવાય તે જોવાનું હોય છે. પણ જેમ સંચયલક્ષી સંપાદનોની બાબતમાં બને છે તેમ પાઠ્યપુસ્તકોની બાબતમાં પણ પાઠવિચારણા તરફ ઓછું લક્ષ અપાયું છે. સંચયલક્ષી સંપાદનોની જેમ અહીં પણ સંપાદકોનું સઘળું લક્ષ કૃતિપસંદગી પર જ કેન્દ્રિત થયું હોય છે. એ કૃતિના પાઠનો પ્રશ્ન ગૌણ સ્થાને હોય છે. પરિણામે પાઠ્યપુસ્તકોમાં પણ પાઠના કેવા કેવા સંપાદકીય પ્રશ્નો ઊભા થાય છે તે કેટલાંક દૃષ્ટાંતો દ્વારા અહીં સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

૧. મધ્યકાલીન કૃતિઓ પાઠ્યપુસ્તકોમાં લેવાતી હોય છે. ખાસ કરીને, નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ, શામળ, દયારામ જેવા પ્રમુખ કવિઓની રચનાઓ તો લગભગ દરેક પાઠ્યપુસ્તકમાં આવ્યા કરી છે. ભાલણ, ધીરો, પ્રીતમ, રાજે, નિષ્કુળાનંદ, સમયસુંદર વગેરેની કૃતિઓ પણ કોઈ કોઈ વાર લેવાતી રહી છે. પણ આ બધી કૃતિઓના પાઠોમાં જુદાં જુદાં પાઠ્યપુસ્તકોમાં કેટલાક પાઠફેર જોવા મળે છે. આવા પાઠફેરનાં કેટલાંક દૃષ્ટાંતો જોઈએ.

(ક) નરસિંહ મહેતાનું ‘વૈષ્ણવજન’ પદ ‘સાહિત્યરત્ન’ ભાગ-૨, ‘સાહિત્યવિહાર’ ભાગ-૧, ‘સાહિત્યમાધુરી’ ભાગ ૧ તથા ગુજરાતી વાચનમાળા અજમાયશી આવૃત્તિ - ધો. ૮ (શા.પા. પાઠ્યપુસ્તક મંડળ)માં લેવામાં આવ્યું છે. એનાં પાઠાંતરોની વિગતો જોઈએ :

| | | |
|---|---|---|
| - | પરદુ:ખે ઉપકાર કરે | તોયે (શા.પા.પુ.) |
| | સા.વિ., સા.મા. | તોયે |
| | સા.ર. | તોયે |
| - | નિંદા ન કરે કેની રે | (શા.પા.પુ.) |
| | સા.મા. એજન | |
| | સા.ર., સા.વિ. | નિંદા તે ન કરે |
| - | વાચ કાછ મન નિશ્ચળ રાખે | (શા.પા.પુ.) |
| | સા.ર., સા.મા., સા.વિ. | નિશ્ચલ |
| - | સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી | (શા.પા.પુ.) |
| | સા.વિ. અને સા.મા. | એજન |
| | સા.ર. તૃષ્ણા ત્યાગી | |
| - | કુળ એકોતેર તાર્યાં રે | (શા.પા.પુ.) |
| | સા.ર., સા.વિ., સા.મા. | ઈકોતેર |

(ખ) અખાના એક છપ્પાનો શાળા પાઠ્યપુસ્તક મંડળની હાલ અમલમાં રહેલી ગુજરાતી વાચનમાળા-૯માં નીચે પ્રમાણે છે :

- તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાના નાકાં ગયાં, તીરથ ફરી ફરી થાક્યાં તરણ, તોય ન પહોંચ્યો હરિને શરણ

કથા સુણી સુણી કાન અખા, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

પહેલા છપ્પાનાં પાઠાંતર -

સાહિત્ય પલ્લવ ભાગ ૨માં ‘વહ્યાં’ ને બદલે ‘થયાં’ પાઠ મળે છે. (પૃ. ૧૯) ‘સાહિત્ય વિહાર’ ભાગ-૧માં પણ ‘થયાં’ પાઠ મળે છે. (પૃ. ૭) જ્યારે ‘વિનયન વાચનમાળા’ ભાગ-૧માં ‘વહ્યાં’ પાઠ મળે છે. (પૃ.૯)

‘તોયે ન પહોંચ્યો હરિને શરણ’નાં જુદાં જુદાં પાઠ્યપુસ્તકોમાં જુદા જુદા પાઠ મળે છે :

| | | |
|---|---|---|
| સાહિત્ય પલ્લવ-૨ | ન પોહોતો | (પૃ.૧૯) |
| વિનય વાચનમાળા ૧ | ન પહોંચ્યો | (પૃ. ૧૬૧) |
| સાહિત્ય વિહાર-૧ | ન પહોતો | (પૃ. ૭) |
| સાહિત્ય રત્ન ૧ | ન પહોતા | (પૃ. ૮) |
| સાહિત્યમાધુરી-૧માં | ન પહોંચ્યો | (પૃ. ૯) |
| | એવો જ પાઠ મળે છે. | |

(ગ) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની ધોરણ ૮ માટેની અલગ અલગ સમયે થયેલી ‘ગુજરાતી વાચનમાળા’માં ‘રણયજ્ઞ’ (પ્રેમાનંદ)માંથી લેવાયેલ કડવા (કુંભકર્ણની નિદ્રા)માં પાઠફેર જોવા મળે છે. આની વિગત નીચે મુજબ છે :

કડી ૨ :

- તરત સેવક તેડાવ્યા રાયે (૧૯૭૩)
- શત સેવક તેડાવ્યા રાયે (૧૯૮૮)

કડી ૪ :

- કરોડ ઘોર મેઘશબ્દ કરે (૧૯૭૩)

-   કરોડ મેઘશબ્દે સાદ કરે (૧૯૮૮)

આ જ રીતે કડી ૭, ૮, ૧૧ અને ૧૪માં એક જ સંસ્થાના બે પાઠ્યપુસ્તકોમાં પાઠફેર જોવા મળે છે. ઉપરનાં ઉદાહરણો પરથી સ્પષ્ટ થાય છે કે સંચયોની જેમ પાઠ્યપુસ્તકોમાં પણ કૃતિ પસંદગી માટે જેટલી મથામણ થાય છે તેટલી પાઠ્યપસંદગી માટે થતી નથી. કેટલીક વાર તો યદચ્છયા ગમે તે પુસ્તકને આધાર તરીકે લેવામાં આવ્યું હોય તેવી છાપ પાડે છે. કેટલીક વાર તો પાછળની વાચનમાળા માટે અગાઉની વાચનમાળા જ આધારરૂપ બનતી હોય એવું જણાય છે. જેમ કે, હાલની ગુજરાતી વાચનમાળા - ધો. ૯માં 'અખાના છપ્પા'નો પાઠ શ્રી ઉમાશંકર જોશી સંપાદિત 'અખાના છપ્પા'માંથી લેવામાં નથી આવ્યો : અગાઉની વાચનમાળા સંભવતઃ 'સાહિત્યમાધુરી ૧'માંથી લેવાયો જણાય છે. મધ્યકાલીન કૃતિઓના 'પાઠ' અંગે પુખ્ત વિચારણા થવી જોઈએ. જો આમાં ઘણા પ્રશ્નોનો સામનો કરવાનો આવવાનો. નરસિંહ, મીરાં જેવામાં એક બાજુ મૌખિક પરંપરા, પ્રચલિત લોકભોગ્ય પાઠ તો બીજી બાજુ શાસ્ત્રીય સંપાદનોનો પાઠ, શાસ્ત્રીય સંપાદનો પણ એક કરતાં વધારે હોય ત્યારે પસંદગીનો પ્રશ્ન - આ બધું અવશ્ય મુઝાવનારું છે. તેમ છતાં, આજે જ્યારે પાઠ્યપુસ્તકનું પ્રકાશન કરનારી સંસ્થા એકમાત્ર છે, ત્યારે આ અંગે વિદ્વાનો, કેળવણીકારોનો અભિપ્રાય લઈ, ઓછામાં ઓછું પાઠ અંગેની સભાનતા તો પ્રગટ કરવી જોઈએ.

૨. લોકસાહિત્યની કૃતિઓમાં પણ પાઠ્યપુસ્તકોમાં પાઠફેર જોવા મળે છે : ગુજરાતી વાચનમાળા-૮ના, હાલ અમલમાં રહેલા પાઠ્યપુસ્તકમાં 'સોનલ ગરાસણી' લોકગીત લેવાયું છે. (પૃ. ૧૭) આ જ લોકગીત ગૂજરાત વિદ્યાપીઠની 'વિનય વાચનમાળા' પુસ્તક-૨માં પણ લેવાયું હતું. (પૃ. ૯૫) બંનેમાં 'ગોખ' (શા.પા.પુ.), 'ગોખે' (ગૂ.વિ.); 'છોડાવશે' (શા.પા.પુ.), 'છોડશે' (ગૂ.વિ.); 'તોયે' (શા.પા.પુ.), 'તોય' (ગૂ.વિ.); 'દીધ' (શા.પા.પુ.), 'દીધાં' (ગૂ.વિ.) - જેવા પાઠફેર જોવા મળે છે.

લોકસાહિત્યમાં તો મૌખિક પરંપરાનો જ આધાર હોય છે એટલે એમાં પાઠફેર સ્વાભાવિક રીતે મળવાના, એક જ ગીત જુદા જુદા પ્રદેશોમાં પાઠફેરે મળવાનું. એટલે આમાં અમુક જ પાઠ શાસ્ત્રીય એવું નક્કી કરવાનુંયે મુશ્કેલ છે. પણ આમાં સ્ત્રોતનો નિર્દેશ કરવાનું રાખવું જોઈએ, જેથી સ્ત્રોતનો પાઠ જળવાયો છે કે કેમ એટલી ચકાસણી તો થઈ શકે.

૩. ક્યારેક અર્વાચીન કવિની કૃતિઓમાં પણ પાઠ્યપુસ્તકોમાં પાઠફેર જોવા મળે છે. જેમ કે, હરિશ્ચંદ્રનું કાવ્ય 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' હાલની અને આ પહેલાંની ગુજરાતી વાચનમાળા ૯માં છે. આ બંને વાચનમાળામાં કાવ્યપાઠ સરખો છે, પણ આ જ કાવ્ય 'સાહિત્યપલ્લવ-૨'માં પણ છે. બંનેમાં પાઠફેર જોવા મળે છે ! 'સાહિત્યપલ્લવ-૨'ની ૧૯૫૯ની આવૃત્તિમાં આ કાવ્ય 'બહેન' શીર્ષકથી લેવાયું છે (પૃ. ૬૩) જ્યારે શાળા પાઠ્યપુસ્તક મંડળની બંને વાચનમાળાઓમાં 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' એવા શીર્ષકથી આ કાવ્ય લેવાયું છે. (પૃ. ૫૨ - ૧૯૭૭; પૃ. ૧૩૦ ૧૯૮૧) શાળા પાઠ્યપુસ્તક મંડળની બંને વાચનમાળાઓમાં છેલ્લી ચાર પંક્તિઓ નીચે મુજબ છે :

*છો કાળ આવે, શિશિરોય આવે,*
*ને પુષ્પ કૂંળાં દવમાં પ્રજાળે,*
*સુકોમળી દેહકળી અરે,*
*વસંતની હૂંફ મહીં ખરી પડી !*

'સાહિત્યપલ્લવ-૨'માં ઉપરોક્ત ચાર લીટીઓ નીચે મુજબ છે :

*શિશિર આવે, ક્રૂર કાળ આવે,*
*ને પુષ્પ કૂંળાં દવમાં પ્રજાળે,*
*સુકોમળી દેહકળી અરે,*
*વસંતની હૂંફ મહીં ખરી પડી !*

ગુજરાતી વાચનમાળા (શા.પા.પુ.)નો પાઠ શ્રી ઉમાશંકર જોશી સંપાદિત 'સ્વપ્નપ્રયાણ'માંથી લેવાયો છે અને 'સાહિત્યપલ્લવ-૨'નો પાઠ 'સફરનું સાથ્ય'માંથી લેવાયો છે, આ કારણે જુદો પડે છે એ સમજી શકાય તેવું છે. પણ ૧૯૫૯માં શ્રી ઉમાશંકર જોશીએ 'સ્વપ્નપ્રયાણ'નું સંપાદન પ્રસિદ્ધ કર્યા પછી તેઓ જ જેમાં એક સંપાદક હતા તે 'સાહિત્યપલ્લવ-૨'ની ૧૯૫૯માં થયેલી આવૃત્તિનો પાઠ એમણે 'સ્વપ્નપ્રયાણ' પ્રમાણે કેમ

ન કર્યો ? 'ગુજરાતી વાચનમાળા' (શા.પા.પુ.)માં સુભાગ્યે, 'સ્વપ્નપ્રયાણ'નો પાઠ લેવાયો. આમ ન થયું હોત તો, હરિશ્ચંદ્ર ભટ્ટનાં કાવ્યો માટેના હવે આધારભૂત પુસ્તક 'સ્વપ્નપ્રયાણ' કરતાં જુદો પાઠ સંચરિત થવા પામ્યો હોત અને કવિને અભિપ્રેત છેલ્લો પાઠ ન મળત !

૪. અખાના છપ્પાનો ગુજરાતી વાચનમાળા (શા.પા.પુ.)નો પાઠ અન્ય વાચનમાળામાંથી લેવાયાની વિગત આપણે જોઈ. અર્વાચીન કાવ્યોમાં પણ આમ થતું હશે એમ માનવા પ્રેરાઈએ. એવાં ઉદાહરણો પણ મળે છે. જેમકે, 'માતૃગુંજન' (બોટાદકર) કાવ્ય 'સાહિત્ય વિહાર' ભાગ-૩, 'સાહિત્ય સોપાન' ભાગ ૩ અને 'ગુજરાતી વાચનમાળા ૯' (શા.પા.પુ.-૧૯૭૩)માં લેવાયું છે. આપણે અગાઉ જોઈ ગયા કે આ કાવ્યની એક પંક્તિ 'ઊડી જશે પળ એકમાં રે એનું કાળજું થડકે' - ના આ 'રાસતરંગિણી'ના પાઠમાં શ્રી અનંતરાય રાવળ સંપાદિત 'બોટાદકરની કાવ્યસરિતા'માં 'થડકે'ને બદલે 'ધડકે' પાઠ મળે છે. ઉપરોક્ત ત્રણેય પાઠ્યપુસ્તકોમાં પણ 'ધડકે' પાઠ મળે છે. કાં તો આ ત્રણેય પાઠ્યપુસ્તકોએ 'કાવ્યસરિતા'નો આધાર લીધો હોય અથવા ૧૯૫૬માં થયેલા 'સાહિત્ય સોપાન'માં 'કાવ્યસરિતા'નો આધાર લેવાયો હોય ને પછી થયેલાં પાઠ્યપુસ્તકો 'સાહિત્ય સોપાન' પ્રમાણે ચાલ્યાં હોય. આવો સંભવ વધારે લાગે છે.

આપણે એ પણ જોઈ ગયા કે કલાપીના 'ગ્રામ્યમાતા' કાવ્યની પંક્તિ 'વૃદ્ધ માતા અને તાત તાપે છે શગડી કરી'માં 'વૃદ્ધ માતા'ને બદલે 'વૃદ્ધા માતા' એવો પાઠ નવલરામ ત્રિવેદીના સંપાદન 'ગ્રામ્ય માતા અને બીજાં કાવ્યો'માંથી શ્રી અનંતરાય રાવળના સંપાદન 'કલાપીનો કાવ્યકલાપ' સુધી સંચરિત થયો. આ કાવ્ય 'સાહિત્યલહરી' ભાગ ૧ (પૃ. ૩૬), 'ગુજરાતી વાચનમાળા-૮' (શા.પા.પુ. ૧૯૭૩, પૃ. ૨) અને હાલ અમલમાં રહેલી 'ગુજરાતી વાચનમાળા' (શા.પા.પુ. ૧૯૮૦, પૃ. ૨૪)માં લેવાયું છે. આમાં 'સાહિત્યલહરી'માં 'વૃદ્ધ માતા', 'સાહિત્યરત્ન'માં 'વૃદ્ધ માતા' અને શાળા પાઠ્યપુસ્તક મંડળની બંને વાચનમાળાઓમાં 'વૃદ્ધ માતા' પાઠ મળે છે. હાલની વાચનમાળા આ જ સંસ્થાની અગાઉની વાચનમાળાને અનુસરી જણાય છે. પણ અગાઉની વાચનમાળા (૧૯૭૩)નો શુદ્ધ પાઠ મૂળને અનુસરીને નહીં, પણ 'સાહિત્યમાધુરી-૧'ને અનુસરીને છે અને એમાં શુદ્ધ પાઠ હોવાને કારણે અહીં શુદ્ધ આવ્યો. શાળા પાઠ્યપુસ્તક મંડળની વાચનમાળાઓમાં સ્રોત તરીકે 'કલાપીનો કેકારવ' બતાવાયો હોવા છતાં એનો આધાર 'સાહિત્યમાધુરી' હશે એમ માનવાનું કારણ શીર્ષક છે. 'કલાપીનો કેકારવ' અને અન્ય સંપાદનોમાં 'ગ્રામ્યમાતા' શીર્ષક છે. 'સાહિત્યમાધુરી'માં આ શીર્ષક 'ગ્રામ્યમાતા' છે અને મંડળની વાચમાળાઓમાં પણ તે જ શીર્ષક છે. આ શીર્ષક સ્વીકારવા જેવું લાગ્યું હોય ને સ્વીકાર્યું હોય એ અલગ વાત છે. પણ એના સંપાદન વખતે જોયેલી વાચનમાળા પાઠ માટે પણ આધારરૂપ ગણવામાં આવી છે એટલું સ્પષ્ટ છે.

૫. પાઠ્યપુસ્તકોમાં લેવાતી કૃતિઓના પાઠ માટે મૂળને બદલે અન્ય સંપાદનો કે વાચનમાળાઓનો આધાર લેવાને પરિણામે કેવાં જોખમી પરિણામો આવી શકે એનાં ઉદાહરણો જોઈએ :

(ક) 'ગુજરાતી વાચનમાળા ૬'ની ૧૯૭૬ની આવૃત્તિ (શા.પા.પુ.)માં સુંદરમનું 'રંગ રંગ વાદળિયાં' કાવ્ય લેવાયું હતું. આ કાવ્યના પાઠ માટે 'કાવ્યમંગલા'નો આધાર નહીં લેવાયો હોય. પરિણામે એમાં આવતા 'રંગના ઓવારે', 'મોરલાના ગાણે', 'મહેલના કિનારે' વગેરેમાં દરેક જગ્યાએ મૂળમાં 'ના' પ્રત્યય છે - પાઠ્યપુસ્તકમાં દરેક જગ્યાએ 'ને' છે. 'રંગને ઓવારે' - એ રીતે ચોથી કડીમાં, ચોથી પંક્તિમાં મૂળમાં 'પાણીના પથારે' છે. ત્યાં પાઠ્યપુસ્તકમાં 'પાણીને પથારે' છે. આ બધામાં શિરમોર જેવો પાઠફેર તો મૂળની આઠમી કડી તરીકે, છઠ્ઠી કડી તરીકે, નવમી કડી છઠ્ઠી કડી તરીકે, પાંચમી કડી સાતમી કડી તરીકે, છઠ્ઠી કડી આઠમી કડી તરીકે અને સાતમી કડી નવમી તરીકેની છપાયેલી છે. કડીઓનો ક્રમ સુધ્ધાં ઊલટસૂલટ થઈ જાય એ પાઠની દૂષિત થવાની પરાકાષ્ઠા ગણાય !

(ખ) પાઠ્યપુસ્તકમાં લેવાની કૃતિઓના પાઠ માટે મૂળને બદલે અન્ય વાચનમાળા પર આધાર રાખવા જતાં ક્યારેક ઘણી મોટી ક્ષતિ થઈ જાય છે. મીરાંબાઈનું પદ 'બોલે

ઝીણા મોર', 'સાહિત્યપલ્લવ' ભાગ-૨ (પૃ. ૧૩), 'સાહિત્ય સોપાન' ભાગ-૩ (પૃ. ૧૨) અને શાળા પાઠ્યપુસ્તક મંડળની અગાઉ અમલમાં આવી ગયેલી 'ગુજરાતી વાચનમાળા ૯' (૧૯૭૪, પૃ. ૪)માં લેવાયું છે. 'સાહિત્યપલ્લવ' અને 'સાહિત્ય સોપાન' બંનેમાં પાઠમાં સાધારણ ફેર છે. શાળા પાઠ્યપુસ્તક મંડળની વાચનમાળાનો પાઠ 'સાહિત્યપલ્લવ'ને અનુસરે છે. એકમાત્ર 'સાહિત્યપલ્લવ'માં 'સાળુડાની કોર' પાઠ છે તે શાળા પાઠ્યપુસ્તક મંડળની વાચનમાળા 'સાલુડાની કોર' પાઠ છે. બાકી પાઠ એકસરખો છે. એટલે વાચનમાળાનો પાઠ 'સાહિત્ય પલ્લવ'માંથી લેવાયો છે એમ લાગે છે. સસ્તું સાહિત્યના કે શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદીના સંપાદનમાં મળતા પાઠ કરતાં આ પાઠમાં ફેર પડે છે એટલે 'સાહિત્યપલ્લવ'ને અનુસરીને પાઠ લેવાયાનું સ્પષ્ટ છે. પરંતુ મૂળ અને તેમાંય 'મીરાંનાં પદો'નું શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદીનું સમીક્ષિત સંપાદનનો આધાર ન લેવાનું પરિણામ એ આવ્યું કે મીરાંને નામે પ્રચલિત પણ આધુનિક કવિનું રચેલું કાવ્ય 'મીરાંનાં પદ' તરીકે પાઠ્યપુસ્તકમાં સ્થાન પામ્યું ! 'સાહિત્ય પલ્લવ' અને 'સાહિત્ય સોપાન' થયાં ત્યારે શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદીનું સંપાદન પ્રસિદ્ધ થઈ ગયું હતું. (વાચનમાળા ૧૯૭૪માં થઈ, શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદીના સંપાદનની પહેલી આવૃત્તિ ૧૯૬૨માં થઈ) આ સંપાદનમાં આ પદ અંગે એવી સ્પષ્ટ નોંધ કરવામાં આવી છે કે, 'આ ગીત રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનું રચેલું છે.' (પૃ. ૧૭૦) આમ છતાં આ વાચનમાળામાં આ પદ મીરાંના પદ તરીકે છ વર્ષ શીખવાયું !

૬. પાઠ્યપુસ્તકમાં લેવાતી કૃતિઓના પાઠ માટે મૂળનો આધાર લેવાય ત્યારે પણ નીચેના જેવી કેટલીક સાવધાની રાખવી પડે :

(ક) સુંદરમનું કાવ્ય 'બાનો ફોટોગ્રાફ', 'સાહિત્યમાધુરી' ભાગ-૧ (પૃ. ૭૩), 'સાહિત્યરત્ન' ભાગ-૩ (પૃ. ૮૨) અને શાળા પાઠ્યપુસ્તક મંડળની અગાઉ અમલમાં રહી ચૂકેલી 'ગુજરાતી વાચનમાળા-૧૦' (૧૯૭૬, પૃ. ૪૫)માં લેવામાં આવ્યું છે. આ કાવ્યમાં સુંદરમે પાઠફેર કરેલો છે; જેમ કે, આ કાવ્યની ૨૩મી પંક્તિનો 'કાવ્યમંગલા'ની પહેલી આવૃત્તિનો પાઠ નીચે મુજબ હતો :

'યૌવને વિધવા પેટે છોકરાં ચાર, સાસરે'

આ પછી ૧૯૫૮ની આવૃત્તિથી આમાં પાઠફેર થયો :

'યૌવને વિધવા પેટે બાળકો કં, સાસરે !'

હવે 'સાહિત્યમાધુરી-૧'ના ૧૯૬૭ના પુનર્મુદ્રણમાં અને 'સાહિત્યરત્ન-૩'ના પુનર્મુદ્રણ જૂનો પાઠ જ છે. ખરેખર તો કર્તાને અભિપ્રેત સુધારેલો પાઠ લેવો જોઈએ. શાળા પાઠ્યપુસ્તક મંડળની ગુજરાતી વાચનમાળા-૧૦માં, યોગ્ય રીતે જ સુધારેલો પાઠ લેવાયો છે.

એ જ રીતે સુંદરમનું કાવ્ય 'રાઘવનું  દય', 'સાહિત્યવિહાર' ભાગ ૨માં લેવાયું છે. આ પાઠ્યપુસ્તકની પહેલી આવૃત્તિ ૧૯૬૫માં થઈ, તેમ છતાં સુંદરમે 'યાત્રા'ની ૧૯૬૦ની બીજી આવૃત્તિમાં આ કાવ્યમાં કરેલો પાઠફેર ધ્યાનમાં લેવામાં નથી આવ્યો.

બ. ક. ઠાકોરનું સૉનેટ 'ભણકારા' મહારાષ્ટ્રની 'કુમારભારતી' (૧૯૭૪), ધો. ૧૦માં લેવામાં આવ્યું છે. (પૃ. ૩૦) એનો પાઠ 'ભણકારા'ની ૧૯૫૧ની આવૃત્તિ પ્રમામે ન લેતાં 'મ્હારા સૉનેટ'માંથી લેવાયો છે. બ. ક. ઠાકોરે ૧૯૫૧ના પાઠને પ્રમાણિત કર્યો છે.

ઉપરની ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે પાઠ્યપુસ્તકમાં લેવાતી કૃતિ માટે મૂળ પુસ્તક પર આધાર રાખવાનો તે તો ખરું જ, પણ કર્તાની, ખાસ કરીને, અર્વાચીન કર્તાની હયાતીમાં થયેલી છેલ્લી આવૃત્તિનો આધાર લેવાય એ પણ એટલું જ મહત્ત્વનું છે.

(ખ) પાઠ્યપુસ્તકમાં લેવાતી કૃતિ માટે મૂળ પુસ્તકનો આધાર લેવાય ત્યારે પણ એ કૃતિમાં અન્ય કોઈ કૃતિનું અવતરણ આવતું હોય તો એનો પાઠ અવતરણવાળી મૂળ કૃતિના પાઠ સાથે સરખાવી લેવો જોઈએ. લેખકે કોઈ વાર સ્મૃતિથી જ અવતરણ લીધું હોય ને એનો પાઠ દૂષિત હોય તે સંભવિત છે. જેમકે, શાળા, પાઠ્યપુસ્તક મંડળની ગુજરાતી વાચનમાળા-૧૧ (૧૯૮૪)માં શ્રી રતિલાલ બોરીસાગરનો હળવો નિબંધ 'મોડા ઊઠવા વિશે' લેવાયો છે (પૃ. ૧૪૦). આ નિબંધમાં શ્રી બરકત વીરાણી 'બેફામ'નો એક શેર ઉદ્ધૃત કરવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તકમાં લેવાયેલો પાઠ કર્તાના મૂળ પુસ્તક 'મરક

મરક'માંથી જ લેવાયો છે. પણ મૂળ પુસ્તકમાં આ શેરનો પાઠ નીચે પ્રમાણે છે :

*'પ્રભુ તારી કસોટીની રીત સારી નથી હોતી,*
*સારા માણસોની દશા અહીં સારી નથી હોતી.'*

પણ શ્રી બરકત વીરાણી 'બેફામ'ના સંગ્રહ 'માનસર'માં એ શેરનો પાઠ નીચે મુજબ છે :

*'ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,*
*કે સારા હોય છે એની દશા સારી નથી હોતી.'* (પૃ. ૧૬)

લેખકે જે રીતે આ શેર પોતાના મૂળ પુસ્તકમાં ઉદ્ધૃત કર્યો તે જ રીતે પાઠ્યપુસ્તકમાં લેવાયો, પરિણામે, દૂષિત પાઠ દાખલ થયો. બે-એક વર્ષ પછી ગઝલરસિક શિક્ષક દ્વારા આ અંગે ધ્યાન દોરવામાં આવતાં, પાઠ્યપુસ્તકનો પાઠ સુધારાયો.

પાઠ્યપુસ્તકમાં 'પાઠ' અંગે કેટકેટલી સાવધાની રાખવી પડે છે !

૭. પાઠ્યપુસ્તક માટે કૃતિ પસંદ કર્યા પછી સંપાદકે કેટલીક વાર કૃતિપાઠમાં મૂળભૂત રીતે ફેરફાર કર્યા હોય તેવું બન્યું છે, પરિણામે એક કૃતિના સમાંતરપાઠ સંરચિત થાય છે અને લાંબે ગાળે એમાં ગોટાળો ઊભો થાય છે. આવાં એક-બે ઉદાહરણો જોઈએ :

(ક) શ્રી રામપ્રસાદ શુક્લનું 'આંધી' કાવ્ય 'સાહિત્યપલ્લવ' ભાગ-૩ (૧૯૫૫)માં લેવામાં આવ્યું હતું (પૃ.૬૯). આમાં સ્રોત તરીકે મૂળ પુસ્તક 'બિન્દુ'નો નિર્દેશ કરવામાં આવ્યો છે પણ એનો પાઠ 'બિન્દુ'ના પાઠથી ઠીક ઠીક જુદો પડે છે ! આઠમી પંક્તિ 'કે આ સંઘર્ષણોમાં મતિ, ગતિ થિર ના માનવીનાં રહે છે.' એમ છે, જ્યારે 'સાહિત્યપલ્લવ'માં 'માનવીનાં'નું 'માનવીનું' કરવામાં આવ્યું છે. નવમી પંક્તિમાં ઉત્તરાર્ધ 'નહીં વળી કાળ કોપ્યો કરાલ'ને 'નહીં વળી રુદ્રનું નેત્ર ખૂલ્યું' એમ બદલવામાં આવ્યો છે, દસમી પંક્તિના પૂર્વાર્ધમાં 'ઉત્ક્રાંતિની સવારી' છે. તેનું પાઠ્યપુસ્તકમાં 'ઉત્ક્રાંતિની સવારે' કરી દેવામાં આવ્યું છે. અગિયારમી પંક્તિ 'આજે એનાં મુખે છે કપરી પ્રસવની વેદના ને અશાંતિ છે' તેમાં 'મુખે છે'ને બદલે 'મુખે છો' કરી દેવાયું છે.

છેલ્લી બે પંક્તિઓ તો ધરમૂળથી બદલાઈ ગઈ છે ! આ બે પંક્તિઓનો 'બિન્દુ'નો પાઠ નીચે મુજબ છે :

*'એની કૂચે વ્યથા ને વિપદ વરસતાં છો, સમુત્થાન કેરી*
*આવી લાગી સુનેરી મનુજ  દયનાં ઐક્યની એ જ કેડી.'*

આ પંક્તિઓ પાઠ્યપુસ્તકમાં નીચે મુજબ છે :

*'જાગે આભાસ-શાંતિ સબળ વિમલ સત્શાંતિ ઉત્ક્રાંતિ કેરી*
*કૂડા સંઘર્ષ વામી મનુજ-  દયના ભાવનું ઐક્ય થાયે.'*

ઉપરોક્ત પાઠફેર પાઠ્યપુસ્તકમાં છેક ૧૯૭૧ના છેલ્લા પુનર્મુદ્રણ સુધી ચાલતો રહ્યો. આ કૃતિ શાળા પાઠ્યપુસ્તક મંડળની 'ગુજરાતી વાચનમાળા-૧૨' (૧૯૮૫)માં લેવાઈ ત્યારેએના બે પાઠ ઉપલબ્ધ હતા - 'બિન્દુ'નો મૂળ પાઠ અને 'સાહિત્યપલ્લવ'નો સુધારેલો પાઠ. આ પાઠ અંગે કવિને પૂછવામાં આવતાં આ ફેરફાર અંગે તેઓ અજાણ હતા એમ માલૂમ પડ્યું. તેઓને સુધારેલા પાઠને બદલે મૂળ પાઠ જ માન્ય હતો. એટલે પાઠ્યપુસ્તકમાં ફરી, મૂળ પાઠ લેવાયો. કવિ હયાત હતા એટલે 'પાઠ'નું નિર્ધારણ સંભવિત બન્યું. પણ કવિ કે મૂળ સંપાદક હયાત ન હોય તો બીજો સમાંતર પાઠ, કવિને અભિપ્રેત ન હોય, પણ સારો હોવાને કારણે, કદાચ સંચરિત થયા કરે એ લાંબે ગાળે કવિના પાઠ તરીકે માન્યતા પણ પામી જાય એમ બને !

(ખ) સામાન્ય સંપાદકીય વિવેક માન્ય ન રાખે એવા પાઠફેર પણ ક્યારેક પાઠ્યપુસ્તકમાં થયાનું બન્યું છે. જેમ કે જ્યોતીન્દ્ર દવેનો હળવો નિબંધ - 'ખોટી બે આની' પાઠ્યપુસ્તકોમાં લેવાતો રહ્યો છે. બે આની હવે ચલણમાં રહી નથી. એટલે મહારાષ્ટ્રના ધોરણ ૬ માટેનાં પાઠ્યપુસ્તક 'બાલ ભારતી' (૧૯૭૦)માં 'ખોટી બે આની'ને બદલે 'ખોટી પાવલી' એવું શીર્ષક યોજી, પાઠની અંદર પણ હાલના ચલણ માટેના શબ્દો ફેરવ્યા છે. 'ટ્રામ'ને બદલે 'બસ' શબ્દ યોજયો છે. પરિણામે મૂળનું વાતાવરણ ઠીકઠીક બદલાઈ ગયું છે. વર્ષો પહેલાં બે આનીનું જે મૂલ્ય હતું તે ૧૯૭૦માં પાવલીનું નહોતું. એટલે ખોટી બે આની ચલાવવાના પ્રયત્નોના વર્ણનની અત્યુક્તિ હાસ્ય માટે નિર્વાહ્ય બની રહે એવી હતી તે ૧૯૭૦ના

વાતાવરણમાં નિર્વાહ્ય લાગવાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય એમ બને. આવો પાઠફેર લેખકની સંમતિથી થયો હશે. પણ લેખકો ઘણી વાર પાઠ્યપુસ્તકો માટે આવી પરવાનગી આપી પણ દેતા હોય છે. પણ પોતાના પુસ્તકની નવી આવૃત્તિમાં તો તેઓ આવો ફેરફાર ભાગ્યે જ કરે. એટલે બે પાઠ પ્રચલિત થવા શરૂ થાય. પ્રાચીન ઉલ્લેખવાળા પાઠમાં જેમ ફેરફાર કરવામાં આવતા નથી; જેમ કે, વાર્તામાં 'યોજન' હોય તો 'કિલોમીટર' કરી દેવામાં આવતું નથી. તેમ આમાં પણ આવો ફેરફાર કરવાનું ઉચિત નથી. માત્ર ટિપ્પણમાં બે આનાની સમજૂતી આપી શકાય. બે આનાનો સિક્કો ચલણમાં હતો એટલું વિદ્યાર્થીઓ જાણી લે પછી કૃતિનો હાસ્યરસ માણવામાં એમને કશો બાધ આવે તેવું લાગતું નથી. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની ગુજરાતી વાચનમાળા-૯ (૧૯૮૨)માં આ જ કૃતિ 'ખોટી બે આની' શીર્ષકથી ને મૂળ પાઠ સાથે લેવામાં આવી છે તે જ અભિગમ યોગ્ય છે.

(ગ) પાઠ (Lession) લાંબો હોવાને કારણે કે અમુક કૃતિ પાઠ્યપુસ્તકમાં લેવા જેવી હોય, પણ એનો અમુક અંશ કે અંશો કક્ષાની દૃષ્ટિએ કઠિન હોય અથવા અમુક અંશ કે અંશો રાજ્યની નીતિની વિરુદ્ધ હોય ત્યારે સંપાદકે કૃતિમાં કાપકૂપ કરવી પડે છે. સંચયોની કાપકૂપ અને પાઠ્યપુસ્તકની કાપકૂપ – બંનેને અલગ દૃષ્ટિકોણથી જોવી જોઈએ. સંચયોમાં કાપકૂપ અનિવાર્ય હોય તેવા સંજોગોમાં જ કરવી ઘટે એ એ જ કાપકૂપની વિગતો સંપાદકે આપવી જોઈએ. પાઠ્યપુસ્તકમાં લેવાતી કૃતિઓ વિદ્યાર્થીઓ માટે લખાયેલી હોતી નથી એટલે ક્યારેક એને વિદ્યાર્થીએ યોગ્ય બનાવવી પડે. શક્ય હોય ત્યાં સુધી આવો ફેરફાર કર્તા પાસે જ કરાવવો જોએ. અથવા કરેલા ફેરફાર અંગે કર્તાની સંમતિ મેળવવી જોઈએ. કૉપીરાઇટ વગરની કૃતિઓમાં તો સંપાદકે પૂરા વિવેકથી કાપકૂપ કરવી જોઈએ.

શૈક્ષણિક દૃષ્ટિકોણથી કરવામાં આવતી કાપકૂપ અંગે ખાસ મતભેદ નથી, પણ રાજ્યની નીતિના કારણે કોઈ વર્ગ કે જાતિની લાગણી દુભાય તેવા ઉલ્લેખો કે શબ્દપ્રયોગો કાઢી નાંખવા પડે છે, કોઈ વાર એના સ્થાને નવો શબ્દ યોજવો પડે છે. આને કારણે કૃતિના પાઠ (text)માં ફેરફાર થાય છે. અગાઉનાં પાઠ્યપુસ્તકોમાં સંપાદકોને આ પ્રશ્ન નહોતો નડતો, પણ હવેનાં પાઠ્યપુસ્તકોમાં આ પ્રશ્ન ઠીક ઠીક મૂંઝવનારો બને છે. રાજ્યની નીતિ પાઠ્યપુસ્તક તૈયાર કરનારી સંસ્થાએ સ્વીકારવાની હોય છે અને સંસ્થાની નીતિ મને-કમને પણ સંપાદકોએ માન્ય રાખવાની થાય છે. આ કારણે કેવા ફેરફારો થાય છે તેનાં ઉદાહરણો જોઈએ.

– ગુજરાતી વાચનમાળા-૮ (૧૯૮૦)માં ઈશ્વર પેટલીકરની વાર્તા 'મોરના ઈંડા' લેવાઈ છે તેમાં વાણિયા જ્ઞાતિ વિશેના ઉલ્લેખો રદ કરવામાં આવ્યા છે.

– ગુજરાતી વાચનમાળા-૧૧ (૧૯૮૪)માં રા.વિ. પાઠકની 'જક્ષણી' વાર્તા લેવાઈ છે તેમાં મૂળનું એ તો 'હું ન હોઉં તો કૂતરી થઈને વળગે' એ વાક્ય અમુક વર્ગની લાગણી દુભાવાનો સંભવ દેખાતાં રદ કરવામાં આવ્યું છે.

– આ જ પાઠ્યપુસ્તક (ગુજરાતી ૧૧)માં જયંત પાઠકના 'વનાંચલ'માંથી 'અમારા દાદા' પાઠ (lession) લેવાયો છે. તેમાં 'ગાંયજો' શબ્દ વાળંદ જ્ઞાતિની લાગણી દુભાવે એવો હોવાથી એ શબ્દને બદલે 'વાળંદ' શબ્દ મુકાયો છે.

આ રીતે આજે કોઈ ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ, વર્ગ, વગેરેની લાગણી દુભાવાના પ્રશ્ને અમુક પ્રકારના ઉલ્લેખો રદ કરવા પડે એવી સ્થિતિ છે. સંસ્થાનિરપેક્ષ ધોરણે આ અંગે મતભેદ હોઈ શકે, પણ સંસ્થાએ તો સરકારની સ્વીકૃત નીતિનો અમલ કરવો પડે. વળી, આ કાપકૂપની વિગતો આવાની અપેક્ષા પણ રાખી શકાય નહીં. એટલે 'પાઠ' માટે ક્યારેય કોઈ પાઠ્યપુસ્તકને આધારરૂપ ન ગણવું એ જ દૂષિત પાઠ સંચરિત થતો રોકવાનો ઉત્તમ માર્ગ છે.

૮. પાઠ્યપુસ્તકોમાં બહુ પહેલેથી જોડણી જોડણીકોશ પ્રમાણે કરવામાં આવે છે. હવે તો શબ્દો ભેગા છૂટા લખવા અંગે કે વૈકલ્પિક જોડણીવાળા શબ્દોમાં પણ ચોક્કસ જોડણી અપનાવવા અંગે વિચારણા થઈ રહી છે. આમ છતાં, મધ્યકાલીન કૃતિઓમાં જોડણી અંગે ચોક્કસ અભિગમ અપનાવવાનો પ્રશ્ન છે. એ જ રીતે બ.ક. ઠાકોર કે સ્વામી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આનંદ જેવા અમુક રીતે જ લખવાના આગ્રહી લેખકોને જોડણી બદલી નાખવામાં આવે તો તાત્ત્વિક રીતે પાઠફેર થયો ગણાય. મૂળ પાઠમાં તો મૂળની જોડણી જાળવવાનું પણ અપેક્ષિત છે. આમ છતાં, જોડણી અંગેના ચોક્કસ વલણો વિદ્યાર્થીઓમાં સ્થિર કરવાનાં હોઈ, તમામ કૃતિઓની માન્ય જોડણી જ કરવાનો અભિગમ સ્વીકારવો જોઈએ. આમ કરતાં, કદાચ અમુક કર્તાની કૃતિઓ જતી કરવાનો પ્રશ્ન ઊભો થશે. પણ શૈક્ષણિક હિતની દૃષ્ટિએ આમ વિચારવું જ યોગ્ય કહેવાય.

પાઠ્યપુસ્તકોમાં 'પાઠ'ના પ્રશ્ને આપણે ત્યાં ખાસ વિચારણા થઈ નથી કે આગ્રહો સેવાતા નથી. ઉપર્યુક્ત સમગ્ર ચર્ચા પરથી આ પ્રશ્નનું ગાંભીર્ય સ્પષ્ટ થશે.

•

ઈ.સ. ૧૮૬૦થી આરંભાયેલી આપણી સંપાદનવૃત્તિની દીર્ઘયાત્રા પૂરી કરી. હવે આપણે ઉપસંહારરૂપે આ સમગ્ર પ્રવૃત્તિનું સિંહાવલોકન કરી લઈએ :

૧. પાઠસમીક્ષાત્મક સંપાદન માત્ર વ્યક્તિગત ધોરણે જ નહીં, સંસ્થાકીય ધોરણે પણ હાથ ધરવા જેવી ને વિકસાવવા જેવી પ્રવૃત્તિ છે. 'રામાયણ', 'મહાભારત' જેવા મહાગ્રંથનું સંપાદન તો જૂથકાર્ય જ માંગી લે. એકલે હાથે એવા કાર્યને પહોંચી વળવાનું મુશ્કેલ થઈ જાય. સંપાદનપ્રવૃત્તિના પ્રારંભના ગાળામાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી', 'ફાબર્સ સાહિત્ય સભા' જેવી સંસ્થાઓએ સાહિત્યિક સંપાદનને પોતાનો વિષય ગણી આ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બજાવી હતી. જૈન સાહિત્યના સંપાદનમાં જૈન સંસ્થાઓએ સારો રસ દાખવ્યો હતો અને આજેય દાખવે છે. પણ હવે આ મોંઘવારીના સમયમાં આર્થિક ભંડોળ વગરની સંસ્થાઓ માટે યથેચ્છ રીતે સંપાદનપ્રવૃત્તિમાં રસ લેવાનું અઘરું થઈ ગયું છે. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર જેવી જૈન શ્રેષ્ઠીઓના આશ્રયે ચાલતી સંસ્થાઓ હજુ આ કામ કરી રહી છે, પણ એમનું કાર્યક્ષેત્ર જૈનકૃતિઓ પૂરતું મર્યાદિત હોવાને કારણે તેમ જ ગુજરાતી ઉપરાંત પ્રાકૃતિ ગ્રંથોના સંપાદન-પ્રકાશનમાં પણ કાર્યરત હોવાને કારણે ગુજરાતી ગ્રંથસંપાદન પ્રવૃત્તિનો હવે ગુજરાતની યુનિવર્સિટીઓએ પોતાના કાર્યક્ષેત્ર તરીકે અંગીકાર કરવો જોઈએ. વડોદરાની યુનિવર્સિટી સાથે જે રીતે પ્રાચ્ય વિદ્યામંદિર જોડાયેલું છે તે રીતે દરેક યુનિવર્સિટી સાથે સંશોધન-સંપાદનનો એક વ્યવસ્થિત વિભાગ ચાલવો જોઈએ. યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં પણ પાઠસમીક્ષાને મહત્ત્વનું સ્થાન મળવું જોઈએ. જેથી કાર્ય બેવડાય નહીં અને કોઈ અગત્યનો ગ્રંથ સંપાદિત થયા વિના રહી જાય નહીં.

'ગુજરાત વિદ્યાસભા' કે 'ફાર્બસ સભા' આવાં કાર્યો હાથ ધરે તો સરકારે એને ઉદારતાથી સહાય પણ કરવી જોઈએ.

૨. વળી હસ્તપ્રતોની સંકલિત યાદીઓનાં આવાં કામો પણ ધરાવાં જોઈએ. ભારત સરકારે તાજેતરમાં જૂના ગ્રંથોની હસ્તપ્રતોની સૂચિ કરવાનું કામ હાથ ધર્યું છે. ગુજરાતી ભાષાની પ્રાપ્ય હસ્તપ્રતોની સૂચિ થઈ જાય તે માટે વિદ્વાનોએ આમાં સામે ચાલીને રસ લેવો જોઈએ. આવાં કાર્યોમાં બિનસરકારી તેમ સરકારી સંસ્થાઓએ પણ યથાશક્ય સહાય-સગવડ પૂરી પાડવા આગળ આવવું જોઈએ.

જૂની હસ્તપ્રતોની માઈક્રોફિલ્મ અને ઝેરોક્સ નકલો બનતી ત્વરાએ તૈયાર કરાવી દેવી જોઈએ.

૩. ગ્રંથસંપાદનમાં હજુ વિશેષ સાવધાની ને શાસ્ત્રીયતા લાવવાની પણ જરૂર છે. કોઈ પણ ગ્રંથનું સંપાદન આરંભતાં પહેલાં એની યથાશક્ય ઉપલબ્ધ તમામ હસ્તપ્રતોની ભાળ મેળવવા શક્ય બધું જ કરી છૂટવું જોઈએ. સ્વતંત્ર સાક્ષ્ય ધરાવતી હસ્તપ્રતો જેટલી વધુ સંખ્યામાં મળે તેટલું સંપાદન વધુ શ્રદ્ધેય બને.

હસ્તપ્રતોની તુલના માટે અને પાઠાન્તરો નોંધવા માટે કમ્પ્યૂટર આદિ આધુનિક વૈજ્ઞાનિક ઉપકરણોની સહાય મેળવવાનું આયોજન કરવું જોઈએ. યુનવર્સિટીઓએ નિષ્ણાતો દ્વારા અહીંના આ ક્ષેત્રમાં કામ કરતા ને કરવા માંગતા વિદ્વાનોને જરૂરી બધી તાલીમ આપવી જોઈએ.

તુલના અને પાઠાન્તરનોંધમાં નિષ્ણાત વ્યક્તિઓને તૈયાર કરી, સંપાદકોને આ પ્રકારની સેવાઓ પૂરી પાડવાનું આયોજન કરવું જોઈએ.

આધારપ્રત નક્કી કરવાના અને આધારપ્રતના પાઠો જતા કરી અન્ય પ્રતના પાઠો સ્વીકાર્યા હોય તેનાં કારણોની ચર્ચા કરવાની પરિપાટી આપણે ત્યાં દૃઢ થવી જોઈએ. પાઠપસંદગી યાદૃચ્છિક નહીં પણ શાસ્ત્રીય ભૂમિકા પર થયેલી છે તેની પ્રતીતિ કરાવવાની જવાબદારી સંપાદકોએ બરાબર નભાવવી જોઈએ. પ્રસ્તાવનામાં પોતાની સંપાદનપ્રક્રિયાનો વિગતપૂર્ણ અહેવાલ આપવો જોઈએ. હસ્તપ્રતોનો પરિચય પણ વિશદ્ રીતે આપવો જોઈએ.

પાઠાન્તરમાં નાનીમોટી તમામ વિગતો નોંધવાનું વલણ દૃઢ થવું જોઈએ. કમ્પ્યૂટરની સહાય જો સુલભ બને તો આ કામ ઘણું સરળ થઈ જાય.

પ્રસિદ્ધ થયેલાં સંપાદનો અને અપ્રસિદ્ધ પાઠ્યગ્રંથોની હસ્તપ્રતો પરથી મધ્યકાલીન શબ્દકોશની સાથે બૃહદ્ આવૃત્તિ તૈયાર કરવાનું કામ સરકાર, કોઈ યુનિવર્સિટી કે કોઈ સાહિત્ય સંસ્થાએ હાથ ધરવું જોઈએ. આવો આધારભૂત કોશ નવી પેઢીના સંપાદકોનું કામ સરળ બનાવી શકશે.

૪. લોકસાહિત્યનાં સંપાદન-સંશોધનમાં આપણે ઘણાં પાછળ છીએ. લોકસાહિત્યના શાસ્ત્રીય સંપાદન અંગેના ઊહાપોહનો જ અભાવ છે. ઘણું બધું લોકસાહિત્ય વણસંઘરાયેલું રહ્યું છે. અર્વાચીન સભ્યતાની અસર ગ્રામપ્રજા પર ઝડપથી થઈ રહી છે. ગ્રામબાળકો પણ હવે લોકસાહિત્ય કે લોકસંગીત નહીં, ફિલ્મી ગીતો ને ફિલ્મી સંગીતમાં લપેટાઈ રહ્યાં છે. આ સ્થિતિ દુર્નિવાર છે. આમ છતાં, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રનો સાગરકાંઠો, આદિવાસી પ્રદેશો, કચ્છ - આ પ્રદેશનું ઘણું લોકસાહિત્ય અક્ષુણ્ણ છે. સદ્‌ભાગ્યે આ સાહિત્ય પૂરું પાડી શકે એવો લોકસમૂહ હજુ છે. જો આ સાહિત્ય વેળાસર સંઘરી લેવાનું કરવામાં નહીં આવે તો લુપ્ત થઈ જશે. વૃક્ષ બચાવવા જેવું જ આ કામ છે એમ ગણવું જોઈએ. લોકસાહિત્યના સંગ્રહ માટે ટેપરેકોર્ડર, વી.સી.આર. જેવાં આધુનિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

લોકસાહિત્યનાં સંપાદન-સંશોધનને પણ યુનિવર્સિટીઓ વધારે સારી રીતે હાથ ધરી શકે. ગુજરાતની યુનિવર્સિટી લોકવિશ્વવિદ્યાલયરૂપે જ કામ કરી શકે. પ્રારંભમાં પ્રદેશના મુલાકાતી પ્રાધ્યાપકોની સેવાઓ લઈ આવી યુનિવર્સિટીઓ લોકસાહિત્યના સંશોધનના ક્ષેત્રે એક આબોહવા પણ ઊભી કરી શકે. લોકસાહિત્યના સંપાદન-સંશોધનમાં પણ કમ્પ્યૂટરની સેવાઓનો વિનિયોગ થઈ શકે.

૫. સંચયલક્ષી સંપાદનપ્રવૃત્તિ પણ વધુ ગંભીરતાથી હાથ ધરવી જોઈએ. કોઈ પણ પ્રજા એના સમગ્ર સાહિત્યરાશિને બાથ ન ભીડી શકે. પોતાના સમગ્ર સાહિત્યમાંથી ઉત્તમ સાહિત્ય પ્રજા આગળ મૂકાય તે જોવાનું કામ સાહિત્ય-સંસ્થાઓનું અને વિદ્યાપુરુષોનું છે. સરકાર આમાં સહાયભૂત થઈ શકે. આપણા સમગ્ર સાહિત્યની, આપણા તમામ પ્રમુખ સર્જકોની ઉત્તમ રચનાઓના સંચયો થવા જોઈએ.

સંચયોમાં સવિશેષ શાસ્ત્રીયતાનો વિનિયોગ આવશ્યક છે. સર્જકને અભિપ્રેત એવો છેવટનો કૃતિપાઠ યથાતથ જળવાય, કૃતિમાં કશી કાપકૂપ ન થાય, તે કરવી જ પડે તો તેની વિગતો અપાય, જોડણી અંગે નિશ્ચિત વલણ અપનાવાય - આ બધું થવું જોઈએ. સંચયો રૂપકડા થાય તે ઈષ્ટ જ છે, પણ શાસ્ત્રીય થાય તે વધુ ઈષ્ટ છે.

૬. પાઠ્યપુસ્તકોના સંપાદનમાં સાહિત્યિક સંપાદને જુદી જ ભાતથી કામ કરવું જોઈએ. વિદ્યાર્થીઓને આપણી ભાષાના સામર્થ્ય-સૌંદર્યનો પરિચય થાય તે રીતે સાહિત્યના અંશો એમની આગળ રજૂ થવા જોઈએ. એ જ રીતે વિદ્યાર્થીઓને યોગ્ય સાહિત્યસામગ્રીના સંચયો પણ થવા જોઈએ. અને આ સંચયો દ્વારા વિદ્યાર્થીઓની રુચિ અને સૌંદર્યદૃષ્ટિ ખીલે તે રીતે શિક્ષણક્રમ ગોઠવવો જોઈએ.

પાઠ્યપુસ્તકોમાં લેવાતી કૃતિઓમાં પણ પાઠજાળવણીની સભાનતા વધવી જોઈએ.

આમ, સંપાદન પ્રવૃત્તિ-સર્જન-ભાવનને સીધી રીતે

(અનુસંધાન ૧૦ ઉપર)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સત્યનો અનાદર મોંઘો પડે છે

હરેશ ધોળકિયા

ભારતીય સમાજની જીવનરીતિ કે વર્તમાન ભારતનું પ્રચાર તંત્ર જોઈએ છીએ, ત્યારે નવાઈ લાગે છે કે શું આ દેશમાં વેદ અને ઉપનિષદો કે ગીતા જન્મ્યાં હતાં ? સમાજ તરફ નજર કરીએ છીએ ત્યારે મોટા ભાગનો સમાજ વિચાર વિના જ જીવતો દેખાય છે. પરંપરા, ધર્મ, રિવાજો વગેરેથી ગ્રસ્ત થઈ ગયો જોવા મળે છે. તેને પ્રગતિ કરવી છે, પણ ભૂતકાળનો રાગ છોડવો નથી. તેને વર્તમાનમાં પરાક્રમો કરવામાં રસ નથી, પણ ભૂતકાળમાં પરાક્રમીઓનાં પરાક્રમોનું વ્યર્થ, નપુંસક ગૌરવ લેવું છે. વર્તમાન મહાન લોકોની નિંદા કરવી છે, પણ ભૂતકાળની સમાન્ય વ્યક્તિને ચડાવી મારવી છે. જોઈએ, સાંભળીએ, વાંચીએ ત્યારે દયા આવી જાય છે.

ભૂતકાળનું ગૌરવ લેવું અયોગ્ય નથી. ભૂતકાળ ઉત્તમ હોય તો ચોક્કસ ગૌરવ લેવું જોઈએ. પણ જીવવાનું છે વર્તમાનમાં, એટલે અત્યારે, અહીં ગૌરવપ્રદ બાબતો કરવાની છે એ યાદ રાખવાનું છે.

એ કરતાં પણ વિચાર એ આવે છે કે ભૂતકાળમાં જે ઉત્તમ તત્ત્વજ્ઞાન આપણા દેશે આપ્યું છે, તેના વિશે તો લોકો મોટા ભાગે અજાણ છે. તેઓ જેને ધર્મ માને છે તે તો ‘આઉટ ઓફ ડેટ’ બાબતો છે. તેમના સામે કથા વાર્તાઓમાં જે ધર્મને રજૂ કરવામાં આવે છે, તે પૌરાણિક અને પુરાણમાંથી પણ વ્યર્થ બાબતોને ચડાવી ચડાવીને રજૂ કરવામાં આવે છે. ખરેખર અહીં જે સર્વોત્તમ તત્ત્વજ્ઞાન રચાયું હતું તેના વિશે તો ભાગ્યે જ કોઈ વાત કરે છે. અને મોટી વાત એ છે કે હિન્દુ ધર્મમાં આ સાચા તત્ત્વજ્ઞાનને જ મહત્ત્વનું અને પાયાનું મનાય છે. તેના સિવાયની કોઈ વાત થાય તો તેને નકારવામાં આવે છે. પણ કથા વાર્તાઓમાં આ નકારાયેલી વાતોને જ ચડાવી ચડાવી કહેવામાં આવે છે. કથાઓમાં ધર્મ એટલે નીતિ એમ મનાય છે. એટલે નીતિની વાતો વધારે થાય છે, પણ હકીકતે ધર્મ એટલે અધ્યાત્મ છે. વાત અધ્યાત્મની કરવાની છે.

પણ કહેવું એ છે કે આ બધી વ્યર્થ બાબતો છોડી પાયાના તત્ત્વજ્ઞાનને જાણવાની જરૂર છે. આ વાત પહેલીવાર વિવેકાનંદે કહી હતી. તેમણે પણ સતત કહેલ કે માત્રને માત્ર તત્ત્વજ્ઞાનથી લોકોને પરિચિત કરવાના છે. કેવળ તત્ત્વજ્ઞાન જ લોકોને સમૃદ્ધ અને સામર્થ્યવાન બનાવશે.

આ તત્ત્વજ્ઞાન એટલે વેદાંતનું તત્ત્વજ્ઞાન, અદ્વૈતનું તત્ત્વજ્ઞાન.

અહીં તેની વાત નથી કરવી. પણ આ તત્ત્વજ્ઞાન સાથે જે કેટલીક ઉત્તમ વાતો આપણા તત્ત્વજ્ઞાનમાં કરવામાં આવી છે તે જાણવાની જરૂર છે. આવી ઉત્તમ વાતોનો તો વિશાળ ખજાનો છે, પણ અહીં એકાદ બે વાતો જ જાણીએ.

સામાન્ય સંદર્ભમાં ‘પ્રેમ’ મહત્ત્વનો ગુણ છે. પ્રેમના અનેક પર્યાયો છે : કરુણા, દયા, વાત્સલ્ય, સ્નેહ, સહાનુભૂતિ, સેવા, પરોપકાર, ત્યાગ, બલિદાન વગેરે. પણ ભારતીય તત્ત્વજ્ઞાન કહે છે કે પ્રેમનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે ક્ષમા. તે કહે છે, ‘જ્ઞાનસ્યાભરણં ક્ષમા.’ જ્ઞાનનું આભરણ ક્ષમા છે.

આના ઊંડાણથી વિચાર કરવા જેવો છે. ગીતા તો ત્યાં સુધી કહે છે કે ક્ષમા સ્વયં ભગવાનનું જ સ્વરૂપ છે. ઈશ્વરનું એક નામ ‘ક્ષમાસિંધુ’ છે. બધા ધર્મો પણ આ બાબતે સહમત થયા છે. ઈસુ કહે છે, ‘તમે તમારા ભાઈઓને ક્ષમા કરો. ઈશ્વર તમને ક્ષમા આપશે.’ જ્યારે ખુદ ઈસુને શૂળીએ ચડાવતા હતા, ત્યારે પણ તે શું બોલ્યા, ‘ભગવાન, તેમને ક્ષમા કરો, કારણ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરે છે.’

માત્ર ક્ષમાનો ગુણ મનમાં સ્થિર થઈ જાય, તો અદ્ભુત પરિણામો જોવા મળે છે. સ્વસ્થ રહેવાનું પાયાનું બળ ક્ષમા છે. તેનાથી મન નિર્મળ બને છે. મન સ્થિર બને છે. વ્યક્તિમાં સાત્ત્વિકતાનો ઉદય થાય છે. અપરાધભાવથી મુક્ત થાય છે. કોઈ પણ તાણ વિના જીવી શકે છે.

એવું જ બીજુ અદ્‌ભુત વાક્ય ભારતીય તત્ત્વજ્ઞાન આપે છે 'એકો સત વિપ્રા બહુધા વદન્તિ.' સત્ય એક જ છે. જ્ઞાનીઓ તેને વિવિધ રીતે વ્યક્ત કરે છે. આવું અદ્‌ભુત વિધાન વિશ્વમાં ક્યાંય પ્રગટ થયું નથી. એક ઝાટકે તે બધી સંકુચિતતાઓને ઉડાડી દે છે. જગતમાં મારો ધર્મ, તારો ધર્મ, મારો ભગવાન, તારો ભગવાન - એવા વ્યર્થ ઝઘડા ચાલે છે અને ધર્મના નામે હત્યાઓ, ખૂનો થાય છે. ત્રાસવાદ ઉત્પન્ન થાય છે. તેનું શું કારણ ? આવા લોકો માને છે કે પોતાના માન્યતાઓ જ સાચી છે. બાકી બધા ખોટા છે. કાફિર છે, હીધન છે, નાસ્તિક છે ! પણ આ મૂર્ખોને ખબર નથી કે સત્ય એક જ છે. સત્ય એક જ હોય. તેની અભિવ્યક્તિ અલગ અલગ હોઈ શકે, પણ તેથી સત્ય અનેક ન થઈ જાય. જેમ એક જ વ્યક્તિ પિતા, પુત્ર, દાદા, કાકા, મામા, ફુઆ, બનેવી, જમાઈ... બધું જ એકી સાથે હોઈ શકે, અને છતાં તે તો એક જ હોય, તેમ સત્ય પણ વિવિધ લોકોની અલગ અલગ સમજ પ્રમાણે અલગ અલગ દેખાય, પણ આ વિવિધતા મનની છે, સત્યની નથી. પાણીને જલ કહો કે વોટર કહો કે આબ કહો, કશો ફર્ક નથી પડતો. તે પાણી જ રહે છે. તેનો સ્વાદ એવો જ રહે છે. તેમ સત્યને ભગવાન, ઈશ્વર, ખુદા, ગોડ, યહોવાહ ગમે તે નામે પુકારો, તે મૂળ સત્ય જ રહેશે. નરસિંહ મહેતા કહે છે ને, 'નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય.' સોનામાંથી અનેક ઘરેણાં થઈ શકે છે અને તે બધાનાં નામ રૂપ અલગ હોઈ શકે છે, પણ હકીકતે તે બધાં સોનું જ છે. સોનું સત્ય છે. ઘરેમાં પરિવર્તનશીલ છે. તેમ ચેતના એક જ છે, તેના નામ અલગ અલગ હોઈ શકે છે. પકડવાનું છે સત્યને, નહીં કે નામ રૂપને !

આમ હોવા છતાં અલગતાને કેમ મહત્ત્વ આપવામાં આવે છે ?

તેનો જવાબ વિનોબા આપે છે. વિવેકાનંદ, ગાંધીજી કે વિનોબાએ સમાજ સેવાને ખૂબ મહત્ત્વ આપ્યું. સમાજનાં દુઃખો દૂર કરવા માણસે સતત પ્રયાસ કરવાનો છે. લોકો આ વાતને સ્વીકારતા પણ હતા. પણ આ કરવામાં એક ગોટાળો થઈ ગયો. કર્મ કરવું ઉત્તમ છે, પણ કર્મ કરવા સાથે જ્ઞાન પણ હોવું જોઈએ. કર્મ જ્ઞાનયુક્ત હોવું જોઈએ. લોકોએ કર્મનો સ્વીકાર કર્યો, પણ જ્ઞાનની ઉપેક્ષા કરી છે. આ વાત વિનોબાએ પકડી લીધી. તેમણે ચેતવતા કહ્યું, 'આજકાલ ઉપર ઉપરથી જ ચિંતન થાય છે. પરિણામ એ આવે છે કે ગાઢ ચિંતનના અભાવે વ્યક્તિની ચેતનામાં જે અમાપ શક્તિઓ રહેલી છે તેનો તેને પરિચય જ નથી થતો.'

મુદ્દો આ છે : કર્મ સાથે જ્ઞાનનું જોડાણ થવું જોઈએ. સ્વાધ્યાય થતો રહેવો જોઈએ.

આપણે ત્યાં સેવા વગેરેની વાતો ખૂબ થાય છે, પણ ક્યાંય સ્વાધ્યાયનો આગ્રહ રાખવામાં નથી આવતો. ઉપનિષદમાં પહેલી આજ્ઞા છે કે 'સ્વાધ્યાયમાં ક્યારેય પ્રમાદ ન કરવો.' સ્વાધ્યાય એટલે શરૂઆતમાં પાયાનાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ અને પછી તેને આધારે આત્મ-સ્મરણ અને આત્મ પરિચય. તત્ત્વજ્ઞાન જ કહે છે કે પોતે કોણ છે તે જાણવાનું છે. જગત આખાનો પરિચય થાય, પણ પોતે કોણ છે તે ખ્યાલ ન આવે તો બધું નકામું.

આપણા દેશમાં જ્ઞાનની સાધના ખૂબ થઈ છે, પણ માત્ર થોડા લોકો વચ્ચે. સમગ્ર સમાજને જ્ઞાનયુકત કરવાનો ક્યારેય પ્રયાસ નથી થયો. ચાર વર્ણોમાંથી બ્રાહ્મણ વર્ગ જ્ઞાની થયો, પણ તેમણે ક્યારેય બાકીના ત્રણ વર્ણોને જ્ઞાની બનાવવાનો પ્રયાસ ન કર્યો. કદાચ તેમના અજ્ઞાનનો લાભ લઈ શોષણ કર્યું. પરિણામે સમાજ હજારો વર્ષ સુધી પછાત થઈ ગયો, ગુલામ થઈ ગયો.

કારણ એક જ : જ્ઞાનને બંધિયાર બનાવી દીધું. વ્યાપક ન બનાવ્યું. હા, સંતોએ ભક્તિ દ્વારા પાયાના વિચારો આપ્યા, પણ પ્રજાએ તેને ભજન માની લીધાં. તેના પર વિચાર ન કર્યો. જ્ઞાન તો સીધું જ અપાય. શિક્ષણ દ્વારા જ અપાય. તેની તો સાધના જ કરાય. આપણા દેશમાં આ ઘટના ન બની. છેક વિવેકાનંદે પહેલીવાર ઉપનિષદનો

(અનુસંધાન ૩૮ ઉપર)



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ** ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય, અમદાવાદ.

## સેકન્ડ લેફ્ટનન્ટ -
## રામ રાઘોબા રાણે, પરમવીર ચક્ર

(ઈજનેર ટુકડીના સૈનિક - સ્વહસ્તે)
(ભારત - પાકિસ્તાન યુદ્ધ ૧૯૪૮)

સારી દુનિયા સો રહીથી, તબ ભારતમેં હુઆ થા નયા સવેરા ૧૫ અગસ્ત કા દિન થા વહ, જબ આઝાદ હુઆ થા ભારત મેરા.

૧૫ ઑગસ્ટ, ૧૯૪૭. બરાબર મધરાતના ટકોરે, જગત નિદ્રાધીન હતું ત્યારે ભારત નવજીવન અને સ્વાતંત્ર્ય સાથે જાગી ઊઠ્યું. અંગ્રેજો હિન્દુસ્તાન છોડીને ચાલ્યા ગયા, પરંતુ હિન્દુસ્તાનના ભાગલા કરીને ગયા. એક નવો દેશ પાકિસ્તાન બનાવીને ગયા. પણ... નવો દેશ ક્યારેય શાંતિ અને વિશ્વાસ નથી લાવતો. માત્ર તબાહી મચાવે છે, આગ ભડકાવે છે.

વર્ષ ૧૯૪૮... કાશ્મીર નૌકાઓની નગરી જે તેની ખૂબસૂરતી અને વિશિષ્ટ તથા સમૃદ્ધ સંસ્કૃતિ, કુદરતી અલૌકિકતા માટે જગમશહૂર છે. કાશ્મીર માટે તો એમ કહેવાય છે કે,

'गर फिरदौस वर रुये ज़मी अस्त / हमी अस्तो हमी अस्तो, हमी अस्तो रुम्र'

(ધરતી પર અગર કહીં સ્વર્ગ હૈ, તો યહી હૈ, યહી હૈ, યહી હૈ) પણ આજે ધરતી પરના આ સ્વર્ગ કાશ્મીરની હાલક નર્ક જેવી હતી. પાકિસ્તાની દુશ્મનો એને ધમરોળી રહ્યાં હતાં. જેની સન-સન કરતી શીતલ હવામાં ગીત-સંગીતના સ્વરનો આભાસ થાય, ફૂલોની ઘાટી ઉપર ઉડતા ભમરાની ગુંજન શહનાઈના સૂર જેવા લાગે, જેના સરોવરના કિનારે સૂરજની કિરણો અત્યંત સુંદર લાગે, જેની ખીણો મખમલી બગીચા જેવી લાગે ને પ્રાકૃતિક સુંદરતા મનને સ્પર્શી જાય એવા કાશ્મીરની હવામાં દારૂગોળાની બદબૂ, ગોળીઓની રમઝટ અને વાતાવતરણાં ઉગ્રતા અને ભેદી સન્નાટો હતો. ત્યાંની ધરતી પર બરફની ચાદરની ઠંડીની વચ્ચે પણ લોકોનો મિજાજ ઉગ્ર હતો.

છાતી ચીરી નાખે એવી ઠંડીગાર હવા બરફની ચાદર પર થઈને ભારતીય સૈનિકોના સીના પરથી પસાર થઈ રહી હતી. ચારેબાજુ તીવ્ર ખામોશી હતી. ત્યાંજ એ ખામોશીને ચીરીને માભોમની રક્ષા કરવા માટે માથે કફન બાંધીને નીકળી પડવાનું આહવાન કરતો એક અવાજ આવ્યો. એ અવાજ હતો એક લશ્કરી અધિકારીનો. તેમણે જવાનોને કહ્યું, ૫૦, પેરાબ્રિગેડ અને રાઈફલ્સે ઘૂસણખોરિયા પાકિસ્તાનીઓને ખદેડીને ઝાંગર પર કબજો મેળવ્યો હતો. પણ હજુ રાજૌરી કબજે કરવાનું બાકી હતું. પરંતુ પાકિસ્તાનીઓએ એ આખા રસ્તા પર એક એક પગલે સુરંગોની મોતની ચાદર બિછાવેલી હતી. એ કપરા અને લાંબા રસ્તા પર આગળ વધતું એટલે ભારતીય સેનાએ પગલે-પગલે મોતનો સામનો કરવા બરાબર હતું. જે દુશ્મનો સાથે મેદાન પર લડવા કરતાં પણ વધુ ખતરનાક હતું. જેમાં બચવા કરતાં શહીદીનો અવકાશ પૂરેપૂરો હતો.

ત્યારે બેઠેલા જવાનોમાંથી એક જવાનનો અવાજ આવ્યો, 'સર ! મને મોતની જરાપણ બીક નથી અને જો પગલે-પગલે મોત બેઠું હશે તો મને પગલે-પગલે માત આપતાંય આવડે છે.

કોનો હતો એ અવાજ ? કોણ હતું એ કે જેણે પોતાના

કૌશલ્યથી દુશ્મનોના દાંત ખાટા કર્યા અને કાબેલિયતથી મામૂલી જવાનથી સેકન્ડ લેફ્ટનન્ટ બન્યા અને મેજરનો હોદ્દો પામીને નિવૃત્ત થયા ? કોણ હતું એ કે જેણે ૧૯૪૮ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં ગજબ સાહસનો પરિચય આપ્યો ? કોણ હતું એ કે જેની બહાદુરી ઉપર માત્ર પરિવાર જ નહીં, પણ ભારતીય સેનાનો સમગ્ર એન્જિનિયર વિભાગ અને સમગ્ર દેશ પણ ગૌરવ કરે છે ?'

એ હતા સેકન્ડ લેફ્ટનન્ટ રામ રાઘોબા રાણે.. કે જેઓએ સેનામાં ભરતી થવાની સાથે જ નક્કી કરી લીધું હતું કે આ રસ્તા પર એક એક પગલે મોત બેઠું છે અને જો માતૃભૂમિની સેવા કરતાં કરતાં શહીદી વહોરીશ તો પણ લેશમાત્ર રંજ નહીં રહે.

ગ્રહો અને નક્ષત્રો પણ જેમને ઝૂકી ઝૂકીને સલામ કરે એવા જાંબાઝ વીર રામ રાઘોબા રાણેની વીરથી પરમવીર સુધીની યાત્રાને થોડાઘણાં શબ્દોમાં વર્ણવીને એ વીરને નતમસ્તક નમન કરું છું.

૨૬ જૂન, ૧૯૧૮માં ધારવાડ જિલ્લાના હવેલી ગામે મરાઠા કુટુંબમાં જન્મેલા રામ રાઘોબાના પિતા ઉત્તરાખંડમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. કોન્સ્ટેબલ પદ પર પિતાની થતી વારંવારની બદલીઓથી રામ રાઘોબાના અભ્યાસ ઉપર ખૂબ માઠી અસર પડતી. વળી બીજીબાજુ રાઘોબા જ્યારે ૧૨ વર્ષના થયા ત્યારે ૧૯૩૦માં એમણે ગાંધીજીનું અસહકારનું આંદોલન જોયું. જેનાથી એ એટલા પ્રભાવિત થયા કે એમાં સહભાગી થવાનું નક્કી કરી લીધું. જો કે પિતા નહોતા ઈચ્છતા કે ૧૨ વર્ષના રામ એ ચળવળમાં જોડાય. તેથી પિતા તેમને પોતાના પૈતૃક ગામ ચેંદિયા લઈ આવ્યા. એમનું પ્રારંભિક શિક્ષણ મોટે ભાગે જિલ્લાની શાળામાં થયું અને ૨૨ વર્ષની ઉંમરે રાણેએ બ્રિટિશ ભારતીય સેનામાં જોડાવાનું નક્કી કર્યું. જ્યારે બીજું વિશ્વયુદ્ધ પૂરજોશમાં હતું.

૧૦ જુલાઈ, ૧૯૪૦ના રોજ રાણેએ બોમ્બે એન્જિનિયર્સમાં ભરતી માટે અરજી કરી. ભરતી વખતે તેમની સુંદર કામગીરી બદલ 'શ્રેષ્ઠ ભરતી' (Best Recruit)થી તેઓ પાસ આઉટ થયા અને કમાન્ડન્ટ્સ કેનથી સન્માનિત થયા. ત્યારબાદ તો તેઓ સફળતાના શિખર સર કરતા રહ્યાં અને ભારતમાતાની સેવામાં પોતાનું જીવન વ્યતિત કરતા ગયા.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રામ રાઘોબા સેનામાં નોનકમિશન્ડ ઑફિસર તરીકે જોડાયા હતા. (NCO - Noncommissioned Officer - જેઓ કમિશન્ડ ઑફિસર દ્વારા નિયુક્ત થાય છે અને લશ્કરી કામગીરીનું નિયમિત સંચાલન અને દેખરેખ માટે મદદ કરે છે.) તેમની તાલીમ પૂર્ણ થયા પછી તરત જ તેમને નાઈકના હોદ્દા પર બઢતી આપવામાં આવી. (નાઈક પોલીસ કોર્પોરેટલની સમકક્ષ રેન્ક). બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમને બર્મા (હવે મ્યાનનગર)માં આગળ વધી રહેલા જાપાની દળો સામે લડવા માટે પૂર્વીય મોરચે ખસેડવામાં આવ્યા હતા. તે ૨૮મી ફિલ્ડ કંપની, એન્જિનિયર રેજિમેન્ટનો એક ભાગ હતો. અરાકાન પ્રાંતો પર ફરીથી હુમલાએ બ્રિટિશ કોમનવેલ્થ દળોને સુરક્ષિત રેખાઓ તરફ પીછેહઠ કરવાની ફરજ પાડી. (આરાકાન - એશિયાના દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં આવેલો ઐતિહાસિક કોસ્ટલ પ્રદેશ.)

આ સાથે જ રામ રાઘોબાએ એક મહત્ત્વનું કામ સોંપવામાં આવ્યું. એ કામ હતું દુશ્મનોની કેટલીક મુખ્ય સંપત્તિ, દારૂગોળો વગેરે નષ્ટ કરવાનું. જે કામ તેમણે ખૂબ કુશળતાપૂર્વક પાર પાડ્યું. પણ આણ કરતાં તેમની ટુકડી જાપાનીઓની નજરે ચડી ગઈ. જાપાની સૈનિકો ઉપરથી ગોળીઓનો વરસાદ વરસી રહ્યો હતો. વળી બ્રિટિશ ભારતીય નૌકાદળની મદદથી તેમણે બહાર કાઢવાનું વચન આપવામાં આવ્યું હતું. પરંતુ કમનસીબે તેમને લઈ જનાર નૌકાદળ એ દિવસે આવ્યું જ નહીં અને બીજી બાજુ ઉપરથી ગોળીઓનો વરસાદ તો ચાલુ જ. પણ પળનોય વિલંબ કર્યા વિના રામ રાઘોબા અને તેમના સાથીઓએ નદીમાં ઝંપલાવ્યું. બુથિદાંગ નદી પાર કરતી વખતે રામે પોતાની આવડત અને બહાદુરીની મદદથી નદીના કિનારે પેટ્રોલિંગ કરી રહેલા જાપાની સૈનિકોથી બચવામાં સફળતા મેળવી અને નદીના ધસમસતા પ્રવાહમાં તરતાં-તરતાં બહાદરી ખાતે પોતાના વિભાગમાં પહોંચી ગયા. આ અદમ્ય સાહસ બદલ રામ રાઘોબાને હવાલદારના હોદ્દા પર બઢતી આપવામાં આવી. (હવાલદાર - જે સાર્જન્ટને સમાનરૂપ કહેવાય.)

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, રામ રાઘોબાને વધુ એક

કમિશન આપવામાં આવ્યું હતું અને તેમને જમાદાર (હાલના સૂબેદાર – જુનિયર કમિશન્ડ ઑફિસર) બનાવવામાં આવ્યા હતા. ભારતને આઝાદી મળ્યા પછી રાઘોબાએ નવી ઊભી થયેલી ભારતીય સેનામાં રહેવાનું નક્કી કર્યું. તેમને શોર્ટ સર્વિસ (ટૂંકી સેવા) કમિશન આપવામાં આવ્યું અને સેકન્ડ લેફ્ટનન્ટના હોદ્દા પર બઢતી આપવામાં આવી.

૧૮ માર્ચ, ૧૯૪૮માં ઝાંગર, નૌશેરાને પાકિસ્તાની હાથમાંથી પુનઃ કબજે કર્યા પછી, ભારતીય સેનાનું આગળનું પગલું રાજૌરી જિલ્લાને કબજે કરવાનું અને સુરક્ષિત કરવાનું હતું. જેથી પાકિસ્તાની ફોજ અને કબાલીઓના જુલ્મથી સેના અને લોકોને બચાવી શકાય. મોઘલો દ્વારા બનાવાયેલા જૂના રસ્તાથી ચોથી ડોગરા બટાલિયન નૌશેરાથી ૧૧ કિ.મી. ઉત્તરે આવેલા બરવાળી પર્વત પર હુમલો કરીને કબજો કર્યો. પણ ભારતીય પ્રગતિને રોકવા માટે, પીછેહઠ કરી રહેલા દુશ્મને રસ્તા પર સુરંગો અને વિશાળ પાઈનવૃક્ષોના અવરોધો રાખ્યા હતા. આમ પાયદળ અને સશસ્ત્ર સ્ક્વોડ્રન માટે પ્રગતિ કરવાનું અશક્ય બન્યું. રામ રાઘોબા આ સમયે ૩૭મી એસોલ્ટ ફિલ્ડ કંપનીના (હુમલો ક્ષેત્ર કંપની) કમાન્ડમાં હતાં, જેને અવરોધોને દૂર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. જેથી કરીને ટેંકો સુરક્ષિત રીતે આગળ વધી શકે. ૮ એપ્રિલ, ૧૯૪૮ના રોજ, અવરોધો દૂર કરતી વખતે, પાકિસ્તાની દળોએ ભારતીય સ્થિતિ પર ભારે બોમ્બબારો શરૂ કર્યો. આમ કરતી વખતે રાઘોબા અને તેમની ટીમ છૂટાછવાયા દુશ્મન મશીનગન ફાયર હેઠળ આવી જેનો અર્થ એ થયો કે દુશ્મન તેમને જોઈ શકે છે અને હતું પણ એવું જ. દુશ્મન ઊંચાઈ પર હતો અને ત્યાંથી રાઘોબાની ટીમને નિશાન બનાવતો હતો. આ બધું હોવા છતાં રાઘોબા અને તેમની ટીમે સફળતાપૂર્વક અવરોધો દૂર કર્યા અને સેનાની કૂચને આગળ વધારવા કામ કરતા ગયા.

અને એવામાં જ એક ધમાકો અનેપછી બધું શાંત થઈ ગયું. કેટલાક સાથીઓ ઘાયલ થયા, બે સાથી જવાનો શહીદ થયા,. મશીનગનના ધમાકા ચાલતા જ રહ્યા, એમના કાન ખરાબ થઈ ગયા, રાણે પોતે પણ જખ્મી થયા. પણ પોતાના જખ્મોની પરવાહ કર્યા વગર અવરોધો દૂર કરતા રહ્યાં. આ નીડર 'લીડર'ને તૂટી જવું, ઝૂકી જવું મંજૂર નહોતું. વાતાવરણમાં થોડી શાંતિ મળતા તેઓ બેઠા થયા. શહીદ થયેલા બે જવાનોની લાશને માનભેર સાથે લીધી. નવી ટુકડીનું નિર્માણ કર્યું. જવાનોને સૂચના આપી, હિંમત આપી, દોરવણી આપી અને અસ્થિક ભાવિ વિશે ચેતવણી આપતાં તેમણે કોઈપણ સંજોગોમાં જવાનોને અટક્યા વિના જમીનમાંથી સુરંગો કાઢતા રહેવાનું અને આગળ વધતા રહેવાનું આહવાન કર્યું.

'યસ સર !'ના નારા સાથે જવાનોએ આગળ વધવાનું ચાલુ કર્યું. નીચે આગ ઓકતી ધરતી અને ઉપર અગનગોળા વરસાવતું આકાશ, તેમાંય ધરતીના પેટાળમાં ધરબાયેલી સુરંગોથી બચવાનું અને તેને હટાવવાનું હતું. તો રાણેને સાથે સાથે બે-બે જવાનોની શહીદીનો ભાર પણ પોતાના ખભે લઈને માર્ગ કરતા કરતાં રાઘોબા રાણેની ટુકડી (સાંજે ૪ વાગે) બરવાલી પુલ પર કબજો મેળવવામાં સફળ રહી. પણ હજુ ભારતીય ટેંકો માટે સુરંગોથી ભરેલો રસ્તો સાફ કરવાનો હતો. રાણે અને તેમની ટુકડીના જવાનો ના રોકાયા, ના જંપ્યા, ના થાક્યા, ના હાર્યા અને મોડી રાત સુધી ભારતીય ટેંકો માટે સુરંગોથી ભરેલો રસ્તો સાફ કરતાં કરતાંઆગળ વધતા રહ્યા. સાથી જવાનોએ રાત્રે એક સ્થળે થોડો આરામ કર્યો. પરંતુ રામ રાઘોબા રાણે જાગતી આંખે આગળની રણનીતિ વિચારતા રહ્યા.

૮ એપ્રિલ, ૧૯૪૮ના દિવસે સૂરજ એનું પ્રથમ કિરણ ફેલાવે તે પહેલાં તો રાઘોબા તેમની બટાલિયન સાથે રાજૌરી કબજે કરવા રવાના થયા. એક પછી એક સ્થળો પસાર કરતાં તેઓ પહેલાં રીજ પહોંચ્યા અને ખૂબ જ સરળતાથી રીજ પર કબજો મેળવી લીધો અને આગળ વધતા રહ્યાં. ધૂંવાપૂંવા થયેલા પાકિસ્તાની સૈનિકોએ વળતો પ્રહાર કર્યો. પરંતુ તેમાં તેમને સફળતા મળી નહીં. બરફથી છવાયેલા ઉત્તુંગ પહાડો અને સાંકડા ખતરનાક રસ્તાઓ પરથી આગળ વધતાં ભારતીય જવાનોની અનુભવી આંખોએ રસ્તા પર પગલે-પગલે મોત બેઠેલું જોયું. છાતી ચીરીને સુરંગો હટાવવાનું હતું અને એ કામ રાણેએ પોતે જ કરવાનો હઠાગ્રહ રાખ્યો. ટુકડીનું નેતૃત્વ રાણે કરી રહ્યા હોવાથી બીજા જવાનો રાણે આ જોખમ ના ઉઠાવે તેમ ઈચ્છતા હતા. પણ રાણે જેનું નામ ! તેમણે કહ્યું, 'મોત કરતાં ખપીશું તો લેશમાત્ર રંજ નહીં રહે.' એમ

કહી હસતાં મુખે જમીનમાં ધરબાયેલી સુરંગો એક પછી એક હટાવતા ગયા અને ભારતીય સૈન્યને બખ્તરબંધ ગાડીઓને આગળ વધવાનો માર્ગ મોકળો કરતાં ગયાં.

૮ એપ્રિલના રોજ સવારે ૬૭ વાગ્યે રાણે અને એમની કંપની રાજૌરી તરફ ફરી આગળ વધી. પણ આગળના સર્પાકાર રસ્તા ઉપર દુશ્મનોએ પાઈનવૃક્ષના અવરોધો ઊભા કર્યાં હતા અને બીજી બાજુ જમીનમાં ધરબાયેલી સુરંગો તો ખરી જ ! પગલે પગલે મોત હતું. પણ પગલે પગલે મોત બેઠું હોય તોય પગલે પગલે માત આપવાની જે ખુમારી ધરાવતા હોય તેવા રાઘોબા બેવડા ઝનૂનથી કામે લાગી ગયા અને આગળ વધતા રહ્યાં. ટેંકોને આગળ વધવા સારા રસ્તા નહોતા ત્યાં રસ્તા બનાવ્યા, સુરક્ષિત ડાયવર્ઝન લેન બનાવી. અરે ! રાણેએ એકલે હાથે પાઈનના ૫ ઝાડ હટાવ્યા અને બે કલાકની અંદર તો રાણે અને તેમના સાથીઓએ સૈનિકોને આગળ વધવા માટેનો રસ્તો સાફ કરી દીધો.

પણ... વિધાતાએ પણ એમને ખરી કસોટી પર ઉતાર્યા હતા. આગળ જતાં રસ્તો બંધ, દુશ્મનોએ પુલ તોડી નાખ્યો હતો. સૌના મોં પર હવે શું ?નું પ્રશ્નાર્થ ચિહ્ન. પણ 'રુક જાના નહીં તૂ કહીં હારકે, કાંટો પે ચલકે મિલેંગે સાયે બહારકે' એ ન્યાયે રાઘોબા રાણેએ તેના જવાનોમાં ઉત્સાહનો મંત્ર ફૂંક્યો અને દુશ્મનોની ગોળીઓના વરસાદ વચ્ચે પણ વળતો પ્રહાર કરતાં કરતાં પુલનું કામ પૂરું કર્યું, આગળ વધ્યા અને પુલ પરથી બખ્તરબંધ ગાડીઓ પસાર કરી. સૌના ચહેરા પર જીતની ખુશી હતી.

૧૦ એપ્રિલના રોજ મળસ્કે ભારતીય સેનાએ દુશ્મનોના ગોળીબારનો મુંહતોડ જવાબ આપતાં આપતાં ફરી આગળ વધવાનું શરૂ કર્યું. જેને કારણે દુશ્મનોને પીછેહઠ કરવી પડી. પણ હાર્યો જુગારી બમણું રમે એ કહેવત પ્રમાણે દુશ્મનો વધુ આક્રમક બન્યા હતા અને આગળના આખાય ક્ષેત્રને ચારે તરફથી ઘેરી લીધું હતું. પણ રામ રાઘોબા રાણે અને તેમના જવાનો એમ હાર માને તેવા નહોતા. મંજિલ નજીક હતી. રાણે ટુકડીને હવે પાછા ફરવાનું મંજૂર નહોતું. રામેના નેતૃત્વ હેઠળ જાનની બાજી લગાડીને દુશ્મનો સાથે લડી લેવા તેઓ આગળ વધ્યા અને પછી તો એવું થયું કે જમીનમાંથી એક એક સુરંગ બહાર નીકળતી ગઈ અને એના સ્થાને દુશ્મનની એક એક લાશ દફન થતી ગઈ. આખરે જીવ સટોસટનો ખેલ ખેલીને રાણે અને તેમની ટુકડી આખોયે રસ્તો સાફ કરવામાં અને દુશ્મનોને હાંકી કાઢવામાં સફળ રહી. આમ કરતાં રાણે અને તેમની ટુકડીએ માત્ર ૫૦૦ પાકિસ્તાની આક્રમણકારોને માર્યાં ને હજારોને ઘાયલ કર્યાં પણ એ વિસ્તારમાંથી આક્રમણકારોને ભગાડ્યા અને ચિન્ગાસથી રાજૌરી વિસ્તારના હજારો નાગરિકોના જાનની રક્ષા પણ કરી અને બે વાગે તો ચિન્ગાસ પર કબજો મેળવી લીધો. વાયરલેસ દ્વારા હેડક્વાર્ટર પર આ સમાચાર મળતાં જ ચારેબાજુ આનંદનો માહોલ છવાઈ ગયો. આ રાણેના સફળ નેતૃત્વ, બહાદુરી અને હિંમતની જીત હતી. જ્યારે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની કવિતાના બોલ દેશની હવામાં ગુંજતા સંભળાયા,

*'કશ્મીર પર ભારત કા ધ્વજ નહીં ઝુકેગા*
*અમેરિકા ક્યા સંસાર ભલે હી હો વિરુદ્ધ*
*કશ્મીર પર ભારત કા ધ્વજ નહીં ઝુકેગા*
*એક નહીં, દો નહીં, કરો બીસો સમજૌતે*
*પર સ્વતંત્ર ભારત કા મસ્તક નહીં ઝુકેગા'*

સેકન્ડ લેફ્ટનન્ટ રામ રાઘોબા રાણે...

શ્રી રામની જેમ જ તેઓ દુરાચારી સામે લડ્યા, કપાળમાં પાવન કર્મનું ચંદન કરીને હુંકાર કર્યો, માનવમૂલ્યોને જીવ્યા, કર્તવ્યપરાયણતા તેમના આચરણમાં હતી. રામે જેમ અશોકવાટિકામાં રાવણની કેદમાં રહેલા સીતાજીનો વિશ્વાસ નહોતા તોડ્યો તેવી જ રીતે તેમણે પણ દેશવાસીઓનો ભારતીય સૈન્યનો અને સેનાના એન્જિનિયર વિભાગનો વિશ્વાસ નહોતો તોડ્યો. રામ જેમ સીતાજીને રાવણના સકંજામાંથી આદર, સન્માન સાથે અયોધ્યા લઈ ગયા હતા તેવી જ રીતે રામે (રાઘોબા રાણેએ) પણ પાકિસ્તાનીઓને પૂરી તાકાતથી હંફાવીને મારી ભગાડ્યા અને ભારતની સફેદ બર્ફીલી પાઘડીની રક્ષા કરી.

લંકાના યુદ્ધના અંતિમ ચરણમાં રામ જ્યારે બ્રહ્માંડના સૌથી શક્તિશાળી યોદ્ધા એવા રાવણ સામે યુદ્ધ લડવા જવાના હતા ત્યારે મુંઝાયેલો વિભિષણ રામને કહે છે કે, 'એવો યોદ્ધો જેની પાસે અગણિત ઘોડાવાળો રથ છે, જેના ઉપર ચડીને તે યુદ્ધ લડશે, જ્યારે રામ ! તમે તો ખુલ્લા પગે છો; રથ તો ઠીક પણ એક અશ્વ પણ નથી તમારી પાસે !' ત્યારે રામ વિભિષણને કહે છે કે 'લાકડી અને

ધાતુના રથ તો તેં બહુ જોયા પણ વીરતાનો મનોરથ, સત્યનો સંઘર્ષરથ, રામનો મર્યાદા રથ તેં ક્યાં જોયો છે?' પરાક્રમ સાહસ, શૌર્ય અને લગન જે રથના ચાર પૈડાં છે, વિવેક અને બુદ્ધિરૂપી બે અશ્વ રથના વેગનું સંચાલન કરશે, દયાની રસ્સીઓમાં અશ્વ બાંધેલો છે અને સંયમશીલ ચાબુક કે જેનાથી રથ પોતાના માર્ગેથી વિચલિત નહીં થાય. એવા રથ ઉપર ચડીને લડનારા કર્મઠ લોકોને તકદીર સાથ આપે જ છે. રામ (રાઘોબા રાણે) પણ પરાક્રમ, સાહસ, શૌર્ય અને લગનના ચાર પૈડાં ઉપર શ્રીરામની જેમ જ પોતાના રથને હંકારી ગયા. આપત્તિઓ વચ્ચે પણ હસતા રહ્યાં. ક્યારેય ગભરાયા નહીં, અપાર કષ્ટ સહન કર્યાં, રણભૂમિમાં રહ્યાં. શ્રી રામના હાથોએ ધનુષ્ય તોડ્યું હતું તો રામ (રાઘોબા)ના હાથોએ સુરંગો ઉખાડી ફેંકી હતી અને દરેક કસોટી પર વિજયી થયા.

કલાકોના કલાકો ખાધા વિના, ઊંઘ્યા વના, આરામ વિના તેઓ રસ્તા સાફ કરતાં રહ્યાં, સેનાને આગળ વધારતા રહ્યાં અને દુશ્મનોને ખદેડતા રહ્યું. આવું તો એક રાઘોબા જ કરી શકે ! કારણ કે રાઘોબા નામનો અર્થ જ છે ક્ષમતા, તાકાત, પ્રભાવી, આત્મવિશ્વાસ. રાઘોબા નામની વ્યક્તિ પોતાના કાર્યો પ્રત્યે સજ્જ હોય છે. જો રાઘોબાનો અર્થ માણીએ તો,

R - Reliable - વિશ્વનીય

A - Authentic - અધિકૃત

G - Goodwill - - સદ્દભાવના

H - Healthy - - સ્વસ્થ

O - Outstanding - ઉત્કૃષ્ટ

B - Brilliant - તેજસ્વી

A - Adventurous - સાહસિક

પરમવીર ચક્ર (PVC) જેને બ્રિટનમાં વિક્ટોરિયા ક્રોસને સમાંતર માને છે અને અમેરિકામાં મેડલ ઓફ ઓનર કહેવાય છે. ગજબની હિંમત, પ્રબળ ઈચ્છાશક્તિ, ઉત્કૃષ્ટ બહાદુરી, સૂઝબૂઝ, રણ કૌશલ્ય, દેશભક્તિ અને પગલે પગલે મોતને માત આપીને આવેલા આ વીરને તેમના અભૂતપૂર્વ સાહસ બદલ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા ૨૧ જૂન, ૧૯૫૦ના રોજ દેશના સર્વોચ્ચ શૌર્ય સન્માન પદક પરમવીર ચક્રથી સન્માન કરમસિંહ સાથે સ્વહસ્તે સ્વીકાર્યું. પરમવીર ચક્ર મેળવનારા વીર સૈનિકોમાં રાઘોબા રાણે એવી વ્યક્તિ હતાં કે જેમણે પોતાની હયાતીમાં જ આ સન્માન પ્રાપ્ત કર્યું. સમગ્ર દેશવાસીઓને ગર્વ છે આવા વીરો ઉપર. અઠ્યાવીસ અઠ્યાવીસ વર્ષો સુધી તેમણે આપેલી સેવાઓ દેશ ક્યારેય નહીં ભૂલે.

નોન-કમિશન્ડ ઓફિસર, નાઈક, જમાદાર, સેકન્ડ લેફ્ટનન્ટ, કેપ્ટન, મેજર અને નિવૃત્તિ પછી પણ સૈન્યનો એક ભાગ રહેલા રામ રાઘોબાનું ૧૧ જુલાઈ, ૧૯૯૪ના રોજ ૭૬ વર્ષની વયે કુદરતી કારણોને લીધે કમાન્ડ હોસ્પિટલ, પુણે મહારાષ્ટ્ર ખાતે મોતને માત આપનાર આ વીરને મોત ભેટી ગયું અને તેમની ઈચ્છા મુજબ જ તેમના મૃતદેહને બોમ્બે એન્જિનિયર ગ્રુપના કેન્દ્રમાં અંતિમ સંસ્કાર આપવામાં આવ્યા. તેમના મૃત્યુ બાદ પત્ની રાજેશ્વરી દેવીએ 'સાહેબ' (પત્ની દ્વારા થતું સંબોધન)નું પરમવીર ચક્ર બોમ્બે એન્જિનિયર ગ્રુપ સેન્ટરને સોંપ્યું હતું.

શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, શિપિંગ મંત્રાલયના નેજા હેઠળની ભારત સરકારની એન્ટરપ્રાઈઝ, પરમવીર ચક્ર પ્રાપ્તકર્તાઓના સન્માનમાં તેના પંદર ક્રૂડ ઓઈલ ટેન્કરનું આપવામાં આવ્યું છે. એમ ટી. લેફ્ટનન્ટ રામ રાઘોબા રાણે, પીવીસી નામનું ક્રૂડ ઓઈલ ટેન્કર ૮ ઓગસ્ટ, ૧૯૪૮ના રોજ શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SCI)ને આપવામાં આવ્યું હતું. ૨૫ વર્ષની સેવા બાદ ટેન્કરને તબક્કાવાર બંધ કરવામાં આવ્યું હતું.

૭ નવેમ્બર, ૨૦૦૬ના રોજ તેમના વતન કારવારમાં રવીન્દ્રનાથ ટાગોર બીચ, કર્ણાટક ખાતે INS ચપલ યુદ્ધ જહાજ મ્યુઝિયમની સાથે એક સમારોહમાં રાણેની સ્મૃતિમાં તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

રામની જેમ જ ધનુષ્યની પ્રત્યંચા ખેંચનાર સેકન્ડ લેફ્ટનન્ટ રામ રાઘોબા રાણેની વીરથી પરમવીર સુધીની આ યાત્રાને સમગ્ર દેશવાસીઓની સો સો સલામ.

*'આઓ ઝૂકકર સલામ કરે ઉનકો*
*જિનકે હિસ્સોમેં યે મુકામ આતા હૈ*
*ખુશનસીબ હોતે હૈ વો લોગ*
*જિનકા લહૂ ઈસ દેશકે કામ આતા હૈ'*
સ્વતંત્ર ભારત ! તારી જય હો ! વિજય હો !

# શિક્ષકની ચેતના

**ડો. અરુણ કક્કડ**
બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલ પંપ પાસે,
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૧૫.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

## જીવન ઘડતરમાં વાંચનનું મહત્ત્વ દર્શાવતું પુસ્તક 'મારી વાચન કથા'

'આ સંસારનાં વિષવૃક્ષને અનેક ફળ બેસે છે. પણ તેમાં બે જ ફળ મીઠા, રસાળ છે. એક કાવ્યરસનો આસ્વાદ અને બીજું સજ્જનોનો સમાગમ.' મનુભાઈ પંચોળી 'દર્શક' કૃત 'મારી વાચન કથા'ના અંતે મુકાયેલ શ્લોકનો ઉપરોક્ત અર્થ જે સૂચવે છે તે જ એ પુસ્તકનો વિષય છે. અહીં સાહિત્ય ઉપરાંત ઈતિહાસ અને અર્થશાસ્ત્રનાં પુસ્તકોની વાત પણ છે. દર્શક સાહિત્યકાર હોવા ઉપરાંત એક શિક્ષક - નઈ તાલીમના શિક્ષક હોવાને કારણે સાહિત્ય ઉપરાંત બીજા વિષયોનો અભ્યાસ કરવાનું પણ બને છે અને તેથી અર્થશાસ્ત્ર, ઈતિહાસ વગેરે વિષયનાં ઉત્તમ પુસ્તકોનું વાંચન પણ થાય છે. જે સમયે પુસ્તક પ્રથમ વખત વંચાયું ત્યારે મન પર પડેલી છાપ, તે વખતની પોતાની ઉંમર, આસપાસની પરિસ્થિતિ તે સમયનો અભ્યાસ તે સમયના પોતાના વિચારો વગેરેની વાત કરી અને તે પુસ્તકનું પોતાના જીવનઘડતરમાં અને માનસ ઘડતરમાં કેવું મહત્ત્વ છે તે દર્શાવી આપે છે. 'મારી વાંચન કથા' લખાયું છે ત્યારે લેખકની ઉંમર પુખ્ત છે. આ પુખ્ત ઉંમરે લેખકે ભૂતકાળમાં પોતે કરેલા વાંચનની કથા માંડી છે તેથી તે વાંચનની અત્યારે પોતાના જીવન પર શી અસર છે તે વિશે પણ વિચારો રજૂ થતા રહે છે. કેટલાક પુસ્તકો દ્વારા થયેલી ખરાબ અસરોની વાત પણ કરે છે.

દર્શકે જે કંઈ વાંચ્યું, તેની તેમના ચિત્ત પર શી અસર થઈ અને તે પરથી તેઓ કેવા કાચાં-પાકાં તારણો પર આવ્યા તે વિશેનું આત્મનિવેદન આ વાચનકથામાં છે. અનુભવ જેવો સાથી બીજો કોઈ નથી. સુંદર લખવાનું તો કોઈકથી જ બની શકે, પણ તે વાંચવાનું બધાથી બની શકે તેમ છે. શ્રી પ્રકાશ ન. શાહે નોંધ્યું છે તેમ; 'ખરું જોતાં, આ એક સજગ બૌદ્ધિકના વૈચારિક વિકાસનો આલેખ છે. આ વાંચનકથા એક એવા જણે માંડેલી છે કે નકરો શિક્ષક, નર્યો સર્જક અગર એકકેન્દ્રિય બૌદ્ધિક નથી; નવી સમાજરચનાનો એ સિપાહી પણ છે.' (પૃ. ૮). સાહિત્યની શક્તિ એવી તો અદ્ભુત છે કે જ્યાં સામાન્ય ધર્મગ્રંથ અટકી જાય છે ત્યાંથી એની યાત્રાનો આરંભ થાય છે.

દર્શકની શૌર્યભાવનાએ પછીથી સ્વાધ્યાય અને સમજપૂર્વકના સક્રિય સંકલ્પનું કાઠું કાઢી જાણ્યું છે. દર્શકને બાળપણમાં વ્યાસવલ્લભના મહાભારતનો પરિચય થયો હતો અને કૌરવ પાંડવ કથામાં રસ પડ્યો હતો. ભૂતકાળના ઉજાસમાં વર્તમાનને ઉકેલવાનું બન્યું. બાલવયનાં વાંચનનો કિશોરમાનસમાં વર્તમાન સાથે જે અનુબંધ સધાયો તે ન થયું હોત તો બાળકથા માંહેલી બીજરૂપ સમજ અંકુરિત થવાને બદલે ઠૂંગરાઈ કે ચીમળાઈ ગઈ હોત. વાંચનને કારણે દર્શક એક એવી સમજ સુધી પહોંચ્યા હતા કે, ધર્મ પરંપરાની અફીણી તાસીર, જો એક દુર્દૈવ વાસ્તવ છે, તો એ જ પરંપરામાં રહેલી અમૃતગુંજાશ એવી જ એક દિવ્ય શક્યતા પણ છે. મહાદેવ ગોવિંદ રાનડેના પુસ્તક 'રાઈઝ ઑફ મરાઠા પાવર'ના વાંચને દર્શકને સમજાયું કે, મરાઠાઓના વિકાસમાં સંતપુરુષોએ મહત્ત્વની ભૂમિકા ભજવેલી છે. પરિણામે કેવળ આર્થિક પરિબળને જ મુખ્ય ચાલક બળ લેખી બીજાં ચૈતસિક પરિબળોને લેખામાં નહીં લેવાની ભૂલમાંથી દર્શક ઊગરી ગયા છે.

દર્શક જીવનભર વાર્તા રસિયા રહ્યાં. 'લા મિઝરેબલ' નવલકથા જેલમાં વાંચી. તે તેમના માટે એક અવિસ્મરણીય અનુભવ હતો. જ્યાં સુધી સ્ત્રીઓ, બાળકો અને ગુનેગારો પ્રત્યેનું લાંછિત વર્તન ચાલુ રહેશે ત્યાં સુધી હ્યુગોનું 'લા મિઝરેબલ' લખ્યું એળે નહીં જાય. સમાજના અન્યાયો અને વિષમતાઓની આર્થિક-તાર્કિક મીમાંસાએ કર્મઠ દર્શકનો એક સ્વાધ્યાય વિષય અવશ્ય રહ્યો છે, પણ એમનો એ બધો અભ્યાસ સતત આર્દ્ર બની રહેલો છે. અભ્યાસ અને કર્મ એકમેકનાં પર્યાય બની રહે એવું બેઉ છેડેથી બળતી મીણબત્તી જેવું જીવન વ્યતિત કરનાર

ભોગીભાઈનો ‘દેવદાસ’નો અનુવાદ અને ‘પલ્લવીસમાજ’, ‘શ્રીકાંત’ વગેરેનું વાંચન પણ થયું. આ વાંચન એક તરફથી દીનહીન દુર્બલ ગ્રામભારતનું વાસ્તવચિત્ર આપનારું હતું. તો એમાંનું માનવચિત્રણ મહાનુકંપાના તારને ઝંકૃત કરનારું હતું.

શ્રી પ્રકાશ ન. શાહે નોંધ્યું છે કે, ‘આ પ્રકારના વાંચનથી, સિસ્ટમ વિષયક સ્વાભાવિક સભાનતા માપ બહાર વકરે અને મનુષ્ય વ્યક્તિને ભૂલીને કે ભૂંસીને ચાલે એવી વિકૃતિને દર્શકના કિસ્સામાં અવકાશ રહ્યો નથી.’ (પૃ. ૧૩) સાહિત્યસેવાને દર્શકને જીવન અને મનુષ્ય પરત્વે અખંડ દર્શનના સંસ્કાર આપ્યા છે. મનુષ્ય માત્ર તેજ-અંધારનું પૂતળું છે એવી અખંડ એટલે કે વાસ્તવક સમજ તેમને મળી છે. તજજ્ઞો વિના આરોવારો નથી અને આ તજજ્ઞ ગણ લોક પરત્વે ઉત્તરદાયી ન હોય તો લોકશાહીનો જયવારો પણ નથી. દર્શકની વાંચનકથા વાંચતા એ અનુભવાય છે કે આ મામલે માર્ક્સની સાથે ને સામે પોતાના મૂળિયા રાનડે, જદુનાથ, સરકાર, રવીન્દ્રનાથ, વ્યાસ વગેરેની સોબતમાં ફંફોસેલા છે. પશ્ચિમની બારી ખૂલી છે એટલે જીર્ણમત નથી વળગ્યો અને મૂળિયાનુંયે સેવન અને શોધન જારી છે એટલે તંતુવિચ્છેદ પણ નથી થયો.

દર્શકના પિતાજી શાળાના મુખ્ય મહેતાજી હતા એટલે લુણસર શાળાની નાનકડી લાઈબ્રેરીનાં પુસ્તકો નાનપણમાં વાંચવા શરૂ કર્યા હતા. ‘વીર દુર્ગાદાસ’ અને ‘મારુ સરદારોની વાર્તા’ઓએ બાળક મનુભાઈ પર ભારે જાદુ કરેલો. શૌર્ય, ખાનદાની, વફાદારીના જે સંસ્કારોના બીજ દર્શકમાં હતાં તેમાં આ વાર્તાના ફરીફરીના વાંચન થકી પૂર આવેલા અને દર્શકને મન દુર્ગાદાસ એક આદર્શ વીરપુરુષ બની ગયા. ‘નર્મ ગદ્ય’માં સંઘરાયેલા ઈલિયડ, રામાયણ અને મહાભારતના સારભાગના વાંચન સંદર્ભે દર્શકે નોંધ્યું છે કે, ‘આ ત્રણ મહાન ગ્રંથોના સરળ છતાં સજીવ સંક્ષેપો મને એ ઉંમરે વાંચવા મળ્યા તેને હું મારા જીવનનું એક પરમ સૌભાગ્ય ગણું છું.’ (પૃ. ૪) મહાભારત અને રામાયણના સાર કરતાંયે નર્મદે તેનાં પાત્રો વિશે જે ટૂંકાટૂંકા વાક્યોમાં નિર્ભય સમાલોચના કરી છે તેની દર્શક પર ઊંડી છાપ પડી હતી. શ્રીકૃષ્ણ જેવા અવતારી પુરુષની નર્મદે જે શબ્દોમાં હિંમતભરી મુલવણી કરી છે તેણે દર્શકને મહાપુરુષોને પણ તટસ્થ રીતે જોવા કરવાના સંસ્કાર આપ્યા. ઈલિયડનું સારદોહન એટલું રસાળ ને સચોટ હતું કે દર્શકને એ કથા કાવ્યમાં પરદેશીપણું નહોતું લાગ્યું. ત્રીજી ચોપડીમાં ભણતા બાળક દર્શકને ઈલિયડના વાંચનમાં તન્મય અને તદ્રુપ કરી મૂકવાની નર્મદની શક્તિ પ્રણામ કરવા યોગ્ય છે. ગ્રંથ ઉત્તમ હોય અને તેને પચાવીને ઉતારનારો જો કલાકાર હોય તો પરદેશી કૃતિ પણ સ્વદેશી કૃતિ જેવી જ સ્વાદિષ્ટ લાગે છે.

પિતાજી પાસેથી ‘સૌરાષ્ટ્રની રસધાર’ના કરેલા શ્રવણ દ્વારા મેઘાણીની ભાષામાં નવા પ્રકારના નાદનો અને ચિત્રાત્મકતાનો અનુભવ દર્શકને થયેલો. પ્રેમાનંદના ‘વૈદર્ભી વનમાં વલવલે’ અને ‘હે હરિ ! સત્ય તણા સંગાથી’ એ બે કાવ્યો દ્વારા દર્શકને શબ્દમાં રહેલી શક્તિનો પહેલવહેલો પરિચય થયેલો. આ અનુભવ કાવ્યમાં થયેલો, પણ ગદ્યભાષામાં શબ્દશક્તિનો અનુભવ મેઘાણીની ‘રસધાર’માં જ પહેલા અનુભવ્યો. ‘કુમાર’ના અંકમાં ક્લોજી લુણસરિયાની કથા વંચીને પૂરી કરતાં જાણે દર્શકનું શરીર શૂરવીરતાથી ધ્રૂજવા લાગ્યું - જાણે કોઈક સરમાં આવ્યું હોય. કેટલાક દિવસ સુધી આ કેફ રહ્યો. ‘કુમાર’માં જ વાંચેલ કિરીટ હાથીની પ્રાણીકથાનો કિરીટ શાળામાંના ગોઠિયા કે ઘરમાંના નાનાભાઈ કરતાંય વધારે નિકટનો અને વાસ્તવિક લાગે છે. નાનપણમાં દર્શકની આજુબાજુ પ્રાણીસૃષ્ટિ તો હતી. નાના બાળકોને કુરકુરિયાં-બિલાડાં ગમે. પણ દર્શક બ્રાહ્મણ રહ્યાં એટલે તેમના ઘરમાં સંસ્કાર મુજબ અડીને નહાવું પડે. ગાયનાં વાછરડાને તેઓ રમાડતા અને કોઈવાર ચરાવવા પણ લઈ જતાં. ‘હિંદ અને બ્રિટાનિયા’ પુસ્તકથી આ દેશ ઘણાં ગરીબ અને બીજાથી શોષાઈ રહ્યો છે તેવી છાપ દર્શકના દય પર પડી હતી. આ પુસ્તક વાંચતી વખતે દર્શક ચોથી ગુજરાતીમાં ભણતા હતા. પણ ઈ.સ. ૧૯૪૭માં અંગ્રેજો બહુ અંશે સ્વેચ્છાએ ગયા અને ઈતિહાસમાં ભાગ્યે જ બતાવાઈ હોય તેવી સમજદારી બતાવી. ઇચ્છારામભાઈએ અંગ્રેજ પ્રજાના આત્માનું સત્ત્વ આલેખ્યું હતું તે સત્ત્વ આખરે નિર્ણાયક થયું. ગ્રંથો પ્રજાની ત્રીજી આંખ છે, તેની કાંઈક સાહેદી સમું આ પુસ્તક થયું. વ્યાસવલ્લભનું

મહાભારત ઘણાં ગામોમાં ચોરેચૌટે ભટ્ટો વાંચતા. દર્શકના બાળપણ સમયે હાથમાં એ મોટું થોથું આવતા જાણે અલાદીનનો ખજાનો હાથ આવ્યા જેવું થઈ ગયું. દર્શક નોંધે છે કે, 'નવરાશની એકેએક ક્ષણે હું એના પર તૂટી પડતો. 'વૈશંપાયન એણી પેરે બોલ્યા, સુણ જનમેજય રાય' રાતદિવસ મનમાં ગુંજ્યા કરતું. વ્યાસવલ્લભના આ મહાભારતમાં કિશોરોની ભાવસૃષ્ટિ માટેની સામગ્રી ભરપૂર પડી છે. ભીમના પરાક્રમો, અભિમન્યુનો ચકરાવો, સુરેખાહરણ, કીચકવધ આ બધા પ્રસંગો કિશોર કે કુમારોને હંમેશ માટે ઉચ્ચભાવોમાં તરબોળ કરે તેવા છે.'

દેશ તેની માટીના રજકણોથી બંધાતો નથી. તે માટી તો બધે જ સરખી હોય છે. દેશ બંધાય છે તેના નાગરિકોની ભાવાત્મક એકતાથી. ભાવસૃષ્ટિની સમાનતા, અમે બધા 'એક' છીએ એમ કહેવડાવે છે. ભાવ એવી નાજુક વસ્તુ છે કે તે ઉપદેશ, ઉચ્ચાર કે પ્રચારથી સ્થિર થતો નથી. કથનનો કલાત્મક આવિષ્કાર કાવ્ય, નાટક, વાર્તા દ્વારા જ્યારે થાય ત્યારે તે કથન ભાવસૃષ્ટિમાં મૂળિયા નાંખી શકે છે. સ્ટેલીનને ભાગ્યે જ કોઈ ધાર્મિક કે નૈતિક કહી શકશે. પણ તેણે પણ કવિઓને તો 'આત્માના સ્થપતિ' કહ્યા. આપણો દેશ એ રીતે ભાગ્યશાળી છે કે બે મહાકાવ્યો આપણી પાસે તૈયાર પડ્યાં છે. આપણી ભાવસૃષ્ટિની ઈમારત આ બે મહાકાવ્યોના સમયસરના પઠનપાઠનથી શરૂ થઈ શકે તેમ છે.

વર્તમાનપત્રો પણ જો દૃષ્ટિ અને ભાવનાથી ચલાવવામાં આવે તો પ્રજાઘડતરનાં બળવાન સાધનો બની શકે છે. 'સૌરાષ્ટ્ર' વર્તમાનપત્રની ભાષામાં એક ભાવોદ્રેક અને ખમીરનો ઘુઘવાટ રહેતો. મેઘાણીનાં ગીતો તો તેમાં અવારનવાર આવતા જ પણ તેના સમાચારોની રજૂઆત, તેના અગ્રલેખો, તેની લોકાભિમુખતા, રાજાઓના અન્યાય સામેનું તેનું અણનમ બહારવટું, એ બધું દર્શકની ભાવસૃષ્ટિના દીવામાં તેલ પૂરતું. પરાધીન પ્રથમ પ્રજાને માટે બધી વાતો પાછળની છે. સતીને જેમ પ્રથમ પતિ તેમ પરાધીનને પ્રથમ નિર્ભયતા. 'સૌરાષ્ટ્રે' આ નિર્ભયતાની ભાવના કાઠિયાવાડના બસો રજવાડાની પ્રજામાં પત્રકારત્વ દ્વારા પૂરેલી. સોરઠી ગદ્યબાનીનું વૈશિષ્ટ્ય એણે ઘડ્યું. દર્શક માટે તો 'સૌરાષ્ટ્ર'નું વાંચન અંદરથી પ્રગટ થવા મથતી ભાવસૃષ્ટિના અનુબંધરૂપ હતું. જે જ્ઞાન કે ભાવને વર્તમાન સામે અનુબંધ થતો નથી, તે ધીમે ધીમે ઠીંગરાઈ કે ચીમળાઈ જાય છે.

હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન એક બે વર્ષમાં દર્શકે કેટલીયે અનર્થકારી નવલકથાઓ વાંચી. આ નવલકથાઓએ દર્શકને તરંગો-દીવાસ્વપ્નોની દુનિયામાં મૂકી દીધા. મોટી ઉંમરના વ્યક્તિઓ માટેનાં પુસ્તકો કિશોર દર્શક માટે મીઠાં ઝેર જેવા નીવડ્યાં. જે ઉંમરે સ્ત્રીઓ વિશે કામભાવે વિચારવાનું સહજ ન ગણાય તે ઉંમરે આ નવલકથાઓના વાંચનથી દર્શકને કાલ્પનિક સહવાસો ભોગવતા કર્યા. શરૂઆતમાં તેની ગંભીરતા દર્શકને નહોતી સમજાઈ. પોતાની ઊગતી પ્રજાના મનમાં કુવાંચન દ્વારા રોગના જીવાણુઓ ન પેસે તે વિશે જાગૃત બનવાનું જરૂરી છે તેમ મોટી ઉંમરે દર્શક જણાવે છે. પ્રેમ અને વિલાસ એક ચીજ નથી. દ્રાક્ષને નામે દારૂ વેચાય એ મૂર્ખતા છે. આ રદ્દી નવલકથાઓ વચ્ચે જ કિશોર દર્શકને 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' વાંચવા મળી. ભગવાન સર્વનાશમાંથી બચાવી લે છે અને કૃ-પામૃત વરસાવે છે. કાક, મંજરી, મુંજાલ, ઉદો મહેતો, કીર્તિદેવ, ત્રિભુવનપાલ, સોમેશ્વર, રાણકદેવી, સૌ સ્વજન બન્યા. એ બંને નવલકથાઓએ જીવન સંસ્કાર સમૃદ્ધ, ઉત્કૃષ્ટ, પરાક્રમો માટે છે તેનું ભાન કરાવ્યું. શબ્દોને વેડફ્યા વગર ઉત્કૃષ્ટ સર્જન કરવાની કળા પ્રત્યક્ષ કરી, મંજરીનાં મૃત્યુ અને ગ્રંથના ઉપસંહારે તેઓને પ્રેમ અને જીવનના મહિમાની ટોચે પહોંચાડ્યાનો અનુભવ કરાવ્યો.

જુવાનવયે વાંકાનેર જેવા શહેરમાંથી સત્યાગ્રહની લડત માટે દર્શક એકલાં જ નીકળી પડ્યાં. તેઓ નોંધે છે કે, 'મને પ્રશ્ન એ થાય છે કે વાંકાનેર જેવા શહેરમાંથી એ દિવસે હું એકલો જ નીકળ્યો તેનું આંતરિક કારણ શું ગણાય ? મારા પિતા હું ક્યારે ભણી લઉં ની વાટ જોતા હતા. અમારું કુટુંબ પણ વસ્તારી ને ગરીબ હતું. ભણવામાં હું આગળ હતો. લડતનાં જોખમો ઘણાં કહેવાતાં. મારા બા-બહેનોને તો આ બધું ન જ ગમે. નીકળ્યો ત્યારે માથાં પછાડતી મારી બહેનનું ચિત્ર હજીયે મારી સામે તરે છે. છતાં હું કેમ નીકળી શક્યો ? ત્યારે એક જવાબ મળે છે :

મારા વાંચને આપેલ પ્રેરણાબળે. આ અજાણ્યા અને કઠણ માર્ગે ઈશારો કરીને ખેંચી જનારા હતા રામાયણ, મહાભારત, ઈલિયડ ને રસધારના બલિષ્ઠ સંનિષ્ઠ ને મારે મન તો સજીવ પાત્રો.'

ઈ.સ. ૧૯૩૦-૪૦ સુધીના ગાળામાં જે વાંચન થયું તે દર્શકના ઘડતર માટેનો અલગ તબક્કો હતો. લડતમાં નહોતા ગયા ત્યાં સુધી દર્શકે ગાંધીવર્તુળના લેખકોનું કોઈ લખાણ વાંચ્યું નહોતું. ખુદ ગાંધીજીનું લખાણ પણ પ્રસંગવસાત કાંઈ વાંચ્યું હોય તે જ. લડત દરમિયાન કાકાસાહેબના લેખો વાંચ્યા. વિચાર, ભાષા અને શૈલીનો એક અનુપમ યોગ તેમાં અનુભવ્યો. ગાંધીના વિચારો સાહિત્યિક ઢબે દર્શક પાસે આવ્યા. જીવનનું વ્યાપક, પવિત્ર અને સૂત્રબદ્ધ-સંવાદી સ્વરૂપ નીરખ્યું.

સૌરાષ્ટ્રના યુવકવર્ગને ત્યારે ગાંધીજી આ દેશી રજવાડાંની દૃષ્ટિએ મોળા લાગતાં અને જવાહરલાલ ક્રાંતિકારી ભાસતા. ગાંધીજીના સમગ્ર જીવનદર્શનને યુવક દર્શકે જોયું ન હતું. પણ કાકાસાહેબના 'કાકાના લેખો' સંગ્રહની વાણીએ દર્શકને ગાંધીજીના મૂલગામી દર્શનની ઝાંખી કરાવી અને ઉતાવળિયા તથા બાલિશ થતા રોક્યા. કિશોરલાલભાઈના 'જીવનશોધ'ના વાંચનથી એક છાપ એ પડી કે 'વિચારશુદ્ધિ માટે રસ મહત્ત્વની વસ્તુ નથી. તેમાં તો તટસ્થ અવલોકન ને સૂક્ષ્મ વિવેચન જ મહત્ત્વના છે.' પુસ્તકની શરૂઆતમાં મૂકેલો ભગવાન બુદ્ધનો ફકરો દર્શકને હંમેશાં યાદ રહી ગયો હતો : 'હું કહું છું તે નવું છે માટે તેને ન સ્વીકારશો; હું મોટો સાધુ છું માટે મારું ન સ્વીકારશો. કે હું કહું છું તે તમે સાંભળતા આવ્યા છો તેનાથી જુદું છે માટે પણ તેને ન અવગણશો, પણ તમને જો મારી વાત વિચાર-વિવેકથી સાચી લાગે તો સ્વીકારજો.' કઠણ અને અજાણ્યા માર્ગે નીકળેલા યુવકને માટે આ જેવું તેવું ભાથું ન હતું. 'ગીતામંથન' પુસ્તક સામાન્ય સમજવાળા સૌને રસ અને જ્ઞાન બંનેની લહાણી કરે છે, અને છતાં ગીતાનું તત્ત્વજ્ઞાન હાથમાંના આમળાની જેમ બતાવી આપે છે.

'ત્યારે કરીશ શું ?' આ અરસામાં દર્શકના હાથમાં આવ્યું હતું. કાકાસાહેબે આ ગ્રંથને 'ઊંઘ બગાડી મૂકનાર' એવું પ્રમાણપત્ર આપ્યું હતું : ટૉલ્સટોયે ભાષાની સાહિત્યિક શક્તિને આ નિબંધમાં સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચાડી છે તેમ તેમનાં ઘણા ખરા લખાણ વાંચ્યા પછી દર્શકને લાગ્યું હતું. ભાષાનો લાગણીના વાહક તરીકે ઉપયોગ કરવો તે સહેલું છે, કારણ કે લાગણી જ ભાષા ખોળી કાઢે છે. વિચારના વાહક તરીકે ભાષાનો વાપરવામાં કઠિનતા જરૂર છે. પણ વિચારની સંયક્તિકતા, અનિવાર્યતા, પ્રબળતા બતાવવા લાગણીની મદદ લઈ યોગ્ય ભાષા શૈલી સર્જવી કઠિનતમ છે. કારણ કે તેમાં સંભવ એવો છે કે લાગણી વિચારને દબાવી દે અને પુસ્તક વિચાર દીક્ષા આપી ન શકે. બીજી બાજુથી જે વિચાર વ્યક્તિ અને સમાજના જીવન પર પ્રબળતમ આઘાત કરે તેવા છે તેને લાગણીથી વેગળો રાખવાનું શક્ય નથી; આવી બેવડી મુશ્કેલી વટાવી, સાહિત્યિક શક્તિના સર્વોચ્ચ ઉપાયો કરી ટૉલ્સટોય આ ગ્રંથમાં પોતાને સમર્થ કલાસ્વામી તરીકે સ્થાપિત કરેલ છે. પાછળથી દર્શક ઉદ્યોગને કેળવણીના અસરકારક વાહક તરીકે સ્વીકારીને નઈ તાલીમમાં જોડાયા. વેરાન પડતર અને કોતરોવાળી સેંકડો વીઘા જમીનમાં આંબા, ચીકુ, નાળિયેરીની સુરમ્ય વનશ્રી ઊભી કરી તેના મૂળ 'ત્યારે કરીશું શું ?' મા છે. આ પુસ્તકના વાંચનથી પરિશ્રમની પવિત્રતા અને અનિવાર્યતાનું મંડાણ દર્શકમાં થયું હતું. નવી રચના કરી માણસમાત્રને સુખી કરવાની ઈચ્છા રાખનારા સૌએ ફરી ફરીને તીર્થરૂપ આ ગ્રંથ 'ત્યારે કરીશું શું ?' વાંચવા જેવો છે.

ગાંધીમંડળે હરિજન સેવા કરતા, કાંતતા-પીંજતા કે વણતાં, જેલ અને જેલની બહાર વિવિધ કષ્ટો વેઠી, લોકોના દુઃખની દાદ ફરિયાદ મેળવતા, જે સાહિત્ય નિર્માણ કર્યું એ એક ભારે નોંધપાત્ર ઘટના લાગે છે. સાહિત્યનું સર્જન તો નિરાંત અને સગવડો વચ્ચે થાય તેવી માન્યતાથી સરાસર ઊંધી આ હકીકત છે અને છતાં સ્વામીદાદાનું 'લોકમાન્યને શ્રદ્ધાંજલિ', 'ઈસુનું બલિદાન', મહાદેવની ડાયરીઓ, કાકાસાહેબનો વિપુલ સાહિત્યરાશિ, નરસિંહભાઈ, ચંદ્રશંકર બધાનું સાહિત્ય અને અનુવાદો – આ બધું ગણવા બેસીએ તો એમ જ થાય કે જીવનની ભરતી કષ્ટમાં પણ આવે છે અને તે ભરતીનું જોમ અક્ષયતૃતિયાની ભરતી જેવું જ અનેરું હોય છે.

જેલમાં હ્યુગોના 'લા-મિઝરેબલ'નો સંક્ષેપ હાથમાં

આવ્યો. સંક્ષેપે મૂળ કૃતિ વાંચવાની તીવ્ર ઝંખના પેદા કરી. પછી બૃહદ્સંક્ષેપ વાંચવા મળ્યો. દર્શકને 'લા-મિઝરેબલ' જગતસાહિત્યની મહાન કૃતિ લાગે છે. તત્ત્વતઃ એ ધર્મકથા છે, ધર્મનું તેમાં નામ નથી. ફ્રેન્ચ રાજક્રાંતિ અને ફ્રાન્સનું ગૌરવ તેમાં તરવરે છે, પણ તેના આદિ, મધ્ય અને અંત બતાવે છે કે હ્યુગોને મન તેની આકૃતિ એક મહાન ધર્મકથા છે. શરદચંદ્રે 'શ્રીકાન્ત' નવલકથામાં કમલલતાને મોંએ એક ભારે મહાન સત્ય કહેવરાવ્યું છે કે, 'પાપ એટલા માટે ભયાનક નથી કે કરનારે એની સજા ભોગવવી પડે છે. પણ તેની ભયાનકતા એટલા માટે છે કે એની સજા બીજા નિર્દોષે ભોગવવી પડે છે.' અણઆવડતવાળા માણસોને અણઆવડતવાળા જ રાખવા તે ક્ષમ્ય ન હતું. મજૂરો આવતા હોય તો સંપત્તિનો વિકાસ કરવાનું ક્ષમ્ય છે. પણ મજૂરોને ભોગે જો સંપત્તિનો વિકાસ થતો હોય તો તે ક્ષમ્ય નથી. બીજા માણસના ભોગે જ જો પોતાના ખજાનામાં વધારા થવાના હોય તો તે ક્ષમ્ય નથી. શરદચંદ્રના સાહિત્ય દ્વારા તો દર્શકને નવું જગત, જીવન વિશે નવો અભિગમ મળ્યો. ગાંધી વિચારોની મર્મ સુધીનો જે અનુભવ દર્શકને કાકાસાહેબ કે કિશોરલાલભાઈમાં નહોતો થયો તે શરદચંદ્રમાં થયો.

દેશમાં આત્મબલિદાન અને સ્વરાજનિષ્ઠાનું જે સાંસ્કૃતિક નવજાગરણ ગાંધીજીએ આપ્યું તેણે શરદચંદ્રની પ્રતિભાને પ્રેરકતા અને પોષણ આપ્યું દેખાય છે. સાહિત્ય અને સમકાલીન જીવન કેવા અન્યોન્યાશ્રયી છે અને છતાં જીવન જે સ્પષ્ટ અને પ્રત્યક્ષ નથી કરી શકતું તે સાહિત્યિક પ્રતિભા કરી બતાવી જીવનથી યે ઊર્ધ્વારોહણ કરાવી શકે, તેના શરદચંદ્ર અનન્ય કીર્તિસ્તંભ છે.

જે ઉંમરે સ્ત્રીઓ વિશે કામુદૃષ્ટિથી જોવાનું સહજ નથી હોતું. પરાક્રમ અને સાહસની વૃત્તિ જ મુખ્ય હોય છે, તે વખતે કેટલીક નવલકથાઓના અનારોગ્યકર વાંચને દર્શકને સ્ત્રીઓના કાલ્પનિક સહવાસોમાં વિહરતા કરેલાં. પણ દર્શકના એટલા પુણ્ય કે તે પહેલા વીરત્વથી ભરેલું સાહિત્ય વાંચેલું ને સત્યાગ્રહની લડતે અને ગાંધીવર્તુળના સાહિત્યે તેમનામાં પડેલી વીરતાને પ્રગટાવી. પણ આખરે જરૂર તો હતી સ્ત્રીઓ તરફના દૃષ્ટિકોણનાં પરિવર્તનની. કયા રસથી સ્ત્રીસમુદાયને જોવો ? શરદચંદ્રે એ દૃષ્ટિકોણ આપ્યો. શરદચંદ્રનાં સ્ત્રીપાત્રોમાં સ્નેહની કમી નથી. પ્રેમ તો તેમણે જાણ્યો છે તેવો કોઈએ જાણ્યો નથી. પણ એ બધી સંયમની મૂર્તિઓ છે. તેઓ આ સંયમ વડે પ્રેમને મહિમાવંત કરે છે. તેમના ચિત્તની અલૌકિક સમૃદ્ધિના તેજમાં શરીરની વાસનાઓ ક્ષીણ બની જાય છે. 'ચરિત્રહીન' અને 'ગૃહદાહ'થી માંડીને તે 'વિપ્રદાસ' સુધી તેમણે જીવનની આ મૂળભૂત અને પ્રબળ વાસનાના સ્થાન અને ઊર્ધ્વકરણ વિશે સૂક્ષ્મ મનહારી વિશ્લેષણ કર્યા કર્યું છે. સ્ત્રી-પુરુષનાં સંબંધની મીમાંસા કે વિજાતીય આકર્ષણ વિશેના આ દૃષ્ટિકોણે દર્શકને ઘણું અજવાળું આપ્યું અને પેલી અનારોગ્યકર નવલકથાઓનાં વાંચને જે નુકસાન કર્યું હતું તેનું અનેકગણું સાટું વળી ગયું. સાહિત્યકારો ઢોલ, ત્રાંસા, તલવાર, ભાલા કે રેંટિયો લઈને નીકળી પડતા નથી; પણ તેઓ ખરે જ સાચા સાહિત્યકારો હોય તો પોતાનાં શાંત-એકાંત ખૂણેથી પણ અંતરિક્ષમાં પ્રગટ થતા અદૃશ્ય તેજ જેવી શક્તિ પેદા કરી શકે છે.

ગુરુદેવ 'ઘરે-બાહિરે' પુસ્તકે દર્શકને ગાંધીજીના સાધનશુદ્ધિના વિચારને હાથમાંના આમળાની જેમ પ્રગટ કરી બતાવ્યો. ગાંધીજીના સાધનશુદ્ધિનાં આગ્રહને જેણે યથાર્થ રીતે સમજવો હોય તેને માટે 'ઘરે-બાહિરે'થી વધારે સહાયક કૃતિ કોઈ નથી. દર્શક નોંધે છે કે, 'જગતની દશ બાર શ્રેષ્ઠ નવલકથાઓ કોઈ મારી પાસે તો નિઃસંકોચપણે તેમાં 'ઘર-બાહિરે' મૂકું.' (પૃ. ૪૭) મહાવિદ્યાલયના વર્ગોમાં, જેલમાં દર્શકે તેનું પારાયણ વિદ્યાર્થીઓ પાસે કર્યું ત્યારે અંધરાષ્ટ્રવાદ, આત્મવંચના અને અનાસ્થાના પડને ઓગાળી નાખનારું રસાયણ તેમાં દરેક પ્રકરણે છે તેનો અનુભવ તેમને થયો હતો. ગાંધીવિચારની સાધનશુદ્ધિ, તેમાંથી ફલિત થતા અહિંસા અને સત્યાગ્રહ દર્શકના મનમાં પૂરાં બેસી ગયા હતા; પણ તેમની ટ્રસ્ટીશિપની વાત બેસતી નહોતી. લોકજીવનની દરિદ્રતા, તેમની ભૌતિક સગવડો માટેની ભૂખ, તેમની સંખ્યા, એ બધું જોતાં હાથઉદ્યોગથી તે શક્ય નહોતું લાગ્યું. સમાજ આખો યંત્રોદ્યોગી કે કારખાનામય જરૂર ન બનાવાય, પણ તે અમુક હદમાં રહેવાનાં. બ્લીચફર્ડના અનુક્રમણિકા 'મેરી ઈંગ્લેન્ડ' પુસ્તકે દર્શકને આનો ઉપાય બતાવ્યો. લોકશાહી સમાજવાદની દર્શકની શ્રદ્ધાનું બળવાન


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

બીજરોપણ કરવામાં 'મેરી ઈંગ્લેન્ડ' જ કારણભૂત હતું. 'મેરી ઈંગ્લેન્ડે' દર્શકને સમાજવાદની ચડિયાતી નૈતિકતા બતાવી.

દર્શક નોંધે છે કે, ઈતિહાસ હંમશાં મારા  દયનો વિષય રહ્યો છે. નવલકથાઓએ મારા  દયને સુકોમળ કર્યું છે, મનુષ્યને સમજતાં શીખવ્યું છે, નિરતિશય આનંદ આપ્યો છે, પણ ઈતિહાસે મને સમજુ બનવામાં મદદ કરી છે. ઈતિહાસના જે પ્રથમ ગ્રંથની મારા પર આ અરસામાં પ્રબળ અસર થઈ અને ઈતિહાસને સમજપૂર્વક અવલોકવામાં મારું ગુરુસ્થાન લીધું તે હતો, પ્રાતઃસ્મરણીય રાનડેનો 'રાઈઝ ઑફ ધી મરાઠા પાવર' ગ્રંથ. આ પુસ્તકની વાત જ ન્યારી હતી. તેણે દર્શકને એ પણ બતાવ્યું કે જે ધર્મને માર્ક્સ અફીણ સમ ગણે છે, જગતના દુઃખો સામે બળવો કરવાને બદલે સહી લેવા પ્રેરે છે તે ધર્મ અને ધર્મપુરુષો પ્રજાના ત્રાતા બની શકે છે. ધર્મ કેવળ અફીણ નથી. અમૃત પણ છે એ વાતની, રાનડેનું, સંતપુરુષોએ મરાઠાઓની જાગૃતિમાં આપેલ ફાળાનું પ્રકરણ વાંચનારને પગલે પ્રતીતિ થયા વિના નહીં રહે. તેવી જ રીતે કેવળ આર્થિક પરિસ્થિતિને જ ચાલક બળ ગણાવી અને ચૈતસિક બળોને મામૂલી વજન આપવાની માર્ક્સની વાત પણ સો ટકા સાચી નથી. એ પણ આ ગ્રંથમાંથી દર્શક શીખ્યાં. કોઈ પણ રાષ્ટ્ર પોતાનામાં રહેલી એબો જાણે નહીં ત્યાં સુધી કાઢી શકે નહીં એ એ ઊણપો નીકળે નહીં ત્યાં સુધી ભૂલોના પરંપરા ચક્રમાંથી નીકળી શકે નહીં. આખી જિંદગી દર્શકે ઈતિહાસ અને ઈતિહાસ વિશે કાંઈક ને કાંઈક વાંચ્યા, વિચાર્યા કર્યું હતું. તેમને ખાતરી થઈ હતી કે, આપણા જગતની ઘણી મુશ્કેલીઓ ઈતિહાસના પૂરા અને વિવેકપૂર્વકના વાંચન-મનના અભાવે થઈ છે. માણસજાત અનુભવે શીખી શકે છે. આ તફાવત જ તેને પશુ કરતો જુદો પાડે છે. અલબત્ત ઈતિહાસ બને તેટલો આધારભૂત અને નિષ્પક્ષ હોવો જોઈએ તે ખરું. જો તેના કર્તા  દયના ધક્કાની કુશળતાથી ઈતિહાસ આલેખે તો નવલકથા-મહાનવલકથા જેવો રસાર્દ્ર બની શકે છે. વળી આવું લખનાર કાંઈક વિચારશીલ, પ્રબુદ્ધ પણ હોય તો તે કાંઈકને કાંક બોધપાઠ પણ તારવે. એ અર્થમાં ઈતિહાસ અંશતઃ ધર્મગ્રંથ-નીતિશાસ્ત્ર મીમાંસા પણ બની જાય. ચર્ચિલે ઈંગ્લેન્ડનું સુકાન હાથમાં લઈ પ્રજાના ખમીરને પાણી ન ચડાવ્યું હોત, અમેરિકા-રશિયા જેવા પરસ્પર વિરોધી રાષ્ટ્રોને પણ સાથે સાંકળ્યા ન હોત, તો હિટલરનો પરાજય ન થાત અને તો યુરોપની લોકશાહી લાંબા સમય માટે નાશ પામી હોત. ચર્ચિલનો હેતુ સાફ છે. ઈતિહાસમાંથી શિખામણ લેવાનો. રાજપુરુષનું મહત્ત્વનું લક્ષણ પ્રસંગ અને પુરુષને પારખવામાં સજાગ રહેવાનું છે. ભલમનસાઈ પણ પોતાના રાષ્ટ્રનું અહિત ન કરી બેસે તેનું ધ્યાન રાખવાનું. માણસ ભલો જ છે, તેનામાં દૈવી અંશ છે એ સૂત્ર આધાર ન બની શકે; માણસ સવાર્થાન્ધ છે, મહત્ત્વકાંક્ષી છે, નિર્દય પણ થઈ શકે છે, ખલ પણ થઈ શકે છે એ રાજપુરુષની નજર બહાર ન રહી શકે.

પહેલા મહાયુદ્ધને અંતે અંગ્રેજીભાષી પ્રજાઓ શાંતિ-શાંતિ રટતી રહી. લશ્કરી તાકાત ઘટાડતી ગઈ, હિટલર, મુસોલિની, સ્ટેલિનનાં મીઠાં મીઠાં વેણને સાચા માનતી રહી અને એક દહાડો તેણે જોયું કે જે યુદ્ધ ટાળવા માગતા હતાં તે જ યુદ્ધ આવી પડ્યું છે અને પોતે તો તે માટે સજ્જ ન હતા. 'ઘેરાતા વાદળ'માં આનું સાધાર ચિત્ર ખડું થયું છે. કારણ કે આ ઘેટાના ચામડામાં વરુ છે, તમે શાંતિના બહાને નબળા ન રહો તેમ વારંવાર ચેતવનારો એકલો ચર્ચિલ જ હતો. ઉદારમતવાદીઓ, સમાજવાદીઓ, શાંતિવાદીઓ તેને યુદ્ધખોર જ કહેતા; પણ આખરે એ યુદ્ધખોર જ શાંતિ અને સ્વતંત્રતાનો સ્થાપક નીવડ્યો. સ્મશાનશાંતિ તો બધા સરમુખત્યારો સ્થાપે જ છે. પણ સ્વતંત્રતા અને શાંતિ વિરલ છે અને તે મોટો જોખમ વહોર્યા વિના શક્ય નથી. તે ચર્ચિલના આ ઈતિહાસનાં પાને પાને દેખાય છે. ભૂતકાળના બોધપાઠ ભાવિ સમક્ષ ન મૂકવા તે ભૂલ ગણાય.

ચર્ચિલે કહ્યું હતું; 'વર્તમાન એ ભૂતકાળનો ન્યાયાધીશ થવા જશે તો ભવિષ્ય નહીં રહે.' (પૃ. ૫૯) ચર્ચિલે ભાષાનો તો સમર્થ સ્વામી, એટલે તેનાં ઉદ્‌બોધનોની વાણી ભાવ અને અર્થને શિખરે પહોંચાડે છે. એની ભાષામાંથી વીરશ્રી જ પ્રજ્જવળી ઊઠે છે. જેની લાઠી તેની ભેંસ. 'વિજય એ કરુણાંતિકા' પુસ્તકનો સાર એ જ કે, પ્રબળ લોકશાહીઓ કેમ જીતી અને એ પછી એકવાર જે ભૂલો તેમને મરણ સુધી ખેંચી ગઈ હતી, તે જ

ભૂલો ફરી આચરવાનું શરૂ કર્યું. ભગવાનની જે સહાય એકાકી ચર્ચિલે માગી હતી તે મળી છે. યુરોપ બંને વિશ્વયુદ્ધના ભયંકર ઓછાયામાંથી છૂટું થયું. ભગવાનની ઘંટી ધીરેધીરે ફરે છે પણ તે ઝીણું દળે છે, કાંઈ ફાડાં રહેવા દેતી નથી. ચર્ચિલના આ ઈતિહાસ ગ્રંથ વીરવાણીથી થાય છે. જે તેના લોહીમાં હતું. પહેલા કર્મ, પછી ભાષા, ફરી ભાષા પ્રેરિત કર્મ એમ સાંકળ ચાલે છે. દર્શક નોંધે છે કે, 'એ વાંચતા આપણે તો કૃતાર્થ થઈએ જ છીએ, પણ વાગ્દેવી પોતે પણ કૃતાર્થ થઈ હશે.' (પૃ. ૬૩) વીરતા કંઈ સંખ્યામાં નથી. પણ નવી દુનિયા માટે એકલી વીરશ્રી જ ચાલતી નથી. એમાં જ્યારે ઔદાર્ય, શાણપણ અને બાંધછોડનું ડહાપણ ભળે છે ત્યારે જ નવી દુનિયા શક્ય બને છે.

'ઝેર તો પીધા છે જાણી જાણી'ની સામગ્રી મેળવવા દર્શકને બંને યુદ્ધ અંગેના સ્વાનુભાવો વર્ણવતાં કે તેનું વિવેચન કરતા સેંકડો પુસ્તકો વાંચવાનું બનેલું. તેમાંનો એક ગ્રંથ તે સેનાપતિ સ્લીમનો 'ડિફીટ ઈન ટુ વિક્ટરી', 'પરાજયમાંથી વિજય'. સ્લીમની સૌથી મોટી લાક્ષણિકતા તે આત્મનિરીક્ષણની આદત. યુદ્ધ એ શારીરિક જ નહીં, માનસિક તંદુરસ્તી માગે છે અને તેના વિના યુદ્ધમાં વિજય મેળવવો શી રીતે મુશ્કેલ છે ? તેનું સ્લીમના આ ગ્રંથમાં વ્યવસ્થિત દર્શન થાય છે. આપણો દેશ કેમ કાયમ આંતરયુદ્ધ કે પડોશી જોડેના યુદ્ધમાંથી બચે તેવું માનવું સલામત નથી. આપણે આપણા પડોશીઓનું અનુકરણ કરવાનું નથી, પણ તેમને દાખલારૂપે નીવડવાનું છે. લોકશાહીએ વિશેષતાનું વિશિષ્ટ સ્થાન પણ સ્વીકારવું જોઈએ. એટલે જ્યારે નાગરિક કોઈ પણ ક્ષેત્રમાં અસાધારણશક્તિ બતાવે છે, ત્યારે જાહેર સ્થાન માટે તેને પહેલી પસંદગી આપવામાં આવવી જોઈએ. ખરેખર બહાદુર તો તેઓ જ ગણાય કે જેઓ સુખ અને દુઃખ બંનેનો સ્પષ્ટ ખ્યાલ હોવા છતાં ભયથી દૂર ભાગતા નથી. આપણે લક્ષ્મીને ખપતી વસ્તુ ગણવાની છે, પણ તેનો ઉપયોગ આપવડાઈ કે ડોળદમામ માટે કરવાનો નથી. પણ જ્યાં તેનું સ્થાન છે ત્યાં જ તેને રાખવાની છે. નિર્ભયતા તે જ સ્વતંત્રતા, ને સ્વતંત્રતા તે જ સુખ એમ ગણજો. તેજસ્વી માણસને કાયરતા ને મૃત્યુભય જોડાજોડ આવે ત્યારે મોત જ મીઠું લાગે છે. સ્લીમનો આ ગ્રંથ યુદ્ધનું સ્વસ્થ, સપ્રમાણ અને રસિક વર્ણન કરે છે. તજજ્ઞતાની જોડાજોડ વૈવિધ્યપૂર્ણ ગુણસંપન્નતા શક્ય છે.

જદુનાથ સરકારના 'ઈન્ડિયા થ્રુ એઈજીસ'ના આચમનમાં દર્શકે સાત સમુદ્રનું જલ પીધાનો સંતર્પક, આહ્લાદકારી અને પ્રકાશોન્મુખ અનુભવ કર્યો હતો. ભારતીય ઈતિહાસની સચેતન મૂર્તિ એ ગ્રંથમાં કંડારાયેલી છે. હિન્દુસ્તાનના ઈતિહાસને સમજવામાં એ ઉપયોગી ગ્રંથ છે. લોકોને ગરીબાઈ અને નિરંકુશ સત્તા બંનેથી બચવું છે. આ બેઉ પ્રશ્નોના ઉકેલ વિના અંદરની કે બહારની શાંતિનો અનુભવ જનસામાન્યને થવાનો નથી; ગરીબાઈનો તાપ અને સત્તાનો શાપ નિવારવાની ચાવી યુરોપે બતાવી છે. કોઈ પણ સમાજમાં ધીમંતો રહેવાના. પૂર્વેના સ્વાવલંબી સમાજમાં તેમની સત્તા ઓછી હતી કારણ કે લોકોના ધારણ પોષણ માટે જે કાર્યક્ષમતા જોઈએ તે અતિ સામાન્ય પ્રકારની હતી અને તેથી સૌ તેમાં સજ્જ થઈ શકતા. ધીમંતો વિના ઔદ્યોગિક, પરસ્પરાવલંબી સમાજ ટકી નહીં શકે. તેમ બધા લોકો ધીમંત થઈ શકે તેવું પણ છે નહીં. ઈતિહાસમાં થયેલ ભૂલો ઈતિહાસના ઓછા કે ખોટા અભ્યાસનું પરિણામ છે અને તેનું ઔષધ વધારે અને યથાર્થ ઈતિહાસ ભણાવવો તે છે. મનુષ્યને તટસ્થ રહેવાની શક્તિ કુદરતે બક્ષી છે. એ સહજ ભલે ન હોય પણ પ્રયત્ન સાધ્ય છે જ. કારણ કે મનુષ્યમાં વિવેક છે.

સ્વરાજ લાવવામાં સૌથી મોટો ફાળો રચનાત્મક કાર્યકરોનો હતો. તેમના દયાગ્નિથી લોકોની બલિદાનવૃત્તિ પ્રગટ થઈ. તેમની નિર્ભયતાનો ચેપ સામાન્ય પ્રજાને લાગતા અસહકાર પ્રબળ શસ્ત્રરૂપ બન્યો. સ્વરાજ યુદ્ધમાં તેઓ લૂણ સમા હતા.

શિસ્ત વિનાનું સ્વાતંત્ર્ય અરાજકતા છે, સ્વાતંત્ર્ય વિનાની શિસ્ત જુલમ છે. બુદ્ધિનો અંકુર પ્રગટ્યા પછી માણસ માટેના મહત્ત્વનાં કાનૂનો વનસ્પતિ કે પશુસૃષ્ટિમાં ભિન્ન છે. સંસ્કૃતિઓનું પતન એકાંગી દોડમાંથી થાય છે. એક ક્ષેત્રમાં સર્વોચ્ચ થવાની ઝંખના અને તે સર્વોત્તમતાને સમગ્રતા માની લેવાની અણસમજ, સંસ્કૃતિના મૃત્યુ કે સડાનું કારણ છે. ઉત્તમતાનો રાગ

સંસ્કૃતિ બાંધનારાઓને સમાજવિકાસ માટેની અન્ય દિશાઓ તરફ બેદરકાર બનાવે છે. સ્વાસ્થ્ય તો સમતોલ પૂર્તિ પર જ અવલંબે છે. મોટી નદીઓને કાંઠે કે સમશીતોષ્ણ કટિબંધમાં વસેલા લોકો સિવાયની માણસજાત માટે હંમેશાં રોટલો-પૂરતો રોટલો અને બધાને રોટલો કેમ મળે એ પ્રશ્ન રહ્યો છે. આ કોયડાનો ઉકેલ ન જડતા ભલભલા વિચારકોએ સ્વકારી લીધું કે ગરીબો તો રહેવાના જ. આમાંથી જ સાદાઈની, બીજા જન્મમાં સુખની, સ્વર્ગના સુખોની માન્યતા લોકસમુદાયમાં દૃઢ થઈ.

માણસ તેના સંજોગોનું સર્જન છે. સંજોગો સુધારો એટલે માણસ સુધરશે. અર્થશાસ્ત્ર તો એટલું જ કહે કે જનતાને ખરીદશક્તિ અપાય તો મંદી ન જ આવે. મૂડીવાદ સામાન્ય લોકોને એક કે બીજી રીતે ખરીદશકિત આપે તો યંત્રોદ્યોગી સમાજ ચાલ્યા કરે. પણ આપવાનો પ્રશ્ન અર્થશાસ્ત્રનો નહીં માનસશાસ્ત્રનો છે. ઉત્પાદન વધે જ છે, તેમાંથી વિનાશને બદલે વિકાસ કરવા ખરીદશક્તિ આપવાનું કળે કે બળે થાય જ છે, તે થતું જાય છે. વિરોધ પણ સહાયરૂપ બને છે. સમાજને ચેતવણી આપનારને સહન કરવું પડે છે. ટોળું તેનાથી વિરુદ્ધ મત ઉચ્ચારનારને સહન નથી કરતું, હેરાન પરેશાન કરે છે, વીરલા જ એમાં ટકી શકે છે. કોઈ પૂર્ણ નથી. પૂર્ણતાની અપેક્ષા વિના અપૂર્ણતાનું યોગ્ય સન્માન કરવું ઘટે જ. દરેક જણ રાજ્યના ભોગે, રાજ્યના ખર્ચે જીવવા માગે છે. પણ તેને ખબર નથી કે છેવટે રાજ્ય દરેકના ભોગે ચાલે છે.

દર્શક પર પદ્યરચનાઓની અસર પડી તે ગુણવત્તાની દૃષ્ટિએ ગદ્યની અસર કરતાં પણ વિશેષ ગાઢ હતી. સાહિત્યમાં ગદ્ય કે પદ્યમાં જે કાવ્યતત્ત્વ હોય તે જ આખરે અસરકારક નીવડે છે. કાવ્યની આ ચમત્કૃતિનું કારણ મનુષ્યમાં જે સુસંવાદિતા અને વસ્તુના અંતરતમમાં પ્રવેશવાની જે ઝંખના છે તે જ છે.

દર્શક નોંધે છે કે, 'મારા બા ઘંટીએ દળતા દળતા પહેલા પરોઢે મારા અંગ ઉપરનું ખસી ગયેલું ગોદડું વચમાં સરખું કરતા જે ગીતો સંભળાવતા તે નઈ તાલીમ હતી.' (પૃ. ૧૧૫) દર્શકના પિતાજી સરસ રાગથી કવિતાઓ ભણાવતા. તેઓ એક સારા શિક્ષક હતા એટલે માત્ર અભ્યાસક્રમનું 'સુદામાચરિત્ર'નું એક કડવું જ માત્ર ભણાવીને બેસી ન રહેતા. 'સુદામાચરિત્ર'માંથી બીજું પણ વાંચી બતાવતા. સુદામાજી દ્વારિકાથી ખાલી હાથે પાછા આવી પોતાની ઝૂંપડી નથી એ જુએ છે ત્યારે ઉચ્ચારેલું વલણ ગાતા ત્યારે તેમની આંખમાં પણ ઝળઝળિયા આવી જતાં.

તે જમાનામાં ચૈત્ર મહિનામાં ગામડાઓમાં 'ઓખાહરણ' વાંચવાનો રિવાજ હતો. સાંભળનારામાં મુખ્યત્વે અલૂણું વ્રત લેનારી ગમડાંની બાઈઓ જ હતી પણ તેમના પર પણ કાવ્ય તો પોતાની ચોટ લગાડી શકતું હતું. શબ્દવેધની એ કળાનો આપણે એટલે કે નવા ભણેલાઓએ લોકસમાજની સંસ્કારિતા માટે કોઈ વ્યવસ્થિત ઉપયોગ કર્યો નથી તેને દર્શક આપણી સાંસ્કૃતિક અવદશાનું સૂચક ગણાવે છે. વર્તમાનના દેહમાં સનાતન રમે છે. આ બંનેનો જે કવિ સમન્વય કરી શકે છે તેની કવિતાઓ તે કાળે શિક્ષણના વાહક તરીકે વધારે ઉપયોગી થાય છે. કાવ્યો ભણાવનાર અને ભણનાર બંને માટે કાયમી પાથેયરૂપ બની જાય છે. મેઘાણીનાં કાવ્યોમાં સમગ્ર પ્રજા દયનો આર્ત આક્રોશ હતો. રણે ચડતી પ્રજાને માટે જ નહીં, પણ હારેલી પ્રજાની પીઠ થાબડતાં પણ તેમને અદ્ભુત રીતે આવડ્યું હતું. 'અપમાનિતા અપયશવતી, તું તો યા મા તે મા'વાળું કાવ્ય મેઘાણી જેવા લોકાનુરક્ત કવિથી જ લખાય. રવીન્દ્રવીણાના વાંચને જ એ કાવ્યોનું મૂળ બંગાળી વાંચવા સમજવાની દર્શકને ઈચ્છા થઈ. કવિ ઠાકુર જેવું સત્ય અને સૌન્દર્યનું સંપૂર્ણ મિલન સદીને અંતે કોઈક જ કવિમાં જોવા મળે. તેમના કાવ્યો જીવનની કેટલીયે વિષમ પળોમાં દર્શક માટે રસાયન સમા નીવડ્યા હતા. મહાકવિ માત્ર ક્રાન્તદર્શી જ નથી હોતો, તેના શબ્દોમાં અમૃતસંજીવની હોય છે. તેના સ્પર્શે છેલ્લા શ્વાસ લેતી પ્રજામાં આશાના નવજાગરણનો સંચાર થાય છે. રવીન્દ્રનાથની કાવ્યસાધના આની મોટામાં મોટી સાહેદી છે.'

માણસ કેવળ કુટુંબીજન કે વ્યક્તિ જ નથી, તે નાગરિક છે. વળી તેને કેવળ દય જ નથી, બુદ્ધિ પણ છે. આ બુદ્ધિને તેણે વિવેકપૂર્ણ રીતે વાપરવાની ટેવ પણ પાડવી જોઈએ. સાહિત્ય અને તેમાંયે લલિતવાઙ્મય

પ્રધાનતઃ હૃદયની કેળવણીનું કામ કરે છે; પણ હૃદય તેને પરિણામે સુકોમળ એ સંવેદનશીલ બને તે પછીયે વ્યક્તિએ કર્માકર્મ નક્કી કરવામાં વર્તમાન જગતની હકીકતોને તપાસવાની, સમજવાની અને નીરક્ષીર ન્યાયે તોળવાની ટેવ પાડવી ઘટે છે. સંવેદનશીલ માણસોને લાગણીનાં પ્રવાહમાં તણાઈ મોટી ભૂલો કરતા જાહેર અને ખાનગી જીવનમાં દશકે જોયાં છે. રૂક્ષ, કઠોર કે લાપરવાહ રહેવા કરતા કદાચ તે ઠીક ગણાય પણ નિર્વિઘ્ન પંથે ચાલવા માટે માત્ર સંવેદનશીલતા મદદગાર થાય નહીં; એટલે એવું પણ સાહિત્ય હોવું જોઈએ કે જેમાં માત્ર સંવેદન સાહિત્યના ગુણ હોય છતાં તે પ્રધાનતઃ વાચકને જ્ઞાનાભિમુખ કરે. અંગ્રેજ પ્રજાનું એ આશ્ચર્યમુગ્ધ કરે તેવું સૌભાગ્ય છે કે વિશેષજ્ઞોના અધિકારનું ગણાય તેવું જ્ઞાન પણ મહાજનોના કરુણાપ્રસાદથી સાધારણીકરણ પામી ત્યાંના સામાન્યજનને પીરસાતું રહ્યું છે.

વર્તમાન જગતનું એક સમસ્યાચક્ર છે કે તેના પ્રશ્નો અને ઉકેલો જટિલ અને વિશેષજ્ઞો પર જ આધારિત થતા જાય છે. આર્થિક રચનાનું આ મુખ્ય લક્ષણ છે. તજજ્ઞ લોકો અને તજજ્ઞ વર્તુળના સંઘટિત આયોજન પર જ બૃહદ સમાજની સુરક્ષા અને સુખમયતાનો આધાર છે અને છતાં તેવી જ બીજી રાજકીય હકીકત એ છે કે સામાન્ય જનનાં મત એટલે કે રુચિ-ઈચ્છા પ્રમાણે આ સમાજનું સંચાલન કરવાનું છે. એક રીતે આર્થિક અને રાજકીય હકીકતો વચ્ચેનો આ જબ્બર વિરોધ છે. આ વિરોધનો મેળ વિશિષ્ટ જ્ઞાનનું પ્રસંગે પ્રસંગે સાધારણીકરણ થયા કરે છે તેમાં છે. આથી સામાન્ય નાગરિક, વિશેષજ્ઞના હેતુ, આયોજન, પદ્ધતિ બધા વિશે કાંઈક કહેવાનો અધિકારી બને છે. રાજકીય જીવનની પાયાના ઘટક તરીકે એ મતદાનો વખતે, પક્ષોની પસંદગીમાં, સરકારી શ્વેતપત્રોને મૂલવવામાં, સ્થાનિક કે કેન્દ્રની ધારાસભાની ચર્ચાઓમાં તે વિવેકયુક્ત અસર નિપજાવી શકે તેવો સંભવ છે. લોકશાહીના ટકવા માટે નાગરિકોનું સમયાનુકૂલ પ્રૌઢશિક્ષણ મહાજનોના હાથે થતું રહે તેમાં છે. રસ્કિન એક કલાવિદ હતો, કલા વિવેચક હતો. તેણે આર્થિક સ્થિતિનું વિવેચન કરતા પત્રો મજૂરોને ઉદ્દેશીને લખ્યા અને પ્રૌઢશિક્ષણના વિચારને પ્રસ્તુત કર્યો. રસ્કિને જ્ઞાનનું સાધારણીકરણ અને સામાજિકીકરણ કર્યું. સત્ય જાણવાથી દૈવી બનાતું હશે, પણ સત્ય જાણી લીધા પછી સામાન્યજનમાં તેનું વિતરણ કરવાથી દેવ મહાત્મા બને છે. તથાગતે આ લોકમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાનને સામાન્ય જન માટે સરળ કરવાનું જ પસંદ કર્યું. કરુણાએ સ્વનું સાધારણીકરણ કર્યું.

મનુભાઈ પંચોળી ‘દર્શક’ની દૃષ્ટિએ એકાગ્ર વાંચન પણ આખરે એક પ્રકારનું ધ્યાન અને ઉત્કટ અવસ્થામાં સમાધિ જ છે. કૃતિ ઉત્તમ સાહિત્યકૃતિ એક સ્વતંત્ર સૃષ્ટિ હોય છે. ચિત્ત તેમાં રમમાણ થાય ત્યારે બહારની સૃષ્ટિનું અસ્તિત્વ તે ક્ષણે મટી જતું હોય છે. આટલી બધી એકાત્મકતા આણવાની શક્તિ સાહિત્યકૃતિઓમાં છે. ચિત્તની શુભઅશુભ વાસનાઓ આપણને કર્મ તરફ ધકેલે છે. આપણે જીવજંતુ સમા નથી કે વૃત્તિઓ આપણું નિયમન કરે. જીવજંતુઓ વૃત્તિથી જીવે છે. ચિત્તમાં નવા નવા સંસ્કારો સંચિત કરી તેને જાગ્રત કરીને જીવવાની તેમની શક્તિ નથી. માણસ વૃત્તિથી પર પણ જઈ શકે છે. વૃત્તિને પોતાની ચૈતસિક વાસનાનું સાધન પણ બનાવી શકે છે અને વૃત્તિને પશુ કરતા પણ નીચે કોટિએ લઈ જઈ શકે છે. માણસ કંઈક અંશે પશુ અને બહુ અંશે પશુથી ઉપર કે નીચે જઈ શકે તેવી શક્તિ ધરાવતું પ્રાણી છે. અને એ શક્તિનો મોટો અંશ એના ચિત્તમાં પડેલો છે. એટલે જ બુદ્ધે વારેવારે કહ્યું, ‘ચિત્તરત્નને સાચવો.’

વાલીનું કર્તવ્ય જ બાળક સગીર હોય ત્યાં સુધી પોતાના અને સમાજના અનુભવે જે વસ્તુ ત્યાજ્ય લાગી હોય તે બતાવવાનું છે. અલબત્ત, આમાં વડપણ ઠોકી બેસાડવાનું નથી, પણ જે સામૂહિક અનુભવને લીધે ડહાપણ ભરેલી વાત ઠરી છે તે બતાવવાની છે. બહુ અંશે બાળક વાલીનું માનશે જ, કારણ કે તેમના સંબંધો શેઠ ગુલામના કે માલિક-મજૂરના નથી. પણ કોઈ સંજોગોમાં તે ન માને તો અકળાયા વિના ફરી સમજાવવાથી વિશેષ કશું કરવાની જરૂર હું જોતો નથી. આવા પ્રસંગે વધારે સારા સાહિત્ય તરફ તેને લઈ જવો તે ઉપકારક પદ્ધતિ છે. જે ઉત્તમ સાહિત્ય છે તેમાં એવી શક્તિ છે કે તેને યોગ્ય રીતે, યોગ્ય સમયે પીરસવામાં આવે તો વાંચનની સુરુચિ ઘડે છે. કુરુચિ બંધાય કે દૃઢ થયા પછી નીકળવામાં પણ જે

શક્તિ જોઈએ તે પાછળથી અપૂરતી નીવડે છે. સારી કૃતિ વારંવાર વાંચન, મનન માગે છે. ઉત્તમ કૃતિ કુલિનકન્યા છે, વારંવારના અનુનય પછીથી તે પ્રાપ્ત થાય છે. વાંચન પણ એક તપ છે. તેમાં પણ કૃતિ સાથે એકાકાર વૃત્તિથી બેસવું પડે છે. વસ્તુતઃ સાહિત્યસેવન એ આનંદ તપસ્યા છે.

દર્શક એક બીજી વાત પણ નોંધે છે કે; 'વાંચનની અસર આપણા ઘડતર ઉપર પ્રબળપણે ઉપસે છે તેમાં શંકા નથી, પણ મારા જીવનમાં એવાં સ્ત્રી-પુરુષોનો સત્સંગ મને મળ્યો છે જેમણે બહુ વાંચ્યું ન હોય, છતાં જેમના જીવનમાં સમત્વ કે સંવેદનશીલા ઊંચી માત્રામાં પ્રગટ થતાં જ હોય.' (પૃ. ૧૩૪). ઘણાએ ઓછું પણ ઉત્તમ વાંચ્યું હોય અને તેને જીવનમાં ઉતારવા પર પોતાનો પુરુષાર્થ ખર્ચ્યો હોય તેમને થોડાંક ઉત્તમ વાંચનને પ્રત્યક્ષ કરવાનું જ મહત્ત્વનું લાગતું હોય. સત્સંગનો પ્રતાપ પણ મહત્ત્વનો છે. સજ્જનોની સોબત હોય, જેણે સજ્જનોને સેવ્યા હોય તેનું વાંચન ઓછું હોય તો પણ સંસ્કારિતાની મહેક તેનામાં હોય છે. પણ સાહિત્યનું વૈશિષ્ટ્ય ત્યાં છે કે સજ્જનો દરેક વખતે કે દરેક યુગમાં દરેકને માટે સુલભ નથી હોતા, જ્યારે સાહિત્ય સુલભ છે. મહાગ્રંથો જંગમતીર્થો છે. સજ્જન સમાગમ છે, સરળ અને સુગમ સમાગમ છે. પ્લેટોના સંવાદો કે મહાભારતનું ઉદ્યોગપર્વ એ ગ્રંથો નથી, પણ સમભાવી ઋષિનો આર્ષ વાર્તાલાપ છે. સાહિત્ય મનુષ્યના સબળા-નબળા બંને અંશોને વાચક સાથે તાદૃશ કરે છે. નબળામાંથી સબળા અંશો તરફ જવા મથતા મનુષ્યના આંતરબાહ્ય મહાભારતને પ્રત્યક્ષ કરે છે. આથી સમભાવી વાચક સમતોલ, સ્વસ્થ અને જ્ઞાની બને છે. જેની ચારે બાજુ અને અંદર ઈર્ષ્યા, આપમતલબ, શેખી દંભ, વેર, કામ, આવેગોની શરવર્ષા ચાલુ જ છે તેને તો અખંડ દર્શન જોઈએ. તેને બધું જ બૂરું છે તેવા નૈરાશ્યપૂર્ણ ચિત્રથી કશી મદદ મળવાની નથી. કારણ કે તેવું છે નહીં. ઘોર અંધકાર પછવાડે જ પરોઢ ફૂટતું હોય છે. આવું ઉત્તમ સાહિત્ય જૂજ છે. પણ ઉત્તમ રાજ્યશાસકો કેટલા ? ઉત્તમ આચાર્યો કેટલા ? ? ઉત્તમ થોકબંધ હોય જ નહીં. તો તો એને ઉત્તમ કહેશે જ કોણ ? મૂઠી સાકર ભોજનને મીઠું કરે છે, તેમ આવી ઉત્તમ કૃતિઓ જીવનને મધુર કરે છે. અને તે પણ કશીય જોરજબરાઈ કર્યા વિના.

આપણા એક સમર્થ સાહિત્યકાર, કેળવણીકાર, ઈતિહાસવિદ્ અને અર્થશાસ્ત્રના અભ્યાસી દર્શકે 'મારી વાંચનકથા' નિમિત્તે વાંચનના મહત્ત્વને - જીવનઘડતરમાં તેમની ઉપયોગિતા દર્શાવી આપેલ છે. અહીં મુખ્યત્વે સાહિત્ય, ઈતિહાસ અને અર્થશાસ્ત્રનાં પુસ્તકો તેમજ સામયિકો અને છૂટક કાવ્યો - કાવ્યપંક્તિઓના વાંચનની વાત લેખકે કરી છે અને એ નિમિત્તે જ કેટલાક અર્થશાસ્ત્રીઓ, ઈતિહાસકારો અને સાહિત્યકારો વિશે પણ થોડી વાત કરી છે. તેમજ રાજકીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓ અને પ્રશ્નોની છણાવટ પણ થઈ છે.

શ્રી પ્રકાશ ન. શાહના શબ્દોમાં કહીએ તો, 'મારી વાંચનકથા' એ જેમ દર્શકના બૌદ્ધિક વિકાસનો દ્યુ આલેખ છે તેમ આપણી યુગમથામણોનો અને સંભવિત ઉત્તરોનો પણ આલેખ છે.

આ વાંચનકથા નિમિત્તે જીવનઘડતરમાં ઉત્તમ પુસ્તકોનું વાંચનનું મહત્ત્વ અનાયાસ દર્શાવાતું જાય છે. પુસ્તક વાંચનનું આટલું મહત્ત્વ દર્શાવ્યા પછી લેખક એ કહેવાનું ચૂકતા નથી કે 'આ પ્રકારના વાંચન વિના કોઈ ઉદ્ધાર નથી એવું માની લેવા જેવું નથી.' કેમકે 'સત્સંગ, સાહિત્યસંગ કરતા અદકેરો નીવડી શકે.' અને 'ઓછું પણ ઉત્તમ વાંચીને જીવનમાં ઉતારનાર વ્યક્તિના જીવનમાં પણ સમત્વ અને સંવેદન અને સંવેદનશીલતાની માત્રા પ્રગટતી હોય છે.'

ગુજરાતી સાહિત્યમાં કેટલાક સર્જકોની આત્મકથાઓમાં ક્યારેક પોતાના વાંચન વિશેના ઉલ્લેખો થયેલા છે અને એ વાંચનથી પોતાના જીવન પર પડેલી અસરો વિશે પણ આત્મકથાકાર દ્વારા લખાયું છે. પરંતુ આ પ્રકારની સળંગ વાંચનકથા આપણને માત્ર આ એક જ મળે છે.

**('મારી વાચનકથા'** - લે. શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક', દ્વિતીય આવૃત્તિ : ૧૯૯૨, પ્રકાશક : એન.એમ.ત્રિપાઠી પ્રા.લિ. મુંબઈ, કિંમત રૂ. ૭૫)

# કસ્તૂરી : પ્રસાદી

**હેતલબેન ડી. શાસ્ત્રી**
આચાર્યા, જે.એન. બાલિકા વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ.

પર્વતોની હારમાળાઓની પાછળથી સૂરજ ડોકિયું કાઢી રહ્યો હતો. ઉગતા સૂર્યના સોનેરી કિરણોથી આકાશ સોને મઢ્યું લાગતું હતું. પંખીઓના સુમધુર અવાજથી વાતાવરણ સંગીતમય બની રહ્યું હતું. આવા નૈસર્ગિક માહોલની વચ્ચે, ગામના પાદરે આવેલા મંદિરમાં, ભગવાનને જગાડવા માટે પુજારી આરતી ગાઈ રહ્યા હતા. આરતીમાં, લોકોની સાથે ગામના શ્રેષ્ઠી શ્યામસુંદર તથા તેમની પત્ની યશોધરાની હાજરી અવશ્ય રહેતી. શ્યામસુંદરની ખ્યાતિ ગામમાં એક સજ્જન શાહુકારની હતી. શ્યામસુંદરની પત્ની યશોધરા પણ પોતાના પરોપકારી સ્વભાવ માટે ગામના લોકોમાં આદરપાત્ર હતી. શ્યામસુંદર અને તેની પત્ની યશોધરાનાં લગ્ન થયે ઘણાં વર્ષો વીતી ગયાં હોવા છતાં તેમના ઘેર શેર માટીની ખોટ હતી. યશોધરાનું સ્ત્રીસહજ મન હંમેશાં નાના બાળકની કિલકારીઓ સાંભળવા માટે ઉત્સુક રહેતું. ઘરે પારણું બંધાય તે માટે તેણે ઘણી બધી બાધા આખડીઓ રાખી હતી. મંદિરોમાં પૂજા અર્ચન કરીને દેવોને રીઝવવાનો તેનો પ્રયત્ન સતત ચાલુ રહેતો હતો. શ્યામસુંદર પણ પોતાની પત્નીના મનની શાંતિ માટે તેણીના પ્રયત્નોમાં સાથ સહકાર આપતો હતો. ઘરના નોકર ચાકર પણ આ વાતથી વાકેફ હતા. સમય વીતતો જતો હતો.

એક દિવસ યશોધરાની નોકરાણી જમનાએ કહ્યું, "શેઠાણીજી, મેં સાંભળ્યું છે, અહીંથી ૩૦૦ કિલોમીટર દૂર એક ગામમાં આશ્રમ આવેલો છે, એમાં એક દિવ્ય તપસ્વિની રહે છે. તેમના આશીર્વાદથી ઘણા બધા લોકોની મનની મુરાદ પૂરી થાય છે. શેઠાણીજી, શેઠની સાથે તમારે પણ ત્યાં એક વખત જવું જોઈએ." યશોધરા પોતાના મનની ઇચ્છા પૂરી કરવા માટે કંઈ પણ કરવા તૈયાર હતી. તેણે શ્યામસુંદરને આ અંગે વાત કરી અને જવાની ઇચ્છા દર્શાવી. શ્યામસુંદર આવી કોઈ અંધશ્રદ્ધામાં માનનારો ન હતો. તેણે યશોધરાને સમજાવવા પ્રયત્ન કર્યો, પરંતુ યશોધરના આંસુએ તેને પીગળાવી દીધો. એક વહેલી સવારે બંને જણાએ આશ્રમમાં જવાનું નક્કી કર્યું. ગાડીમાં બેસી તેઓ આશ્રમમાં પહોંચ્યા. આશ્રમના પવિત્ર વાતાવરણમાં પગ મૂકતાં જ તેમને અલૌકિક શાંતિની અનુભૂતિ થઈ. આશ્રમમાં પ્રવેશદ્વારથી થોડે આગળ જતાં તેમણે એક ગાયોની ગમાણ જોઈ. આ ગમાણમાં શ્વેત વસ્ત્રો ધારણ કરેલી ઊર્જાવાન સ્ત્રીને જોઈ, જે વાછરડીને રમાડી રહી હતી, તેની સાથે વાતો કરી રહી હતી. આશ્રમમાં આગળ મુલાકાત લેતા શ્યામસુંદરે જોયું, કે બગીચામાં ઘણાં નાનાં ભૂલકાં માટીમાં રમી રહ્યાં હતાં. બે ત્રણ સ્ત્રીઓ આ ભૂલકાંનું ધ્યાન રાખી રહી હતી. શ્યામસુંદરને એમ હતું અહીં કોઈ ભગવાધારી સ્ત્રી હશે, તેના ઘણા બધા અનુયાયીઓ હશે, જે ઉપદેશ-પ્રવચન કરતા હશે, ભજન-કીર્તન કરતા હશે, પરંતુ અહીં તેવું કશું જ નહોતું. આખો આશ્રમ અત્યંત સાદગીપૂર્ણ હતો. નીરવ શાંતિ છવાયેલી હતી. આશ્રમની સફાઈ કરતા સફાઈકર્મીને પૂછતા જાણવા મળ્યું, આગળ ગમાણમાં સફેદ પરિવેશમાં જે સ્ત્રી જોઈ હતી તે જ આશ્રમને સંભાળતી હતી. શ્યામસુંદર અને યશોધરા તે સન્નારીને મળવા માટે ગયા. શાલીન સ્ત્રીએ ઉમળકાભેર બંનેનું સ્વાગત કર્યું. શ્યામસુંદરે તેમનું અહીં આવવાનું પ્રયોજન જણાવ્યું. સન્નારી આ સાંભળી હસવા લાગી. તેણીએ જણાવ્યું, "શ્રીમાન, અહીં એવો કોઈ ચમત્કાર થતો નથી, હું કોઈ દેવી નથી. પરંતુ અહીં આવનાર કોઈ તકલીફ સાથે આવે છે, ત્યારે હું અવશ્ય તેમને કેટલાક સમય માટે આશ્રમમાં રહીને મૂંગા પશુઓ તેમજ અનાથ બાળકોની સેવા કરવાનું જણાવું છે. મને લાગે છે, આ કાર્ય કરવાથી આપણે બીજાના દુ:ખમાં ભાગીદાર બનીને પરમાત્માની

થોડાક નજીક જઈ શકીએ છીએ. તમે ઇચ્છો તો તમે પણ આશ્રમમાં રહી શકો છો. શ્યામસુંદર અને યશોધરાને આશ્રમમાં પગ મૂકતાં જ તેની પવિત્રતાનો અહેસાસ થઈ ચૂક્યો હતો, તેથી બંને જણાએ આશ્રમમાં સેવા કરવાનું મન બનાવ્યું. યશોધરાને નાના ભૂલકાં સાથે રહેવામાં આનંદ આવવા લાગ્યો. જાણે આ ભૂલકાં તેના જ હોય તે રીતે તેમની સાથે સમય વ્યતીત કરતી. ગાયોને ઘાસચારો નાખતી, નાના વાછરડાંને નવડાવતી, રમાડતી; આશ્રમના રસોડામાં મદદ કરતી. શ્યામસુંદર આશ્રમના વ્યવસ્થાપનમાં મદદ કરતો. ઘણો સમય વીત્યો. શ્યામસુંદરે યશોધરા સમક્ષ ઘરે પાછા જવાની વાત જણાવી અને સમજાવ્યું, 'પોતાના કારોબારમાં પણ ધ્યાન આપવું જરૂરી છે.' યશોધરાનું મન અહીં લાગી ચૂક્યું હતું. અનિચ્છાએ તેણે પતિ સાથે જવાનું મન બનાવ્યું. સન્નારી સ્ત્રીએ તેમને આશીર્વાદ આપી વિદાય કર્યા. શ્યામસુંદર અને યશોધરા પોતાના ગામ પાછા ફર્યા. શ્યામસુંદર પોતાના કારોબારમાં ઓતપ્રોત થઈ ગયો, પરંતુ યશોધરાને આશ્રમ અને તેના ભૂલકાંની યાદ આવતી હતી. સમયનાં વહેણ થોડા અટકી રહે છે ?!

ઈશ્વરે યશોધરાની પ્રાર્થના સાંભળી. શ્યામસુંદર અને યશોધરાના ઘરે પારણું બંધાયું. ઈશ્વરે તેમને પુત્રરત્નરૂપી પ્રસાદીથી નવાજ્યા. યશોધરા અને શ્યામસુંદરની આનંદની કોઈ સીમા ન રહી. આખા ગામમાં ઉત્સવ મનાવ્યો, ગામને જમાડ્યું, અન્ન વસ્ત્ર અને પૈસાનું દાન કરાયું. ગામનાં લોકો શેઠના આનંદમાં ભાગીદાર બન્યા. પુત્રનું નામ દેવવ્રત રાખ્યું. દેવવ્રતના લાલન-પાલનમાં કોઈ કમી ન હતી. યશોધરા તેને પળભર માટે પણ પોતાની આંખથી ઓઝલ થવા દેતી ન હતી. દેવવ્રતમોટો થવા લાગ્યો. શ્યામસુંદરે તેના શિક્ષણ માટે તેને શાળાએ મૂક્યો. દેવવ્રત શાળાએ જવા લાગ્યો. દેવવ્રત ભણવામાં ખૂબ હોશિયાર હતો, તેમજ રમત-ગમતમાં પણ આગળ હતો. શાળાએ જવા આવવા માટે શ્યામસુંદરે ગાડીની વ્યવસ્થા કરી હતી. દેવવ્રત હંમેશાં ગાડીમાં શાળાએ આવતો-જતો હતો. એક દિવસ શાળાએથી પાછા ફરતા ગાડીમાં અચાનક કોઈ મુશ્કેલી ઊભી થઈ. ગાડી ઊભી રહી ગઈ. ડ્રાઈવર નીચે ઊતર્યો અને ગાડીની તપાસ કરતા તેણે દેવવ્રતને કહ્યું, "નાના શેઠ, તમારે અડધો કલાક ગાડીમાં બેસવું પડશે, અડધો કલાકમાં હું ગાડી ઠીક કરી દઈશ." દેવવ્રતે વિચાર્યું, અડધો કલાકમાં તો તે ચાલતા ઘરે પહોંચી જશે. તેણે ડ્રાઈવરને કહ્યું, "કાકા, તમે ગાડી ઠીક કરો, હું ચાલતો ઘરે જાઉં છું." ડ્રાઈવરની "ના" છતાં દેવવ્રત મસ્તીથી ઘર તરફ ચાલવા લાગ્યો. અચાનક તેને રસ્તામાં જટાધારી, ભગવા વસ્ત્રો પહેરેલો, ખભે થેલો અને હાથમાં કમંડળ ગ્રહણ કરેલી વ્યક્તિ મળી. તેણે દેવવ્રતને ઊભો રાખી કહ્યું, "બચ્ચા, પ્રસાદી ખાયેગા, યે ભગવાન કી પ્રસાદી હૈ. પ્રસાદી ખાનેસે તુમ્હારા કલ્યાણ હોગા બચ્ચે." દેવવ્રત હંમેશાં જોતો કે, તેની માતા મંદિરમાં પૂજારી પાસેથી પ્રસાદી લેતી અને તેને ખવડાવતી હતી, તેથી તેને અહીં પણ પ્રસાદી લેવામાં કોઈ વાંધો ન હતો. તેણે હાથ ફેલાવીને પ્રસાદી લીધી અને ખાધી. ભગવા વેશધારી માણસ ચાલવા લાગ્યો. આ બાજુ ડ્રાઈવર ગાડી સરખી કરીને ઘરે પહોંચ્યો, તેને લાગ્યું, કે નાના શેઠ ઘરે પહોંચી ગયા હશે. દરરોજ કરતાં મોડું થયું હોવાથી યશોધરા આકુળ-વ્યાકુળ હતી, બગીચામાં આંટા મારી રહી હતી. ડ્રાઈવરને જોતા તેણે પૂછ્યું, "દેવવ્રત ક્યાં ?" ડ્રાઈવરે ગાડી ખરાબ થવાની ઘટના જણાવી અને કહ્યું, "નાના શેઠ અત્યાર સુધી ઘરમાં પહોંચી જવા જોઈતા હતા." યશોધરાને ચિંતા થઈ, તેણે શ્યામસુંદરને ઘરે પાછા ફરવાનો સંદેશો મોકલ્યો. શ્યામસુંદર તાબડતોડ ઘરે પહોંચ્યો અને યશોધરાને આ રીતે બોલવવા માટેનું કારણ પૂછ્યું. યશોધરાએ અશ્રુભીની આંખે ડ્રાઈવરે જણાવેલી હકીકત કહી. બંનેને લાગ્યું કે દેવવ્રત કંઈક મુસીબતમાં છે, તે ખોવાઈ ગયો છે. યશોધરા કલ્પાંત કરવા લાગી. શ્યામસુંદરે ગામના પોલીસ થાણામાંથી ઈન્સ્પેક્ટરને ઘરે બોલાવ્યા અને સમગ્ર હકીકત જણાવી. શ્યામસુંદરે પોતાના દીકરો હેમખેમ પાછા લાવવાની વિનંતી કરી. ઈન્સ્પેક્ટરે શ્યામસુંદરને

હૈયાધારણા આપી અને જણાવ્યું કે, તેઓ જલદીથી દેવવ્રતને શોધી કાઢશે. શ્યામસુંદર અને યશોધરા માટે એક-એક પળ એક-એક યુગ જેવી લાગતી હતી. ૨૦ દિવસ જેટલો સમય થઈ ગયો હતો, પરંતુ દેવવ્રતની હજી સુધી કોઈ ભાળ મળી ન હતી. યશોધરા હૈયાફાટ રુદન કરતી હતી અને બોલતી હતી, "ઈશ્વરે આપેલી પ્રસાદીને આ રીતે ઈશ્વર અમારાથી દૂર ન કરી શકે ઈશ્વર એટલો ક્રૂર નથી !"

આ બાજુ દેવવ્રત પેલા ભગવા વેશધારી માણસની પાછળ પાછળ ચાલ્યો જતો હતો. વેશધારી માણસ દેવવ્રતને રસ્તામાં કંઈક ખોરાક આપ્યા કરતો હતો. દેવવ્રત ભાન ભૂલીને તેની પાછળ કોઈ પણ પ્રકારનો પ્રશ્ન કર્યા વગર ચાલ્યો જતો હતો. વેશધારી માણસ દેવવ્રતને લઈને ચાલતા ચાલતા ગામથી દૂર જંગલમાં આવી ચડ્યો હતો. આ જંગલ સન્નારીના આશ્રમની નજીક હતું. સન્નારી પોતાના આશ્રમના નાનાં ભૂલકાંને લઈને જંગલમાં ફરી રહી હતી. તેની નજર વેશધારી માણસ અને દેવવ્રત પર પડી. આટલો સુંદર બાળક આ વેશધારી માણસ પાસે કેવી રીતે આવ્યો હશે ?" તે સન્નારી વિચારવા લાગી. તેણે સાધુવેશવાળા માણસને પૂછ્યું, "તારી પાસે આ બાળક કેવી રીતે આવ્યો ?" વેશધારી માણસ સંતોષકારક ઉત્તર ન આપી શકતા, સન્નારીને શંકા ઠરી. આશ્રમના માણસોએ ભગવાધારીને પકડી લીધો અને પોલીસને સુપરત કર્યો. દેવવ્રતને લઈને સન્નારી આશ્રમમાં આવી. પોલીસે દેવવ્રતને ઓળખી કાઢ્યો. શ્યામસુંદર તથા યશોધરાને આશ્રમમાં આવવા જણાવ્યું. યશોધરા અને શ્યામસુંદર તાબડતોડ આશ્રમ પહોંચી ગયા અને પોતાના પુત્રને જોઈને આનંદિત થઈ ઊઠ્યા. પરંતુ દેવવ્રતે પોતાના માતાપિતાને ઓળખવાનો ઈનકાર કર્યો. યશોધરા પર આ સાંભળતા જાણે વજ્રઘાત થયો ! સન્નારીએ બંનેને ધીરજ આપતા કહ્યું, "થોડા દિવસ આશ્રમમાં રોકાઈ જાઓ, સૌ સારું થઈ જશે." શ્યામસુંદર અને તેનો પરિવાર આશ્રમમાં રોકાઈ ગયો. આશ્રમના પાવન પરિસરમાં દેવવ્રત ધીમે ધીમે સારો થવા લાગ્યો. દેવવ્રતની સંપૂર્ણ યાદશક્તિ પાછી આવી ગઈ. સન્નારીના આશીર્વાદ લઈને ત્રણે પોતાને ગામ પાછા ફર્યા.

## સત્યનો અનાદર મોંઘો પડે છે

ખજાનો પ્રજા સામે ખુલ્લો કર્યો. પ્રજાએ વહેંચ્યો. પછી વિનોબાએ ભૂદાનના માધ્યમથી ઉપનિષદની વાતો કરી. હા, અંગ્રેજીમાં તેનાં ખૂબ પ્રવચનો કરાય છે. પણ તે તો બહુ ઓછા લોકોને પહોંચે છે. પહોંચાડવાનાં છે સામાન્ય પ્રજાને. તે તો સ્થાનિક ભાષામાં જ આપી શકાય. એટલે કથા કરવી હોય તો હકીકતે ઉપનિષદોની કરવાની છે જે માત્રને માત્ર એકતા-અદ્વૈતની જ વાત કરે છે. પ્રેમની-ક્ષમાની-વિશાળતાની જ વાત કરે છે.

તો, માત્ર તો જ, પ્રજાને સત્યનું જ્ઞાન થશે. ત્યારે સાચો ધર્મ શું છે તે સમજાશે. તો ખ્યાલ આવશે કે મોટા ભાગના લોકો તેમને ધર્મના નામે ઠગે જ છે. તેમનામાં વિભાજનની ભાવના ઊભી કરે છે. માત્ર સત્ય જ વ્યક્તિને મુક્ત કરે છે. આ જ્ઞાન મળ્યા પછી જ ખબર પડશે કે ગરીબી, ભૂખમરો - બધું માનવ સર્જિત છે. માનવીય નબળાઈઓ સ્વ-સર્જિત છે. હકીકતે તો બધા લોકો ઐશ્વર્ય ધરાવે છે. પરમ શક્તિશાળી છે. ધારે તે કરી શકે તેમ છે. પોતાની શક્તિનો મહત્તમ ઉપયોગ કરી સ્વસ્થ અને સુખી થઈ શકે છે.

આજ સુધી જે પછાતપણું, ગરીબી વગેરેનો પ્રજા ભોગ બની છે, તે કેવળને કેવળ જ્ઞાનને છુપાવી રાખવાને કારણે હતું. આજે પણ તે જ કારણ છે. પણ તો આ સાચું જ્ઞાન આપવામાં આવે, તો કાલે દેશ પરમ સમૃદ્ધ થઈ શકે તેમ છે. સુપર પાવર બની શકે તેમ છે. એક વ્યક્તિ અનુભૂતિ કરી શકે છે કે પોતે જ ભગવાન છે. પોતે સમર્થ છે.

એટલે જ ગીતા કહે છે કે 'જ્ઞાન જેવું કોઈ પવિત્ર નથી.'

સ્વાધ્યાયમાં પ્રમાદ ન રાખવો. બસ, આ એક જ વાક્ય યાદ રાખવાનું છે અને તેનો અમલ કરવાનો છે - મસ્તીથી જીવવા.

# નૈતિકતા - શીખવવાની નહીં, આચરણની પ્રક્રિયા

**વિઠ્ઠલ વઘાસિયા**
નીલકંઠ, ૩૮, ગુંજનપાર્ક, વિમલનગર મેઈન રોડ,
ઓફ કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.

સ્વામી વિવેકાનંદ મુજબ નૈતિક શિક્ષણ વ્યક્તિના આચરણને સદાચારી બનાવે છે. નૈતિકતા એ વ્યક્તિના જીવનનાં વિવિધ ક્ષેત્રે કેળવાતો એક અભિગમ છે. શિક્ષણ એવું હોવું જોઈએ જે વ્યક્તિના અભિગમ, લાગણીઓ અને ચારિત્ર્યને સાચી દિશા ચીંધી શકે. વ્યક્તિના જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને કાર્યક્ષમતાની સાથે વ્યક્તિ વિકાસને સંલગ્ન શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક, રાજકીય સાંસ્કૃતિક, નૈતિક અને આધ્યાત્મિક જેવા દરેક પાસાઓને આવરી લે એવું શિક્ષણનું પરિરૂપ હોવું જોઈએ. જેનો આધાર વિવિધ ધર્મોમાં સામ્યતા ધરાવતા નૈતિક મૂલ્યોની સામ્યતા પર હોય.

ડૉ. રાધાકૃષ્ણન, ગાંધીજી અને ટાગોર જેવા મહાપુરુષોએ એ વાત પર ભાર મૂક્યો કે શિક્ષણ એવું હોય જે વ્યકિત અને સમાજને નૈતિકતા થકી આધ્યાત્મિકતાના મૂલ્યો શીખવે. દરેક વ્યકિત એ વાત પ્રત્યે સભાન હોય કે તે પોતાની જાત માટે, તેના માતા-પિતા અને કુટુંબ માટે, પડોશી અને સમાજ માટે અને ઈશ્વર સામે ઉત્તરદાયી છે. સમાજસેવા, સંવેદનશીલતા, સહાનુભૂતિ, સાથ અને સહકારની ભાવના, બલિદાન અને સદાચારનો શિક્ષણમાં સમાવેશ થવો જોઈએ.

વ્યકિતના વિચારોની શિષ્ટતા યથાર્થ કામ કરવાની ક્ષમતા અને સહાનુભૂતિ જેવા ગુણો કેળવવા માટે શિક્ષણની કોઈ એક પદ્ધતિ પર અમલ કરવો ડહાપણ ભર્યો નથી. આમ તો નૈતિકતા એ શીખવવાની નહીં, પણ આચરણની પ્રક્રિયા છે. પરંતુ આ એવા સમાજમાં શક્ય છે જ્યાં સદાચાર, આચરણ અને શિષ્ટાચાર સમાજના આદર્શ હોય. સમાજના આગેવાનો અને કુટુંબના વ્યક્તિઓનું સદાચારી વલણ જોઈ બાળકો અને નવયુવાન પેઢીઓ તેને જીવનમાં ઉતારે. આપણે જાણીએ છીએ તેમ આ પરિસ્થિતિ ભાગ્યે જ જોવા મળે છે. એટલે આજે શિક્ષણ અને આચરણ બંનેની જરૂર છે.

આપણે ઉપર જોઈ ગયા તેમ નૈતિકતા એ શીખવવાની નહીં, પણ આચરણની પ્રક્રિયા છે. સૌ પ્રથમ તો બાળકનાં માતા-પિતાએ અને શિક્ષકોએ પોતાના વર્તન વ્યવહારમાં નૈતિક મૂલ્યો લાવવા પડશે. બાળકનાં વર્તન વ્યવહારમાં માબાપ અને શિક્ષકના વર્તન વ્યવહારની જબરી અસર સર્જાતી હોય છે. આથી બાળક જ્યારે ઘરમાં હાજર હોય ત્યારે તેની હાજરીમાં માતા-પિતા એ બોલવામાં અને વર્તન વ્યવહારમાં ખૂબ જ સાવધાની વર્તવી જરૂરી છે. 'બાળકને કંઈ ખબર ના પડે બાળક હજુ નાનું છે. 'એવી ધારણા રાખવી, એ ભીંત ભૂલવા બરોબર છે. બાળકને સત્ય બોલવાની શીખ આપવાનો આપણે આગ્રહ રાખીએ, પરંતુ બાળકની હાજરીમાં જ અનેક વખત જુઠાણું આચરીએ અને જો બાળક ખોટું બોલતા શીખે, તો આપણે કોને જવાબદાર ઠેરવીશું? નૈતિક મૂલ્યોના પાઠ બાળકના આચરણમાં ઉતારવા માટે ઘરનું વાતાવરણ શિષ્ટાચાર અને નૈતિક મૂલ્યોથી છલકાતું હોવું ઘટે છે. બાળક શાળાએ જાય ત્યારથી શિક્ષકના વર્તન વ્યવહારના પ્રભાવમાં આવતો હોય છે. આથી શાળામાં શિક્ષકોએ પણ વિદ્યાર્થીની હાજરીમાં પોતાના વર્તન વ્યવહારમાં ખૂબ જ જાગૃત રહેવું જોઈએ.

વિશ્વના વિકસિત દેશો જેવા કે જર્મન અને જાપાનની શાળાઓમાં ભારતના ઋષિમુનિઓના ફોટા જોવા મળે છે. ત્યાંની શાળાઓમાં પંચતંત્ર અને હિતોપદેશની વાર્તાઓનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિષ્ણુ ગુપ્તનું આ સર્જન જ નૈતિક

મૂલ્યોના પાઠ શીખવી શકે છે. આપણા દેશની કમનસીબી રહી છે, કે આવા નૈતિક મૂલ્યોનો બોધ આપતું શિક્ષણ આપણા સિલેબસમાં નથી. આ લખનારે જ્યારે પ્રાથમિક શિક્ષણ લીધું ત્યારે અભ્યાસક્રમમાં હિતોપદેશ અને પંચતંત્રની વાર્તાઓનો સમાવેશ કરવામાં આવતો હતો.

આપણા ધર્મગ્રંથો જ નીતિમત્તાના પાયારૂપ છે. કોઈ પણ બાળક જે કોઈ પણ ધર્મનો હોય તેને તેના ધર્મગ્રંથનો અભ્યાસ કરાવવો જોઈએ. જો એ હિંદુ ધર્મનો હોય તો તેને વેદ, ઉપનિષદ, ગીતા અને રામાયણનો અભ્યાસ કરાવવો જોઈએ. જો એ મુસ્લિમ હોય તો કુરાન એ શરીફનો અભ્યાસ કરાવવો જોઈએ. જો એ ખ્રિસ્તી હોય તો બાઈબલનો અભ્યાસ કરાવવો જોઈએ. અને જો એ શીખ હોય તો તેને ગુરુ ગ્રંથ સાહેબનો અભ્યાસ કરાવવો જોઈએ. આમ કરવાથી બાળકના જીવનમાં નાનપણથી જ પોતાના ધર્મના નૈતિક મૂલ્યોની સમજણ પડવા લાગશે. આમ થવાથી બાળક દેશનું ઉજ્જવળ નાગરિક નહીં, બલકે શ્રેષ્ઠ સંતાન પણ બનશે. વિશ્વના કોઈપણ ધર્મગ્રંથ ક્યારેય કોઈને નીતિ વિરુદ્ધનું શીખવતા નથી. દરેક ધર્મગ્રંથોએ હંમેશાં દરેકનાં જીવનમાં મૂલ્યોનો વિકાસ કેમ થાય એ જ શીખવ્યું છે.

રહી વાત આ ધર્મગ્રંથોનો પરિચય શાળા કક્ષાએ કરવામાં આવે તો ઉત્તમ અને અપેક્ષિત ગણી શકાય, પરંતુ માની લઈએ કે એ શક્ય નથી, તો માતા-પિતા પણ ઘરમાં બાળકને પોતાના ધર્મગ્રંથો વિશે અવગત કરીને નૈતિકતાના પાઠ શીખવી શકે.

આજે ભારતમાં સાક્ષરતાનો દર સંતોષકારક છે. પરંતુ આપણી સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક જીવનની અવ્યવસ્થાએ દેશમાં અશાંતિનું વાતાવરણ ઊભું કરી દીધું છે. દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે કોમવાદ, વ્યભિચાર, બળાત્કાર, ભેળસેળ, લૂંટમાર, ચોરી, હત્યા, બાળશોષણ, ભ્રષ્ટાચાર અને બીજી અસામાજિક પ્રવૃત્તિઓમાં કહેવાતા શિક્ષિત લોકો જ મોખરે છે. આતંકવાદના ઓથે આતંકવાદ આચરનારા અભણ માણસો નથી. એ બધા ડિગ્રીધારી જ છે. નકલી નોટ છાપનાર કે નકલી ખાદ્ય ચીજવસ્તુઓના ઉત્પાદકો ભણેલા ગણેલા જ છે. દર્દીઓના અવયવો કાઢી લઈ વેચી નાખનારા કે કોરોના કાળની મહામારીમાં મેડિકલ સાધનોની અછત ઊભી કરી, દર્દીઓને લૂંટનારા ડૉક્ટરો મેડિકલ સાયન્સના ઉચ્ચ પદવીધારીઓ જ છે. નબળા રોડ-રસ્તા, મકાન, ઇમારત બનાવી ભ્રષ્ટાચાર આચરનારા એન્જિનિયરો પાસે પૂરતું ટેકનિકલ જ્ઞાન છે જ. તેમ છતાં આવું કેમ થાય છે ?

આ બધા લોકોએ માત્ર વિદ્યા જ મેળવી છે. સદ્‌વિદ્યા નથી મેળવી. બ્રહ્મવિદ્યા નથી મેળવી. જો આ લોકોને બાળપણમાં ઘરમાં તેમના માતા-પિતા દ્વારા સદ્‌વિદ્યા કે બ્રહ્મવિદ્યા મળી હોત કે પછી શાળામાં શિક્ષક પાસેથી મૂલ્ય શિક્ષણના પાઠ ભણવા મળ્યા હોત તો તે ઉપર વર્ણવ્યા મુજબનું એક પણ અનૈતિક કામ કરવા ક્યારે ય ન પ્રેરાત. એવું અઘટિત કામ કરતા તેમનો આત્મા ચોક્કસ ડંખ્યો હોત.

રાજાશાહી શાસનનો એક કિસ્સો છે : ભાવનગરમાં એક વખત મોટી આગ લાગી. અને એણે ભયંકર સ્વરૂપ લીધું. પાસે જ દરબારગઢ હતો. આગ શમાવવા દરબાર ગઢની ભીંતો તોડી પાડવા માટે તોપો લાવવામાં આવી. તોપના બે ત્રણ ભડાકા કર્યા, પણ ભીંતે મચક ના આપી. ત્યાં આગળ પીતાંબર મિસ્ત્રી ઊભા હતા. એમણે ભાવનગરના દીવાનને કહ્યું, 'પટણી સાહેબ ! મારા બાપા પોચા મિસ્ત્રીની ચણેલી ભીંત છે. તોપથી નહીં તૂટે.' પોચા મિસ્ત્રીનો દીકરો છાતી ઠોકીને પોતાના બાપ માટે વેણ કાઢી શક્યો, તેવા વેણ કોઈ શિક્ષક આત્મવિશ્વાસથી પોતાના વિદ્યાર્થી માટે કાઢી શકે ખરો ?

'એ વિદ્યાર્થીને મેં ભણાવ્યો છે, એ કદી ભ્રષ્ટાચાર ન કરે.'

કોઈ મા બાપ કહી શકે ખરો ?

'એ મારું સંતાન છે, એ ભ્રષ્ટાચાર ન કરી શકે.'


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

- **ધો. ૧૦ના બેઝિક ગણિતનું અલગ પ્રશ્નપત્ર પરિરૂપ બોર્ડ જાહેર કર્યું :** ધો. ૧૦ની આગામી બોર્ડ પરીક્ષામાં બેઝિક ગણિત માટેનું અલગ પ્રશ્નપત્ર પરિરૂપ રહેશે. સ્કૂલોએ જૂના પરિપત્ર મુજબ પ્રથમ સત્રની પરીક્ષા પણ લઈ લીધી છે.

  ગયા વર્ષે પ્રથમવાર બેઝિક અને સ્ટાન્ડર્ડ ગણિતની અલગ અલગ પરીક્ષાઓ લેવાઈ હતી. ગયા વર્ષે કોરોનાને લીધે હેતુલક્ષી પ્રશ્નો ૩૦ ગુણના રાખવામાં આવ્યા હતા. ધો. ૧૦-૧૨ની આગામી બોર્ડ પરીક્ષા ૨૦૧૯-૨૦થી અમલી થયેલી પરીક્ષા મુજબ લેવાનાર છે. જેમાં ધો. ૧૦નું સ્ટાન્ડર્ડ ગણિત પેપર અગાઉ લેવાતી પરીક્ષાઓ મુજબનું જ રહેશે. જ્યારે બેઝિક ગણિત માટે અલગ પ્રશ્નપત્ર પરિરૂપ જાહેર કરાયું છે. જેમાં ૧૬ ગુણના ૧૬ હેતુલક્ષી પ્રશ્નો રહેશે. ૨૦ ગુણના ૧૦ જવાબી ટૂંકા પ્રશ્નો, ૨૪ ગુણના આઠ ટૂંકા જવાબી પ્રશ્નો રહેશે. કુલ ૮૦ ગુણના ૩૯ પ્રશ્નો રહેશે.

- **સ્કૂલ લિવિંગ સર્ટિ.માં ભૂલ હોય તો શાળાએ સુધારી આપવી પડે :** સ્કૂલ લિવિંગ સર્ટિ.માં જો શાળાએ કોઈ ભૂલચૂક કરી હોય તો તે સુધારવાની શાળાની ફરજ છે. એમ ગુજરાત હાઈકોર્ટે એક આદેશમાં ઠરાવ્યું છે. અમદાવાદ શહેરની એક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીના સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં સુધારો કરી આપવા કરાયેલા હુકમમાં હાઈકોર્ટે આ મુજબ ઠરાવ્યું હતું.

- **સંસ્કૃત પાઠશાળાઓમાં હવે ધો. ૬થી અભ્યાસ - ૧૦ નવા ગુરુકુળ શરૂ થશે :** ગુજરાતમાં આવેલી સંસ્કૃત પાઠશાળાઓની સંખ્યા વધારવા તેમજ સ્કૂલોમાં કક્ષા-ધોરણ વધારવા માટે સરકારે નવી નીતિ જાહેર કરી છે. જે અંતર્ગત હવે સંસ્કૃત શાળાઓમાં ધોરણ ૬થી અભ્યાસ શરૂ થશે. જ્યારે સ્નાતક (શાસ્ત્રી) અનુસ્નાતક (આચાર્ય) અને બી.એડ્. (શિક્ષાશાસ્ત્રી) માટેનું અલાયદું શિક્ષણકાર્ય પણ સંસ્કૃત શાળાઓમાં અપાશે. જે માટે અલગથી મંજૂરી લેવાની રહેશે. આ ઉપરાંત પબ્લિક પાર્ટનરશીપ હેઠળ રાજ્યમાં ૧૦ નવી સંસ્કૃત ગુરુકુળોને માન્યતા આપવા માટેનો પણ શિક્ષણ વિભાગે ઠરાવ કર્યો છે.

  અંદાજે ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓને ધો. ૧૨ સુધીનું સંસ્કૃત નિઃશુલ્ક અપાશે. આ ગુરુકુળો માટે સરકારે ૨.૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. નવી નીતિ અંતર્ગત ધો. ૬થી ૮ માટે લઘુતમ ૫૦ અને મહત્તમ ૭૫ તથા ધોરણ ૯થી ૧૦ માટે લઘુતમ ૩૫ અને મહત્તમ ૫૦ તથા ધોરણ ૧૧થી ૧૨ માટે લઘુતમ ૩૫ અને મહત્તમ ૫૦ વિદ્યાર્થી સંખ્યા નક્કી કરવામાં આવી છે.

  બોર્ડે તૈયાર કરેલ સંસ્કૃત સંભાષણ પ્રશિક્ષણના આધારે ૧૦૦ ગુણની કસોટી લેવાશે. સંસ્કૃત સ્કૂલના આચાર્ય, ડીઈઓ કે તેના પ્રતિનિધિ, ડીપીઓ કે તેના પ્રતિનિધિ સહિતના ત્રણ સભ્યોની કમિટી દ્વારા પ્રવેશ કાર્યવાહી થશે.

  ધો. ૬થી ૮ માટેનો અભ્યાસક્રમ અને પરીક્ષા માળખું જીસીઈઆરટી મુજબનું તથા ૯થી ૧૨ માટેનો અભ્યાસક્રમ અને પરીક્ષા માળખું ગુજરાત શિક્ષણ બોર્ડ મુજબનું રહેશે. જોકે આ તમામ માટે સંસ્કૃત બોર્ડ સાથે પરામર્શ કરવાનો રહેશે.

- **ગુજરાતમાં નવી અઢાર ફાર્મસી કૉલેજોના ૨૫ કોર્સને મંજૂરી આપવામાં આવી :** ધો. ૧૨ સાયન્સ પછીના ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં નવી ૧૮ ફાર્મસી કૉલેજો - ૨૫ કોર્સને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે મંજૂરી આપવામાં આવી છે. આ નવી કૉલેજો - કોર્સિસ સાથે ગુજરાતમાં ફાર્મસીની ૧૫૦૦ બેઠકો વધી છે. આ અઢાર કૉલેજોમાં પાંચ કૉલેજો જીટીયુ હેઠળ છે અને બાકીની કૉલેજો આઠ ખાનગી યુનિવર્સિટીઓની છે.

  આ અઢાર કૉલેજોમાં બી.ફાર્મ અને ડી.ફાર્મના કુલ ૨૫ કોર્સને મંજૂરી અપાઈ છે. અઢાર કૉલેજોમાંથી સાત કૉલેજો એવી છે કે જેઓને બી.ફાર્મ સાથે ડી.ફાર્મની પણ મંજૂરી અપાઈ છે અને બાકીની કૉલેજોને માત્ર બી.ફાર્મની જ મંજૂરી અપાઈ છે. દરેક બી.ફાર્મ, ડી.ફાર્મ કોર્સમાં ૬૦ ૬૦ બેઠકો માટે મંજૂરી અપાતાં ગુજરાતમાં ફાર્મસીની ૧૫૦૦ બેઠકો વધી છે.

- **ઈજનેરી તબીબીના અભ્યાસક્રમો ગુજરાતીમાં તૈયાર કરવા સમિતિ :** ગુજરાતમાં વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ શિક્ષણ મેળવી પોતાની કારકિર્દી ઘડી શકે એ માટે સરકાર દ્વારા અમલી નવી શિક્ષણ નીતિ અંતર્ગત ઈજનેરી, તબીબી અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો માતૃભાષા ગુજરાતીમાં તૈયાર કરવા માટે સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ફોરેન્સિક સાયન્સના કુલપતિ જે. એમ. વ્યાસની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિમાં કુલપતિઓ અને શિક્ષણવિદોને સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

  ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન દ્વારા વ્યવસાયિક અભ્યાસક્રમોનો ગુજરાતીમાં અનુવાદ કરવા માટે માનદ્ વેતન આપવામાં આવે છે. આ માટે રાજ્ય સરકારે ચાલુ વર્ષના બજેટમાં નવી બાબત હેઠળ ઈજનેરીનાં પુસ્તકોનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવા માટે ૫૦ લાખની ફાળવણી પણ કરી છે. જેની કામગીરી ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીને સોંપવામાં આવી છે.

- **રિપિટર વિદ્યાર્થીઓ સાથે વર્ષે બોર્ડના ૨થી ૩ લાખ વિદ્યાર્થી વધશે :** ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડ પરીક્ષામાં આ વર્ષે રિપિટર વિદ્યાર્થીઓ સાથે ૨થી ૩ લાખ વિદ્યાર્થીઓ વધવાની શક્યતા છે. કારણ કે માર્ચ-૨૦૨૧ની બોર્ડ પરીક્ષામાં કોરોનાને લીધે માસપ્રમોશન અપાયા બાદ માર્ચ-૨૦૨૨ની બોર્ડ પરીક્ષામાં રિપિટરો વધ્યા હતા.

  આ વર્ષે ગયા વર્ષના નાપાસ અને તે પહેલાના નાપાસ સહિતના રિપિટર વિદ્યાર્થીઓ તેમજ પ્રાઈવેટ વિદ્યાર્થીઓ સાથે ધોરણ ૧૦માં ૧૦.૫૦ લાખથી વધુ વિદ્યાર્થી નોંધાવાની શક્યતા છે. જ્યારે ધોરણ ૧૨ સાયન્સમાં પણ ૧.૪૦ લાખ આસપાસ વિદ્યાર્થી નોંધાય તેવી શક્યતા છે.

**ટૂંકાવીને...**

- ગુજરાતમાં નવી સરકાર દ્વારા સ્કૂલ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ અલગ-અલગ કરાયું.
- મેડિકલ અને ઉચ્ચ ટેક્નિકલ શિક્ષણ હવે એક જ મંત્રી હેઠળ.
- શ્રી ઋષિકેશ પટેલને આરોગ્ય પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો ન્યાયતંત્ર અને સંસદીય બાબતોનું ખાતું સોંપાયું.
- ડૉ. કુબેર ડીંડોરને આદિજાતિ વિકાસનું પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું ખાતું આપવામાં આવ્યું.
- GTUની ડિગ્રી લેનારા આ વર્ષે ૪૫ હજાર વિદ્યાર્થી.
- બે આયુર્વેદ અને ચાર હોમિયોપેથી સહિત છ કોલેજોને મંજૂરી.
- ઈજનેરીમાં બીજા વર્ષે બ્રાન્ચ બદલી શકાશે.



સરસ્વતી વિધામંડળના સંગીત શિક્ષકો શ્રી ભરતભાઈ ઉપાધ્યાય અને શ્રી હરિદાસ ગાંધર્વ તેમજ શાંતીકુમાર કોઠારી વિધાલયની વિધાર્થીનીઓ દ્વારા "સરદાર ગાથા" કાર્યક્રમ જશીબેન શિક્ષણ સંકુલ અસારવા અને રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ સરસપુરમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે, શ્રી સજુભા ઝાલા અને શ્રી દિલીપસિંહ સોલંકી તથા દરેક શાળાના આચાર્યો, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.








સરસ્વતી વિધામંડળની શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય અને સરસ્વતી કુમારશાળા નં. ૧ માં વિજ્ઞાન પ્રોજેક્ટનો એક પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓએ વિજ્ઞાન કોર્ડિનેટર અશ્વિનભાઈ પ્રજાપતિ સાથે સંવાદ યોજ્યો હતો. તેમણે ખૂબ જ સરળતાથી માહિતી પૂરી પાડી હતી.

ઘરશાળા
જાન્યુઆરી-૨૦૨૩
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૧૫/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# કરુણા કરંતા



હે મારા સ્વામી ! હું તે તારું કયું સ્વરૂપ સંભારું ને કયું ન સંભારું ? જ્યારે મારું હૃદય કઠોર ને શૂન્ય બને છે, ત્યારે તું દયાની વૃત્તિરૂપે પ્રગટે છે !

જ્યારે જીવનમાંથી હું રસ ખોઈ બેસું છું, ત્યારે તું કોઈ મધુર ગીતાવલીના સરોદરૂપે, મારા અંતરને જગાડી જાય છે. જયારે કામની અસાંખ્ય ધમાલોથી હું આકુળ વ્યાકુળ બની જાઉં છું. ત્યારે તું મારી પાંપણ ઉપર બેસીને જરાક નિદ્રાઘેનની મોહિની બંસી છેડી મને આરામ આપી જાય છે !

કોઈ વખત મારું ભીરુ કંગાળ હૃદય કોઈ એક અંધારા ખૂણામાં રાંકની જેમ સાવ નિર્માલ્ય બનીને ટૂંટિયું વાળી બેસી જાય છે, ત્યારે તું હે મારા રાજા ! કોઈ મહાન નૃપતિની અદાથી, એકદમ બારણું ખોલીને પ્રવેશે છે અને મારી પેલી રાંકડી ક્ષુદ્રતા કોણ જાણે ક્યાં ભાગી જાય છે !

અને જ્યારે અદમ્ય કામનાનો ઘેરો અંધકાર મારા મન-આકાશને વીંટળાઈ વળે છે ત્યારે હે પવિત્ર ! તું વીજળી લઈને મારી પાસે આવે છે ! હું તે તને, હે મારા નાથ ! ક્યે સ્વરૂપે પિછાનું ને ક્યે સ્વરૂપે ન પિછાનું ?

- રવીન્દ્રનાથ ઠાકુર (ગીતાંજલિમાંથી)



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.